# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
કરીના કપૂર અને બિપાશા સેટ પર ઝઘડતાં હતાં...



પેજ-09
યશસ્વી વિદર્ભ સામે રણજી સેમિ ફાઈનલમાં રમી શકે

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 19.00 |
| વડોદરા | 32.00 | 18.00 |
| સુરત | 33.00 | 20.00 |




પેજ 5 — યુનિફાઈડ પેન્શન સ્કીમ 1લી એપ્રિલથી થશે લાગુ

16 FEBRUARY-2025 SUNDAY

કોણ છે પાકિસ્તાની બિઝનેસમેન જેને ટ્રમ્પ ભારત મોકલશે — પેજ 10



.....સુવિચાર.....
માનવ હૃદયમાં શ્રેષ્ઠતા અને પ્રતિભા છે, પરંતુ તે માત્ર યોગ્ય શિક્ષણથી જ પ્રગટ થાય છે.


વર્ષ-14 । અંક-089 । વિક્રમ સંવત-2081 । મહા સુદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# મહાકુંભમાં ફરી આગ લાગી, ઘણા ટેન્ટ બળી ગયા

**ભીડના કારણે ફાયર બ્રિગેડના વાહનોને ઘટનાસ્થળે પહોંચવામાં મોડું થયું**

## 28 દિવસમાં ચોથી ઘટના બની : સેક્ટર 18-19 વચ્ચેના અનેક પંડાલો આગની ઝપેટમાં

(એજન્સી) પ્રયાગરાજ । તા. 15

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહા કુંભ મેળાના સેક્ટર 18 અને 19 વચ્ચે શ્રી રામ ચરિત માનસ સેવા પ્રવચન મંડળના કેમ્પના પંડાલોમાં શનિવારે સાંજે 6 વાગ્યે આગ લાગી હતી. માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ઘણી ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ. અડધા કલાકમાં આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. હાલમાં આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. મેળામાં ભારે ભીડ હોવાથી, ફાયર બ્રિગેડના વાહનો ઘટનાસ્થળે પહોંચવામાં મોડું થયું. પ્રયાગરાજમાં યોજાઈ રહેલા મહાકુંભ મેળાના સેક્ટર 18 અને 19 વચ્ચે અનેક પંડાલોમાં આગ લાગી હોવાનો વિગતો સામે આવી છે



**7 ફેબ્રુઆરીએ સેક્ટર-18માં શિબિરમાં લાગી હતી આગ :** ઉલ્લેખનીય છે કે, આ પહેલા પણ મહાકુંભ મેળા દરમિયાન આગની ત્રણ ઘટના બની હતી. સાતમી ફેબ્રુઆરીના રોજ સેક્ટર-18માં શંકરાચાર્ય માર્ગ પરની એક શિબિરમાં આગ લાગી હતી, જેમાં અનેક ટેન્ટ બળીને ખાક થઈ ગયા હતા. રાહતની વાત એ છે કે, આ ઘટનામાં કોઈપણ મોટી જાનહાની સર્જાઈ ન હતી.

**9 ફેબ્રુઆરીએ સેક્ટર-23માં આગ :** 9 ફેબ્રુઆરીએ અરેલ તરફના સેક્ટર-23માં રાત્રે આગ લાગી હતી. ત્યારબાદ ઘટના સ્થળે પહોંચી ફાયર બ્રિગેડની ટીમે તુરંત આગ પર કાબુ મેળવી લીધો હતો. પોલીસ તપાસમાં ગેસ સિલિન્ડરના કારણે આગ લાગી હોવાનું સામે આવ્યું છે. પ્રારંભિક રિપોર્ટ મુજબ મહારાજા ભોગ નામની ખાણી-પીણીની દુકાનમાં આગ લાગી હતી, ત્યારબાદ આગ અનેક પંડાલોમાં ફેલાઈ ગઈ હતી.

**19 અને 30 જાન્યુઆરીએ લાગી હતી આગ :** ત્યારબાદ મહાકુંભના સેક્ટર-23માં પણ આગની ઘટના બની હતી, જેમાં 15 ટેન્ટ આગમાં ખાક થઈ ગયા હતા. આ પહેલા 19 જાન્યુઆરીએ સેક્ટર-19માં પણ આગ લાગી હતી, જેમાં લગભગ 18 શિબિર બળીને ખાક થઈ ગયા હતા.

# દિલ્હીમાં પરાજય બાદ AAPમાં પક્ષપલટો શરુ, MCDના 3 કાઉન્સિલરના ભાજપમાં કેસરિયા

## હવે બંને પક્ષો વચ્ચે માત્ર 3 બેઠકોનો તફાવત, એપ્રિલમાં મેયરની ચૂંટણી

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

વિધાનસભા ચૂંટણીમાં જીત બાદ, ભાજપ હવે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD)માં પણ સરકાર બનાવી શકે છે. શનિવારે આમ આદમી પાર્ટીના ત્રણ કાઉન્સિલરો ભાજપમાં જોડાયા છે. ભાજપમાં જોડાનારાઓમાં એન્ડ્રુઝ ગંજના કાઉન્સિલર અનિતા બસોયા, આરકે પુરમના કાઉન્સિલર ધર્મવીર અને છપરાના કાઉન્સિલર નિખિલનો સમાવેશ થાય છે. ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ તેમને પક્ષમાં સામેલ કર્યા હતા. 3 કાઉન્સિલરો ઉપરાંત, AAP નેતાઓ પણ ભાજપમાં સામેલ છે. સંદીપ બસોયા પણ ભાજપમાં જોડાયા. તેઓ AAPના ભૂતપૂર્વ નવી દિલ્હી જિલ્લા પ્રમુખ છે. તેમના ઘણા સમર્થકો પણ ભાજપમાં જોડાયા હતા. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં હાર્યા બાદ આમ આદમી પાર્ટીને શનિવારે મોટો ઝટકો લાગ્યો.




**ભાજપ અધ્યક્ષે આપી માહિતી :** દિલ્હી ભાજપના અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે અનિતા બસોયા વૉર્ડ 145 એન્ડ્રયૂઝ ગંજથી આપ કાઉન્સિલર હતી જ્યારે નિખિલ હરિનગર વૉર્ડ 183થી કાઉન્સિલર હતા. બંને ભાજપમાં જોડાઈ ગયા છે. આ ઉપરાંત આરકેપુરમ વૉર્ડના કાઉન્સિલર ધર્મવીર સિંહ પણ ભાજપમાં જોડાઈ ગયા હતા. બંનેની સાથે સંદીપ બસોયા પણ ભાજપમાં સામેલ થઈ ગયા છે જે આમ આદમી પાર્ટી, નવી દિલ્હીના જિલ્લાધ્યક્ષ રહી ચૂક્યા છે. ચૂંટણી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD) ના મેયરની ચૂંટણી આ વર્ષે એપ્રિલમાં યોજાવાની છે. છેલ્લી ચૂંટણી નવેમ્બર 2024માં યોજાઈ હતી. જોકે, કાર્યકાળ ફક્ત 5 મહિનાનો છે. ત્યારે AAPના મહેશ ખિંચીએ ભાજપના કિશન લાલને માત્ર 3 મતોથી હરાવ્યા હતા.

### MCDમાં નંબર ગેમમાં કોણ આગળ છે?

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કુલ 250 કાઉન્સિલર બેઠકો છે. આમાંથી 11 કાઉન્સિલરો સાંસદ અને ધારાસભ્ય બન્યા છે. આ રીતે, હવે કાઉન્સિલરોની સંખ્યા 239 બાકી છે. જેમાંથી 119 સત્તાધારી આમ આદમી પાર્ટીના છે જ્યારે 113 ભાજપના છે. જ્યારે 7 કાઉન્સિલર કોંગ્રેસના છે. વધુ 3 કાઉન્સિલરોના ગયા પછી, AAP ની સંખ્યા ઘટીને 116 થઈ ગઈ છે, એટલે કે ભાજપ સાથે તેનો તફાવત ઘટીને ફક્ત 3 બેઠકોનો થઈ ગયો છે. આમ આદમી પાર્ટીના ઘણા કાઉન્સિલરો ભાજપમાં જોડાતા, એ નક્કી થઈ ગયું છે કે ભાજપ દિલ્હીમાં ટ્રિપલ એન્જિન સરકાર બનાવશે. દિલ્હી વિધાનસભા પછી, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સત્તા પરિવર્તન થશે તે નિશ્ચિત છે.

# દુર્ભાગ્યથી મોદી સમજવામાં નિષ્ફળ રહ્યા, માત્ર વાતોથી કંઈ નહીં થાય : રાહુલ ગાંધી

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસ સાંસદે કહ્યું કે, 'ભારતમાં પ્રતિભા છે, પરંતુ યુવાનોને રોજગારી પૂરી પાડવા માટે નવી ટેક્નોલૉજીમાં ઔદ્યોગિક કૌશલ્યો વિકસિત કરવાની જરૂર છે.' રાહુલ ગાંધીએ શનિવારે X પર એક પોસ્ટમાં હાઈલાઈટ કર્યું કે ચીને કેવી રીતે ડ્રોન બનાવવાનું શરુ કર્યું છે જે સમગ્ર વિશ્વમાં યુદ્ધમાં ક્રાંતિ લાવી રહ્યું છે. તેમણે કહ્યું કે, 'ભારતે આ ક્ષેત્રમાં સ્પર્ધાત્મક બનવા માટે વ્યૂહરચના વિકસાવવાની જરૂર છે.'



**રાહુલ ગાંધીનો પીએમ મોદી પર કટાક્ષ :** મોદી પર કટાક્ષ કરતાં તેમણે કહ્યું કે, 'આ માત્ર એક ટૅક્નોલૉજી નથી. આ એક મજબૂત ઔદ્યોગિક પ્રણાલીની મદદથી થઈ રહેલી નવીનતા દર્શાવે છે. પીએમ મોદી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર 'ટેલિપ્રોમ્પ્ટર'નો ઉપયોગ કરીને ભાષણ આપે છે પરંતુ તેમને આ વસ્તુ સમજાતી નથી.

**નવી ટૅક્નોલૉજીના ઉત્પાદન માટે ભારતને સ્પષ્ટ વિઝનની જરૂર :** કોંગ્રેસના નેતાએ કહ્યું કે, 'ડ્રોને યુદ્ધમાં ક્રાંતિ લાવી છે, બેટરી, મોટર્સ અને ઓપ્ટિક્સને સંયોજિત કરીને યુદ્ધક્ષેત્રમાં ચાલાકી અને સંદેશાવ્યવહારને અભૂતપૂર્વ રીતે સક્ષમ કરી શકાય છે. તુ ડ્રોન માત્ર એક ટૅક્નોલૉજી નથી, તે એક મજબૂત ઔદ્યોગિક પ્રણાલી દ્વારા ઉત્પાદિત બોટમ-અપ ઈનોવેશન છે.'

**ભારતમાં મજબૂત ઔદ્યોગિક વ્યવસ્થાની જરૂર છે :** ચીનનું નામ લેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'આપણા પ્રતિસ્પર્ધીઓ નવી ટૅક્નોલૉજીમાં નિપુણતા મેળવી રહ્યા છે અને આપણી સરકાર પાસે તમામ સંસાધનો હોવા છતાં આ મામલે કંઈ નથી કરી રહી.' તેમણે કહ્યું, 'ભારતને ખાલી ભાષણોની જરૂર નથી પરંતુ મજબૂત ઔદ્યોગિક વ્યવસ્થાની જરૂર છે. ભારતમાં અપાર પ્રતિભા છે. આપણા યુવાનો આ ડ્રોનના તમામ કોમ્પોનન્ટ બનાવી શકે છે. આપણા યુવાનોને રોજગારી આપવા અને ભારતને ભવિષ્ય તરફ લઈ જવા માટે આપણી પાસે સ્પષ્ટ વિઝન હોવું જોઈએ અને ભારતમાં જ આવી નવીનતાઓ બનાવવાનું શરુ કરવું જોઈએ.'

**સોશિયલ મીડિયા પર વીડિયો જાહેર કર્યો**

# આતંકવાદી પન્નુએ ફરી એકવાર પંજાબમાં ખાલિસ્તાનના સમર્થનમાં પોસ્ટરો લગાવ્યા

(એજન્સી) નાકોદર । તા. 15

ભારતમાં પ્રતિબંધિત સંગઠન શીખ ફોર જસ્ટિસ (SFJ)ના ચીફ ગુરપતવંત સિંહ પન્નુએ ફરી એકવાર પંજાબમાં ખાલિસ્તાનના સમર્થનમાં પોસ્ટરો લગાવ્યા છે. આ પોસ્ટરો પંજાબના નકોદરમાં 4 સ્થળોએ લગાવવામાં આવ્યા છે. આતંકવાદી પન્નુએ આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો છે અને તેમાં મુખ્યમંત્રી ભગવંત માનને ધમકી પણ આપી છે. આતંકવાદી પન્નુ દ્વારા વાયરલ કરવામાં આવેલા વીડિયોમાં કહેવામાં આવ્યું છે કે જલંધરના નાકોદર શહેરમાં 4 સ્થળોએ ખાલિસ્તાની પોસ્ટર લગાવવામાં આવ્યા છે. ઘણા સમય પછી, આ આતંકવાદી સંગઠને પોસ્ટરોનો ઉપયોગ કર્યો છે.



**નકોદરમાં 4 જગ્યાએ પોસ્ટર લગાવવામાં આવ્યા હતા :** આતંકવાદી પન્નુ દ્વારા જાહેર કરાયેલા વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે તેના સાગરીતોએ ચાર જગ્યાએ પોસ્ટર લગાવ્યા છે. વીડિયોમાં પન્નુએ કહ્યું કે આ ખાલિસ્તાની પોસ્ટરો પંજાબમાં એવા સમયે લગાવવામાં આવ્યા છે, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરી છે.

### સીએમ ભગવંત માનને ધમકી આપી

આતંકવાદી પન્નુએ પોતાના વીડિયોમાં સીએમ ભગવંત માનને પણ ધમકી આપી છે. વીડિયોમાં, આતંકવાદી પન્નુએ કહ્યું કે તેની રાજકીય યાત્રાનો અંત સતોજ ગામથી શરૂ થયો છે. તેમણે પૂર્વ મુખ્યમંત્રી બિઅંત સિંહને યાદ કરવા જોઈએ. જે લોકો ખાલિસ્તાનના પોસ્ટર લગાવી શકે છે તેઓ હથિયાર પણ ઉઠાવી શકે છે.

## છત્તીસગઢમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસના સૂપડાં સાફ

**10 નગર નિગમમાં કમળ ખીલ્યું**

(એજન્સી) રાયપુર । તા. 15

છત્તીસગઢમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કેસરિયો લહેરાયો છે. ભાજપે તમામ 10 નગર પાલિકામાં મેયર પદની ચૂંટણી જીતી લીધી છે. સૌથી મોટી જીત રાયપુરમાં મીનલ ચૌબેને મળી છે. મીનલ ચૌબેએ 1 લાખ 53 હજારથી વધુ મતથી દિપ્તિ દુબેને હરાવ્યા છે. રાયપુરમાં આ અત્યાર સુધીની સૌથી મોટી જીત છે. રાયપુરમાં 15 વર્ષ સુધી કોંગ્રેસના મેયર હતા. આ સિવાય દુર્ગ, રાજનાંદગાંવ, બિલાસપુર, જગદલપુર, અંબિકાપુર, રાયગઢ, ચિરમિરિના નગર પાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના સૂપડાં સાફ થઈ ગયાં છે. રાજનાંદગાંવ નગર પાલિકામાં મેયર પદ માટે થયેલી ચૂંટણીમાં ભાજપના મધુસુદન યાદવે જીત મેળવી છે. ચૂંટણીમાં મધુસુદનને કુલ 62,517 મત મળ્યા છે. જ્યારે નિખિલ દ્વિવેદીને કુલ 21,379 મત મળ્યા છે. મધુસુદન યાદવે કોંગ્રેસના નિખિલ દ્વિવેદીને 41,138 મતોથી હરાવ્યા છે.

# મહારાષ્ટ્ર લવ જેહાદ વિરુદ્ધ કાયદો લાવવાની તૈયારીમાં

## 7 સભ્યોની પેનલ બનાવી : અન્ય રાજ્યોના કાયદાઓનો અભ્યાસ કરશે અને સરકારને સૂચનો આપશે

(એજન્સી) મુંબઈ । તા. 15

મહારાષ્ટ્રની ભાજપ સરકારે લવ જેહાદ અને બળજબરીથી ધર્માંતરણ જેવા કેસ સામે કાયદો બનાવવા માટે 7 સભ્યોની સમિતિની રચના કરી છે. મહારાષ્ટ્રના ડીજીપી સંજય વર્માના અધ્યક્ષતામાં આ સમિતિની રચના કરવામાં આવી છે. આ પેનલમાં મહિલા અને બાળ કલ્યાણ, લઘુમતી બાબતો, કાયદો અને ન્યાયતંત્ર, સામાજિક ન્યાય, વિશેષ સહાય અને ગૃહ જેવા મુખ્ય વિભાગોના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે. આ સમિતિ બળજબરીથી ધર્માંતરણ અને લવ જેહાદની ફરિયાદોનો સામનો કેવી રીતે કરવો તે સૂચવશે. આ ઉપરાંત તે અન્ય રાજ્યોમાં લાગુ કાયદાઓનો અભ્યાસ કરશે અને તેના આધારે કાનૂની સલાહ આપશે.



### કાયદામાં કેટલા વર્ષની સજાની જોગવાઈ?

જો કોઈ વ્યક્તિ પૈસાથી કોઈના જીવન કે સંપત્તિને ધમકી આપે છે, બળજબરીનો ઉપયોગ કરે છે અથવા લગ્ન માટે પોતાનો ધર્મ પરિવર્તન કરાવવા માટે દબાણ કરે છે, તો તેને આજીવન કેદ અને દંડની સજા થઈ શકે છે, પરંતુ સજાની જોગવાઈઓ બધા રાજ્યોમાં અલગ અલગ છે.

### દેશના 9 રાજ્યોમાં લવ જેહાદ કાયદો લાગુ

આવા કાયદા ઉત્તર પ્રદેશ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ગુજરાત, ઝારખંડ, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, ઓડિશા અને છત્તીસગઢમાં અસ્તિત્વમાં છે. આ કાયદો 2002માં તમિલનાડુમાં રદ કરવામાં આવ્યો હતો. ભાજપના નેતા અને મંત્રી નિતેશ રાણે અને મહારાષ્ટ્રના વિવિધ હિન્દુ સંગઠનોએ પણ રાજ્યમાં 'લવ જેહાદ' કાયદો લાગુ કરવાની માગ કરી છે.

### ફડણવીસે કહ્યું હતું- એક લાખથી વધુ ફરિયાદો મળી હતી

ઓક્ટોબર 2024માં તત્કાલીન નાયબ મુખ્યમંત્રી અને વર્તમાન મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું- એક દાયકા પહેલા આપણે માનતા હતા કે લવ જેહાદ એક અલગ ઘટના છે, પરંતુ એક લાખથી વધુ ફરિયાદો મળી છે. આમાં, હિન્દુ મહિલાઓને ભાગી જવા અને અન્ય ધર્મના પુરુષો સાથે લગ્ન કરવા માટે લલચાવવામાં આવતી હતી.

**મહારાષ્ટ્ર મહાયુતિમાં બધું બરોબર ચાલી રહ્યું નથી**

# દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદે વચ્ચે તિરાડની અટકળો તેજ

## નાસિક અને રાયગઢના સંરક્ષક મંત્રી પદનો મુદ્દો જલદી જ ઉકેલવામાં આવશે

(એજન્સી) મુંબઈ । તા. 15

મહારાષ્ટ્ર મહાયુતિમાં બધું બરોબર ચાલી રહ્યું નથી. તેને લઈને અનેક પ્રકારના સવાલો ઊભા થયા છે. આ સવાલ એટલા માટે ઉદ્ભવી રહ્યા છે, કારણ કે થોડા દિવસો પહેલાં સીએમ દેવેન્દ્ર ફડણવીસે એક બેઠક બોલાવી હતી, જેમાં નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ શિંદે આ બેઠકમાં હાજર રહ્યા ન હતા. જેને લઈને અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ફડણવીસ અને શિંદે વચ્ચે બધું બરોબર ચાલી રહ્યું નથી. જોકે 2027માં નાસિકમાં યોજાનારા કુંભ મેળાને લઈને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં નાસિક મહાનગર ડેવલપમેન્ટ ઑથોરિટીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં એકનાથ શિંદે જોડાયા ન હતા. આ બેઠકના બે દિવસ બાદ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ શુક્રવારે નાસિકનો પ્રવાસ કર્યો હતો અને કુંભ મેળાને લઈને અલગથી સમીક્ષા બેઠક યોજી હતી, જેમાં સત્તારુઢ ગઠબંધનના સહયોગીઓ વચ્ચે તિરાડની અટકળો તેજ થઈ છે. જોકે એકનાથ શિંદેએ દાવો કર્યો છે કે તેમણે સમીક્ષા બેઠક એટલા માટે કરી, કારણ કે તે પાર્ટીની રેલી માટે નાસિકમાં હતા.



### બેઠકમાં ગેરહાજર રહ્યા નાયબ મુખ્યમંત્રી?

થોડા દિવસો પહેલાં ફડણવીસે કુંભ મેળા માટે મુંબઈના સહ્યાદ્રી ગેસ્ટ હાઉસમાં નાસિક મહાનગર ડેવલપમેન્ટ ઑથોરિટીની સમીક્ષા બેઠક બોલાવી હતી. આ બેઠકમાં શિંદેને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જોકે શિંદે બેઠકમાં જોડાયા ન હતા. આ પહેલાં જ્યારે મંત્રી ગિરીશ મહાજને નાસિકમાં બેઠક બોલાવી હતી તો શિંદેના નેતૃત્વવાળી શિવસેનાના મંત્રી દાદા ભુસે, જે નાસિક સંરક્ષક મંત્રી પદ માટે ઉત્સુક છે, બેઠકમાં જોડાયા ન હતા. નાસિકના સંરક્ષક મંત્રી પદને લઈને સત્તારુઢ ગઠબંધન, ખાસકરીને ભુસે અને મહાજન વચ્ચે ખેંતચાણ ચાલી રહી છે, જેના પર શિવસેના અને ભાજપ બંને દાવા કરી રહી છે.

# કેરળ રેગિંગ કેસ : પ્રિન્સિપાલ અને આસિસ્ટન્ટ પ્રોફેસર સસ્પેન્ડ, હોસ્ટેલના હાઉસકીપર અને સિક્યુરિટી ગાર્ડને પણ હટાવાયા

(એજન્સી) કોટ્ટાયમ । તા. 15

કેરળના કોટ્ટાયમમાં નર્સિંગ વિદ્યાર્થીઓ સાથે રેગિંગના કેસમાં, કેરળ સરકારે કોલેજના પ્રિન્સિપાલ સુલેખા એટીને સસ્પેન્ડ કર્યા છે. ઉપરાંત, આસિસ્ટન્ટ પ્રોફેસર અને હોસ્ટેલ વોર્ડન ઈન્ચાર્જ આશિષ પી મણિને પણ હટાવવામાં આવ્યા છે. તેમના પર રેગિંગ રોકવામાં અને સમયસર આ મામલામાં દરમિયાનગિરી કરવામાં નિષ્ફળ જવાનો આરોપ છે. કેરળના આરોગ્ય મંત્રીના કાર્યાલયમાંથી જાહેર કરાયેલા એક નિવેદન મુજબ, હોસ્ટેલના હાઉસકીપર અને સુરક્ષા ગાર્ડને પણ તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવ્યા છે. સરકારે મેડિકલ એજ્યુકેશન ડિરેક્ટરના તપાસ અહેવાલના આધારે આ કાર્યવાહી કરી છે.

### આરોપીઓએ ટોર્ચર કરવાનો વીડિયો પણ બનાવ્યો, ધમકી આપી

સીનિયરોએ પીડિતોને નગ્ન કરીને રેગિંગનો વીડિયો પણ બનાવ્યો. આ સાથે, તેમને ધમકી આપવામાં આવી હતી કે જો તેઓ આની જાણ કોઈને પણ કરવાની હિંમત કરશે તો તેમને ગંભીર પરિણામો ભોગવવા પડશે. જેના કારણે તેમનું શૈક્ષણિક ભવિષ્ય પણ જોખમમાં મુકાશે. ફરિયાદમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે સિનિયર્સ રવિવારે દારૂ લેવા માટે જુનિયર્સ પાસેથી પૈસા વસૂલતા હતા. જેમણે પૈસા આપવાનો ઈનકાર કર્યો હતો તેમને માર મારવામાં આવતો હતો. એક વિદ્યાર્થી, જે હવે આ હેરાનગતિ સહન કરી શકતો ન હતો, તેણે તેના પિતાને જાણ કરી. તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી. રેગિંગનો મામલો પ્રકાશમાં આવ્યા બાદ આરોપી વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

## લીમખેડા હાઇવે પર ઊભેલી ટ્રક સાથે ટ્રાવેલર અથડાયું, પતિ-પત્ની સહિત 4નાં મોત, 5થી વધુ ઈજાગ્રસ્ત

# કુંભમાંથી પરત ફરી રહેલા ગુજરાતીઓને કાળ ભેટ્યો





દાહોદ | લીમખેડાના પાલ્લી ગામ નજીક હાઈવે પર શુક્રવારે(14 ફેબ્રુઆરી) મોડીરાત્રે એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. પ્રયાગરાજ કુંભમેળામાંથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની ટાટા વિંગર ટ્રાવેલર ગાડી (GJ-05-CW-2699) રસ્તા પર ઊભેલી ટ્રક (UP-53-FT-0167) સાથે ધડાકાભેર અથડાતાં અંકલેશ્વર અને ધોળકા વિસ્તારના ચાર શ્રદ્ધાળુનાં કરુણ મોત નીપજ્યાં છે, જેમાં પતિ-પત્નીનો પણ સમાવેશ થાય છે. જ્યારે પાંચથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.



**મૃતકોનાં નામ**

- દેવરાજસિંહ લાખાભાઇ નકુમ (ઉં.વ. 47. રહે, સાંઈનાથ રેસિડેન્સી જી.આઇ.ડી.સી. અંકલેશ્વર)
- જશુબા દેવરાજભાઇ નકુમ (ઉં.વ. 49. રહે, સાંઇનાથ રેસિડેન્સી જી. આઇ.ડી.સી. અંકલેશ્વર)
- સિદ્ધરાજસિંહ જિતેન્દ્રસિંહ ડાભી (ઉં.વ. 32. રહે, જવારજ, ધોળકા)
- રમેશગિરિ પ્રતાપગિરિ ગોસ્વામી (ઉં.વ. 47. રહે, નાની બોરુ, ધોળકા)

**ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડાયા :** અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને આરોગ્ય વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે દાહોદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી વધુ સારવાર અર્થે દાહોદની ઝાયડસ હોસ્પિયલમાં ખેસડાયા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે તથા મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લીમખેડા ખસેડવામાં આવ્યા હતા.

**મૃતકોનાં પરિવારજનોમાં શોકની લાગણી :** પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી છે. આ દુર્ઘટનાને કારણે મૃતકોનાં પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. આધ્યાત્મિક યાત્રાથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુ પરિવારો માટે આ ઘટના અત્યંત દુ:ખદ બની રહી છે.

લીમખેડા Dy.SP એમ.બી. વ્યાસે જણાવ્યું હતું કે ગઈકાલે સાંજે સાતેક વાગ્યાના અરસામાં લીમખેડા-પાલ્લી ઓવરબ્રિજ પર એક ટ્રક બંધ હાલતમાં પડેલી હતી, જેને આજે રાત્રે ત્રણેક વાગ્યાના અરસામાં પ્રયાગરાજથી કુંભમેળામાંથી પરત આવતી ગાડીએ ટક્કર મારતાં ચાર પ્રવાસીઓનાં મોત થયાં છે, જ્યારે પાંચથી વધુ લોકોને ઈજા થઈ છે. ઈજાગ્રસ્તોને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર આપવામાં આવી રહી છે.

# માંગરોળ ગેંગરેપ કેસના બંને આરોપી દોષિત : 15 દિવસમાં ચાર્જશીટ થયા બાદ સુરતની સ્પે. પોક્સો કોર્ટે 130 દિવસમાં ચુકાદો આપ્યો

(એજન્સી) સુરત | તા. 15

સુરતના માંગરોળના ચકચારી ગેંગરેપ કેસમાં કોર્ટે બે આરોપીને દોષિત જાહેર કર્યા છે. સાડાચાર મહિના પહેલાં, નવરાત્રિ સમયે કોસંબા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગીરા પર થયેલા ગેંગરેપ કેસમાં કોર્ટે ઝડપી ટ્રાયલ ચલાવી માત્ર 130 દિવસમાં જ ચુકાદો આપ્યો છે. ગેંગરેપ મામલે પોલીસે કુલ ત્રણ આરોપીને ઝડપી પાડ્યા હતા, જેમાં એકનું ટ્રાયલ દરમિયાન બીમારીને કારણે મોત નીપજ્યું હતું, જેથી બે આરોપી સામે ટ્રાયલ ચાલી હતી અને બંનેને આજે કોર્ટે કસૂરવાર ઠેરવ્યા હતા. બંને આરોપીને સોમવારે સજાનું એલાન કરાશે.

નોંધનીય છે કે આ કેસમાં સગીરાની અને તેના મિત્રની જુબાની મહત્ત્વની સાબિત થઈ છે. આ ઉપરાંત પોલીસે સાયન્ટિફિક પુરાવા પણ રજૂ કર્યા હતા, જે પણ કોર્ટે માન્ય રાખ્યા. બનાવ સમયે ચંદ્રપ્રકાશ હોવાના કારણે અને આરોપીએ ફ્લેશ લાઈટ કરતાં સગીરાએ આરોપીનો ચહેરો જોયો હતો. કોર્ટમાં પણ પીડિતાએ આરોપીને ઓળખી બતાવ્યો હતો.

આ ગેંગરેપ કેસમાં કુલ ત્રણ આરોપી હતા, જેમાં મુન્ના કરબલી પાસવાન, રામ સજીવન (રાજુ) અને શિવશંકર ઉર્ફે દયાશંકર ચૌરસિયાને પોલીસે ઝડપી લીધા હતા, જોકે ટ્રાયલ દરમિયાન બીમારી સબબ શિવશંકરનું મોત થતાં કોર્ટમાં અન્ય બે આરોપી સામે ટ્રાયલ ચાલી હતી. એમાં સાક્ષીઓની જુબાની અને સાંયોગિક પુરાવાઓને ધ્યાનમાં રાખી કોર્ટે બંનેને કસૂરવાર ઠેરવ્યા છે અને સોમવારે 17 તારીખે સજા સંભળાવાશે.

**શું હતો સમગ્ર મામલો? :** આ ગેંગરેપ કેસ અંગે વાત કરીએ તો 8 ઓક્ટોબરની રાત્રે 10:45થી 11:15 વાગ્યાની વચ્ચે કોસંબા પોલીસ સ્ટેશન વિસ્તારના મોટા બોરસરા ગામની સીમમાં ખેતરમાં અવવારૂ જગ્યાએ એક 17 વર્ષ અને 4 મહિનાની સગીરા તેના મિત્ર સાથે બેઠી હતી, જ્યાં મુન્ના કરબલી પાસવાન અને શિવશંકર ઉર્ફે દયાશંકર ચૌરસિયા અને રાજુ બાઈક પર આવ્યા હતા. પહેલા તો તેમણે આવીને અહીં કેમ ઊભાં છો? એમ કહીને ધમકાવ્યા હતા અને બાદમાં માર મારવાનું શરૂ કર્યું હતું. બંનેના મોબાઈલ પણ લઈ લીધા હતા.

ત્યાર બાદ તરુણ અને સગીરા બંનેનાં કપડાં ઊતરાવી તેમના ફોનમાં નગ્ન ફોટો પાડી લેવામાં આવ્યા હતા. આ ફોટો વાઈરલ કરવાની આરોપીઓએ ધમકી આપી હતી અને સગીરાને પોતાની સાથે શરીરસંબંધ બાંધવા દબાણ કર્યું હતું, જોકે જે-તે સમયે તરુણ અને સગીરા બંને આરોપીઓને વશ થયાં નહોતાં અને ત્યાંથી ભાગવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે સગીરા પડી જતાં આરોપીઓએ તેને પકડી લીધી હતી અને શેરડીના ખેતરમાં લઈ જઈ ગેંગરેપ કર્યો હતો.

### આરોપીઓને રોકવા અધિકારીઓએ ફાયરિંગ કર્યું હતું

સગીરા સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેને બૂમાબૂમ કરતાં આસપાસનાં ગ્રામજનો એકત્ર થયાં હતાં, જેથી આરોપીઓ ડરીને ત્યાં પોતાની બાઈક છોડીને ફરાર થઈ ગયા હતા. લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ આરોપી શિવશંકર ચોરસિયાને શોધી રહી હતી, જ્યારે સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમ આરોપી મુન્ના પાસવાનની શોધખોળમાં હતી. તે તડકેશ્વર નજીક આરોપી રોડ પર નજરે આવ્યો હતો. મુન્ના પોલીસને થાપ આપીને નાસી રહ્યો હતો, જેથી તેને રોકવા માટે જે-તે સંજોગોમાં અધિકારીઓએ ફાયરિંગ કર્યું હતું, જોકે એ સમયે તેને ઈજા થઈ નહોતી.



ડાંગ | હૈદરાબાદથી વડોદરા તરફ જતી કેબલ વાયરના રોલનો જથ્થો ભરેલી ટ્રક (નંબર GJ.06 AZ 5759) સાપુતારા-વઘઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર માલેગામ ઘાટમાં અકસ્માતનો ભોગ બની હતી. ટ્રકની બ્રેક ફેલ થતાં તે બેકાબૂ બની માર્ગની સાઈડમાં ખાડામાં પલટી મારી ગઈ હતી.

અકસ્માતમાં ટ્રકને મોટું નુકસાન થયું હતું, પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. ટ્રક ચાલક અને ક્લીનરને નાની-મોટી ઈજાઓ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની શામગહાન સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં સાપુતારા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને અકસ્માત અંગેનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

## 15 દિવસ પહેલાંની માથાકૂટનો ખાર રાખી કારમાં આવેલા શખસોનું યુવક પર ફાયરિંગ

(એજન્સી) રાજકોટ | તા. 15

રાજકોટ શહેરમાં વધુ એક ફાયરિંગની ઘટના સામે આવી છે. શહેરના 80 ફૂટ રોડ પર પુનિતનગર ટાંકા પાસે શક્તિ ઉર્ફે પેંડા ગેંગના સાગરીત પરેશ બળદા ઉપર જંગલેશ્વરના બે શખ્સો દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતુ. આ ઘટનામાં પરેશના પગમાં એક ગોળી વાગતા ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ ફાયરિંગની સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી છે. બનાવની જાણ થતા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, 15 દિવસ પહેલા ઈજાગ્રસ્ત પરેશને જંગલેશ્વરના શખ્સો સાથે માથાકૂટ થઈ હતી, જેનો ખાર રાખી આજે (15 ફેબ્રુઆરી) વહેલી સવારે પરેશ ઉપર એક રાઉન્ડ ફાયરિંગ થયાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

કારમાં આવેલા ચાર શખસમાંથી એકે ફાયરિંગ કર્યું આ મામલે ડીસીપી ઝોન 2 જગદીશ બાંગરવાએ જણાવ્યું



હતું કે, રાજકોટના પુનિતનગર વિસ્તારમાં વહેલી સવારે 5.30 વાગ્યા આસપાસ પરેશ બળદા (ઉં.વ.23) તેના મિત્રો સાથે ઘર પાસે ઊભો હતો, ત્યારે વર્ના ગાડીમાં 4 લોકો આવ્યા હતાં. જે પૈકી એક વ્યક્તિએ ફાયરિંગ કર્યું હતું, જેમાં પરેશને ડાબા પગે ગોળી વાગતા ઈજા પહોંચી છે. તાલુકા પોલીસ દ્વારા ચાર શખ્સો સામે ફરિયાદ દાખલ કરી એક આરોપીને સકંજામાં લઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ચાર પૈકી ત્રણ લોકોની ઓળખ કરવામાં આવી છે. જે પૈકી સોહિલ ઉર્ફે ભાણોની અટકાયત કરી લેવામાં આવી છે.

## હેલ્મેટ વગરના વાહનચાલકોને ઝડપવા ડ્રોન ઉડાવ્યું...

# સુરતમાં આજથી હેલ્મેટ ડ્રાઈવ શરૂ, પોલીસે પકડતા લોકો જાતના બહાના કાઢવા લાગ્યા

(એજન્સી) સુરત | તા. 15

સુરત શહેરમાં આજથી હેલ્મેટ ફરજિયાત બની ગયું છે અને ટ્રાફિક પોલીસ હવે માત્ર રોડ પર જ નહીં પણ આકાશમાંથી પણ નજર રાખી રહી છે! ડ્રોનની મદદથી હેલ્મેટ વિના ટુ-વ્હીલર ચલાવતા લોકોની ઓળખ કરી તેમને ઈ-ચલણ અને સ્થળ-દંડની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

સવારથી જ શહેરના મોટા જંકશન પર ટ્રાફિક પોલીસની ડ્રોન વિંગ એક્ટિવ થઈ ગઈ. જેમ જ ડ્રોન ઉડાવાયું કે, હેલ્મેટ વિના ચાલકો તરત સિગ્નલ પાછળ સંતાઈ ગયા. કેટલાક લોકોએ આગળ ઊભેલા વાહનોની પાછળ છુપાઈ જવાનો પ્રયાસ કર્યો, તો કેટલાક લોકો રીક્ષા અને ટ્રકોની બાજુમાં ચાલવા લાગ્યા. કેટલાક લોકોએ તો ચશ્મા કે મફ્લર પહેરી લીધાં, જેથી ડ્રોન તેમને ઓળખી ન શકે, પરંતુ ટ્રાફિક પોલીસની ટીમો તુરંત એક્શન મોડમાં આવી અને આ લોકોના નંબર પ્લેટ સ્કેન કરીને ચલણ ફટકારી દીધાં!

ડ્રોન અને સીસીટીવીના આધારે એક જ દિવસમાં હજારો ઈ-ચલણ જનરેટ થયા, અને અનેકો લોકો પોલીસ સમક્ષ જાતજાતના બહાના લગાવતા દેખાયા. "હું! ઘર નજીક જ જઈ રહ્યો હતો, માટે હેલ્મેટ ન પહેર્યું!"- "હું ફક્ત દૂધ લેવા ગયો હતો!"- "મારું હેલ્મેટ બાઈકની ડીકીમાં છે!"- "હેલ્મેટ પહેરવાનું ભૂલી ગયો!" પરંતુ ટ્રાફિક પોલીસના "વન નેશન, વન ચલણ" એપમાં આટલા બધા બહાના ચલાવા જેમ નહોતા. પાંચથી વધુ ઈ-ચલણ થઈ ગયાં હોય તો લાયસન્સ સીધું સસ્પેન્ડ થઈ જશે.



**ટ્રાફિક પોલીસે કહ્યું – હવે હેલ્મેટ વિના બચવું મુશ્કેલ!**

ડીસીપી અમિતા વાનાણીએ જણાવ્યું કે, ડ્રોન, સીસીટીવી અને પબ્લિક એડ્રેસ સિસ્ટમ દ્વારા હેલ્મેટ વગરના લોકોની અટકાયત થઈ રહી છે. 3000થી વધુ પોલીસ કર્મીઓ ટ્રાફિક જંકશન પર તૈનાત છે અને 40થી વધુ ટીમો સ્થળ-દંડ વસૂલ કરી રહી છે.જો કોઈએ ડ્રોન જોઈને સંતાવાનો પ્રયાસ કર્યો, તો પણ બચવાની શક્યતા શૂન્ય છે, કેમ કે સીસીટીવી કેમેરા અને VOC સિસ્ટમ તરત જ વાહન નંબર સ્કેન કરીને ઈ-ચલણ મોકલી દેશે. હવે સુરત શહેરમાં હેલ્મેટ વગર વાહન ચલાવવું શક્ય નહીં રહે. ડ્રોન અને કેમેરા દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ટ્રાફિક પોલીસનો આ સ્પષ્ટ સંદેશ છે - "સલામતી માટે હેલ્મેટ પહેરો, નહીં તો દંડ ભરવા તૈયાર રહો!"

## હેલ્મેટ વગર બાઈક પર નીકળેલા બે યુવકોના મોત

### સુરતના પાર્લે પોઈન્ટ બ્રિજ પર ત્રિપલ સવારી બાઈક સ્લીપ થતા અકસ્માત સર્જાયો, એકને ગંભીર ઈજા

(એજન્સી) સુરત | તા. 15

સુરતમાં આજથી હેલ્મેટની કડક અમલવારી શરૂ કરવામાં આવી છે. તેના કલાકો પૂર્વે જ શહેરના પાર્લે પોઈન્ટ બ્રિજ પર ત્રિપલ સવારી બાઈક સ્લીપ થતા બે યુવકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા જ્યારે એક ઘાયલ થતા તેને સારવાર માટે ખસેડાયો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

26 વર્ષીય રોહિત પ્રવીણ રાવલ, પ્રથમ નરેશ પટેલ અને મયંક મોડી રાત્રે ચા પીવા નીકળ્યા હતા. એક જ બાઈક પર ત્રણેય મિત્રો પીપલોદ તરફ ગયા અને પછી એસવીએનઆઈટી સર્કલથી અઠવાલાઈન્સ કોર્ટ બિલ્ડિંગ તરફ જતા પાર્લેપોઈન્ટ બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા. મયંક બાઈક ચલાવી રહ્યો હતો, અને તેની પાછળ બેસેલા રોહિત અને પ્રથમ મસ્તીમાં વાતો કરી રહ્યા હતા. મયંકનો સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતાં બાઈક સ્લિપ થઈ ગઈ અને ત્રણેય રસ્તા પર પટકાયા.

રોહિત અને પ્રથમને એટલી ગંભીર ઈજાઓ પહોંચી કે તેમણે ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે મયંકને ગંભીર ઈજાઓ સાથે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેનો જીવ બચાવવા માટે ડોકટરો ઝઝૂમી રહ્યા છે.

રોહિતના પરિવાર માટે આ અકસ્માત તો એક ક્યારેય ન પૂરાય તેવી ખોટ બની રહ્યો છે. રોહિતના પત્ની અને 8 મહિનાની પુત્રી માટે આ દુઃખદ ઘટના અસહ્ય છે. રોહિત છૂટક મજૂરી કરીને ગુજરાન ચલાવતો હતો. બીજી તરફ, પ્રથમ પટેલ પોતાનો પરિવાર ચલાવવા માટે કાપડની દુકાનમાં નોકરી કરતો હતો. આ ઘટના ફરી એકવાર યાદ અપાવે છે કે સુરક્ષા નિયમો માત્ર કાયદા માટે જ નહીં, પણ આપણું જીવન બચાવવા માટે છે. હેલ્મેટ હોત તો કદાચ આજે રોહિત અને પ્રથમ જીવિત હોત. માત્ર એક બેદરકારી–અને બે પરિવાર માટે આખી જિંદગીનું દુઃખ આવી પડ્યું છે. ઉમરા પોલીસે આ બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

## પૂર્વ MLAએ કહ્યું- 'ઉનાળામાં હેલ્મેટથી લોકોનું આરોગ્ય જોખમાઈ શકે છે...'

(એજન્સી) સુરત | તા. 15

આજથી રાજ્યમાં હેલમેટનું કડક પાલન કરાવવાની શરુઆત થઈ ગયી છે સુરત શહેરમાં પણ આજ સવારથી જ હેલમેટ વગર નીકળતા લોકોને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે હેલમેટના કાયદાને લઈને માજી ધારાસભ્ય ધીરુ ગજેરાએ રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. ઉનાળાના સમયમાં હેલ્મેટના કારણે લોકોનું આરોગ્ય જોખમાવાની ભીતિ વ્યકત કરી છે. આ કાયદાની અમલવારીના કારણે ગરીબ અને મધ્યમવર્ગના લોકો દંડાતા હોવાની વાત કરી છે.

રાજ્યમાં 15 ફેબ્રુઆરીથી જે હેલ્મેટનો કાયદો ફરજીયાત કરવાનો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. ટુ વ્હીલર મધ્યમ અને ગરીબ વર્ગના લોકો વધારે ચલાવે છે અને સીટીમાં આ નિયમ લાગુ હોય ત્યારે 25 થી 30 કિલોમીટરની ઝડપે ચાલતી નથી અને 100 થી 200 મીટર પર સિગ્નલ અને સ્પીડ બ્રેકર આવતા હોય સિગ્નલને પણ ફોલો કરવું પડતું હોય છે. હવે ગરમીની સીઝન ચાલુ થઈ છે. તેમાં આ એક હેરાનગતિના વધારામાં હેલ્મેટ પહેરીને ચાર રસ્તા પર ઉભા રહી ને અસહ્ય ગરમીનો સામનો કરવો પડતો હોય છે. જે માનવીને પોતાના આરોગ્ય માટે હાનિકારક બની શકે છે. આજે સ્પીડ બ્રેકર-સિગ્નલ 100 થી 200 મીટર આવતા હોય છે. હવે સ્પીડ બ્રેકરો પર સફેદ પટ્ટા પણ દેખાતા નથી અને અમુક જગ્યા પર હોતા નથી. રસ્તા પર અસંખ્ય ખાડા હોય છે ખાડા પર સિગ્નલો પણ મુકાતા નથી અને સામાન્ય ગરીબ વર્ગ તેનો ભોગ બને છે. તેમજ રસ્તા પર અસંખ્ય દબાણો હોય, ગેરકાયદેસર પાર્કિંગ જે તે જગ્યા પર થતા હોય, જેનું કોર્પોરેશન અને પોલીસ અધિકારી આ બાબતે કંઈ કરતુ નથી.

આ કાયદો મારી ગણતરીએ મધ્યમ અને ગરીબ વર્ગ માટે અમાનુષી બની શકે છે. હેલ્મેટ ફરજિયાત હોવા જોઈએ કે જ્યાં હાઈવે પર 50 કિલોમીટરની ઝડપે ગાડી ચાલતી હોય ત્યાં સ્વબચાવ માટે પહેરવું ફરજિયાત અને જરૂરીપણ છે. કોઈપણ કાયદો નો નિયમ પ્રજાની સુરક્ષા અને સુખાકારી માટે હોય ત્રાસ આપતો ન હોવો જોઈએ એવું મારું માનવું છે.

## વડોદરા મંજુસરમાં BOBનું ATM તોડવાનો નિષ્ફળ પ્રયાસ

વડોદરા | વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મંજુસર ખાતે બેંક ઓફ બરોડાના ATMને તોડવાનો નિષ્ફળ પ્રયાસ કરાયો હતો. જોકે, ATM તોડવાનો પ્રયાસ કરનાર શખસને પોલીસે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે મંજુસર પોલીસ મથકમાં બેંકના જનરલ મેનેજર આદિત્યનાથ અભિમન્યુપ્રસાદ સિંઘે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ BOB બેંકનું ATM છે. આ ATM 24 કલાક ચાલુ રહે છે. 13, ફેબ્રુઆરીના રોજ તેઓ બેંકનું કામકાજ પતાવીને ઘરે આવ્યા હતા. આ દરમિયાન મંજુસર પોલીસ મથકમાંથી રાત્રીના સમયે તેમને ફોન આવ્યો હતો. જેમાં જણાવ્યું કે, એક શખસ બેંકનું એટીએમ મશીન તોડીને ચોરી કરવાનો પ્રયાસ કરતા પકડાયો છે.

આ દરમિયાન સ્થળ પર પહોંચતા તેમણે જોયું કે, ATM મશીનનું ફ્રન્ટ લોક તૂટેલું છે. બાદમાં તેઓ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. જેમાં તેમણે શખસનું નામ પૂછતા તેણે હિતેશકુમાર ચંદુભાઈ ચાવડા (રહે. સિસોદીયાપુરી, નવી નગરી, સાવલી, વડોદરા ગ્રામ્ય) હોવાનું જણાવ્યું હતું. તેને પૈસાની જરૂરિયાત હોવાથી તેણે પોણા બે વાગ્યે એટીએમ તોડી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હોવાનું જણાવ્યું હતું.

જોકે, આ પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. આખરે ઉપરોક્ત મામલે હિતેશકુમાર ચંદુભાઈ ચાવડા (રહે. સિસોદીયાપુરી, નવી નગરી, સાવલી, વડોદરા ગ્રામ્ય) સામે મંજુસર પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

## ખાખુઈમાં નિરણ ભરેલી ટ્રકમાં આગ



(એજન્સી) બોટાદ | તા. 15

બોટાદ જિલ્લાના ખાખુઈ ગામમાં આજે એક ગંભીર અકસ્માત સર્જાયો, જ્યાં નિરણથી ભરેલી એક આઈસર ટ્રકમાં અચાનક આગ લાગી હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા, જેના કારણે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું અને આગ પર કાબૂ મેળવ્યો હતો.

આગની ઘટનામાં આઈસર ટ્રક અને તેમાં ભરેલો તમામ નિરણનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. જો કે, સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી. પ્રાથમિક અંદાજ મુજબ આ અકસ્માતમાં લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું મનાય છે. આઈસર ટ્રકમાં આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી અને તપાસનો વિષય છે.

## મતદારોને રીઝવવા ઉમેદવારોએ એડીચોટીનું જોર લગાવ્યું

# બોરિયાવી અને ઓડ પાલિકામાં અપક્ષ ઉમેદવારોના લીધે ભાજપને કપરાં ચઢાણ

(એજન્સી) આણંદ । તા.15

આણંદ જિલ્લામાં આંકલાવ, બોરિયાવી અને ઓડ નગરપાલિકાની કુલ ૬૬ બેઠકો, ઉમરેઠ પાલિકાના વોર્ડ નં.૪ની એક બેઠક તથા ખંભાત તાલુકા પંચાયતની ૨૪-ઉંદેલ-૨ બેઠકની પેટા ચૂંટણી માટે આગામી રવિવારે મતદાન યોજાશે. ચૂંટણીને આડે માત્ર એક જ દિવસનો સમય બાકી રહ્યો છે. બોરિયાવી તથા ઓડમાં અપક્ષ ઉમેદવારોના કારણે ભાજપ માટે કપરાં ચઢાણ સાબીત થાય તેમ છે. જ્યારે કોંગ્રેસનો ગઢ ગણાતા આંકલાવમાં સત્તા મેળવવા ભાજપના નેતાઓ પ્રચારમાં ઉતર્યા છે. શુક્રવાર સાંજથી ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થઈ ગયા છે. ત્યારે ઉમેદવારો મતદારોના ઘરે ઘરે જઈ મતદારોને રીઝવવા મરણિયો દાવ ખેલી રહ્યા છે. ત્રણેય પાલિકા વિસ્તારમાં ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઓબીસી અને ક્ષત્રિય નેતાઓને પ્રચારમાં ઉતારવામાં આવ્યા છે.આંકલાવમાં ધારાસભ્યએ ચૂંટણીનું કમાન સંભાળ્યું છે. આંકલાવ પાલિકામાં ભાજપ માટે કપરાં ચઢાણ છે. તેવામાં અપક્ષ ઉમેદવારો દ્વારા પણ ભાજપને પછાડવા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. ઉપરાંત વોર્ડ નં.પાંચ અને છમાં ભાજપ દ્વારા સસ્પેન્ડ કરાયેલા કાર્યકરો જુસ્સામાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા હોવાથી ભાજપને બંને વોર્ડમાં ભારે નુક્સાન થાય તેવી સંભાવનાઓ છે. પરિણામે ચૂંટણી જીતવા આણંદના નેતાઓ ચૂંટણી પ્રચારમાં ઉતર્યાં છે. બોરિયાવીમાં ૨૪ બેઠકોમાંથી ૧૬ બેઠકો ઉપર ભાજપનું વર્ચસ્વ છે પરંતુ બોરિયાવીમાં અપક્ષ તથા એનસીપીના ટેકેદારોના કારણે ભાજપને જોરદાર ટક્કર મળે તેવી શક્યતા છે. જેથી બહુમતિ મેળવવા ભાજપના પીઢ કાર્યકરો મતદારોનો સીધો સંપર્ક સાધી રહ્યા છે. જ્યારે ઓડ પાલિકાની ૨૪ બેઠકોમાંથી છ બેઠકો ઉપર ભાજપના ઉમેદવારો બીનહરીફ થયા હતા. જેથી ઓડ પાલિકામાં બહુમતિ મેળવવા માટે માત્ર સાત બેઠકો જીતવાની હોવાથી ભાજપે સામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવી છે. અંતિમ ઘડીમાં તમામ પાલિકામાં દરેક ઉમેદવારો દ્વારા મતદારોને રીઝવવા વિવિધ પ્રલોભનો આપવામાં આવે તેવી શક્યતા છે.

## ભાવનગર અને બોટાદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો અંતિમ તબક્કામાં પ્રવેશ

# ઉમેદવારો માટે કતલની રાત, ચૂંટણી કર્મીઓ ઈવીએમ લઈ બૂથે જવા રવાના થશે

(એજન્સી) ભાવનગર । તા.15

ભાવનગર અને બોટાદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હવે અંતિમ તબક્કામાં પ્રવેશી ચૂકી છે. પ્રચાર પડઘમ શાંત પડતા ઉમેદવારો પાસે મતદારોને રિઝવવા ગણતરીના કલાકો જ બાકી રહ્યા હોવાથી આવતીકાલે તેઓ માટે કતલની રાત બની રહેશે. તો બીજી તરફ ચૂંટણી તંત્ર પણ તૈયારીઓને આખરી ઓપ આપવામાં વ્યસ્ત થઈ ચૂક્યું છે. શનિવારે સવારે ચૂંટણી કામગીરીના ઓર્ડર મળ્યા બાદ કર્મચારીઓ ઈવીએમ લઈ તેમના મતદાન બૂથે જવા રવાના થશે.

ભાવનગર જિલ્લામાં ત્રણ નગરપાલિકાની સામાન્ય, ત્રણ તાલુકા પંચાયતની છ સીટ અને મહાપાલિકાની એક બેઠકની પેટા ચૂંટણી યોજાશે. તેમજ બોટાદ જિલ્લામાં બોટાદ ન.પા.ની મધ્યસત્ર, ગઢડા ન.પા.ની સામાન્ય, બોટાદ જિલ્લા પંચાયત અને રાણપુર તાલુકા પંચાયતની એક-એક બેઠકની પેટા ચૂંટણીનું રવિવારે મતદાન થશે. આ બન્ને જિલ્લામાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આજે સાંજથી પ્રચાર પડઘમ શાંત પડી ગયા છે. જેથી રાજકીય પક્ષો અને ઉમેદવારો, કાર્યકરો હવે ડોર-ટુ-ડોર પ્રચાર કરવા નીકળી પડશે. ગુરપ મિટીંગો, ખાટલા બેઠક, સોશિયલ મીડિયા થકી અંતિમ ઘડીનું એડીચોટીનું જોર લગાવવામાં આવશે.



જ્યારે બીજા તરફ બન્ને જિલ્લાના ચૂંટણી તંત્ર દ્વારા પણ ચૂંટણીની તૈયારીઓને પૂર્ણતા તરફ લઈ જવામાં આવી રહી છે. કેવી રીતે ઈવીએમમાં વોટ કરવો ? તેનો ડેમો દેખાડવામાં આવ્યો હતો. હવે આવતીકાલે સવારે સ્ટ્રોંગરૂમમાં રાખેલા ઈવીએમ, વીવીપેટ, બીયુ, સીયુ, ચૂંટણી સાહિત્ય વગેરેની ફાળવણી કરાશે. ઈવીએમમાં ખોટકો છે કે કેમ ? તેની પણ ચકાસણી કરાશે. આ ઉપરાંત ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓને તેમને મતદાન મથક પરની ફરજના ઓર્ડર આપવામાં આવશે.

બોટાદ ન.પા.ની ચૂંટણીમાં ૧૦ ટકા રિઝર્વ સાથે ૮૫-૮૫ બી.યુ.-સી.યુ., ૮૫ પ્રિસાઈન્ડીંગ ઓફિસર, ૮૫ પોલીંગ ઓફિસર-૧, ૮૫ પોલીંગ ઓફિસર, ૮૫ મહિલા પોલીંગ, ૯-૯ ઝોનલ અને આસિ. ઝોનલને ફરજા સોંપવામાં આવી છે. જ્યારે ભાવનગર જિલ્લામાં ૧૦ ટકા રિઝર્વ સાથે સિહોર ન.પા.ની ચૂંટણી માટે ૧૪૦ બી.યુ. (બેલેટ યુનિટ), ૭૦ સી.યુ. (કંટ્રોલ યુનિટ), ગારિયાધાર ન.પા.ની ચૂંટણીમાં ૬૪ બી.યુ., ૩૨ સી.યુ., તળાજા ન.પા. ચૂંટણીમાં ૫૬ બી.યુ., ૨૮ સી.યુ., તળાજા તા.પં.ની ઉંચડી બેઠકની ચૂંટણી માટે ૯-૯ બી.યુ.-સી.યુ., નવા-જૂના રાજપરા સીટની ચૂંટણી માટે ૮-૮ બી.યુ.-સી.યુ., ભાવનગર (ગ્રામ્ય) તા.પં.ની લાખણકા સીટ માટે ૬-૬ બી.યુ.-સી.યુ., સિહોર તા.પં.ની વળાવડ બેઠક માટે ૯-૯ અને સોનગઢ બેઠક માટે ૬-૬ બી.યુ.-સી.યુ. તેમજ ભાવનગર મનપાના વોર્ડ નં.૩ની એક બેઠકની પેટા ચૂંટણી માટે ૮૪ બી.યુ., ૪૨ સી.યુ. ની ફાળવણી કરવામાં આવી છે.

### ભાજપ સામે આચાર સંહિતા ભંગની ફરિયાદ, ચૂંટણી તંત્ર દોડી ગયું

ભાવનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૩ની એક બેઠક માટે યોજાનારી પેટા ચૂંટણીમાં ભાજપ દ્વારા આદર્શ આચાર સંહિતા ભંગ કરવામાં આવ્યાનું ભાજપના જ પૂર્વ કન્વિનર હર્ષ ગોકલાણીએ સ્થાનિક અને રાજ્ય ચૂંટણી આયોગને ફરિયાદ કરી હતી. જેમાં તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે, ભાજપના નેતાઓએ ધાર્મિક સ્થળ અને જાહેર મિલકતનો પ્રચાર માટે ઉપયોગ કરી નિયમનો ભંગ કર્યો હતો. આ ફરિયાદના આધારે સ્થાનિક ચૂંટણી તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી હતી અને એક સ્થળે લાગેલા ભાજપના ઉમેદવારના બેનરને ઉતાર્યાનું ચૂંટણી શાખાના સત્તાવાર સાધનો પાસેથી જાણવા મળ્યું છે.

# આણંદમાં છઠ્ઠા માળેથી પડતું મૂકી યુવતીએ આપઘાત કર્યો

આણંદ : આણંદના સરદાર પટેલ રાજમાર્ગ ઉપર આવેલા આકાર સિટી સેન્ટર કોમ્પ્લેક્સના છઠ્ઠા માળેથી પડતું મૂકી શહેરની એક યુવતીએ આપઘાત કર્યો હતો. યુવતીની આત્મહત્યા પાછળનું કારણ હજૂ અકબંધ રહ્યું છે. પોલીસે અપમૃત્યુની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. આણંદમાં આકાર સિટી સેન્ટર કોમ્પ્લેક્સ નજીકના પાર્કિંગમાંથી ગુરૂવારે રાત્રે એક યુવતીની લાશ મળી આવી હતી. આ અંગે સ્થાનિકોએ ૧૦૮ને જાણ કરતા ૧૦૮ની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ યુવતીના મૃતદેહને આણંદની જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં આણંદ શહેર પોલીસ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે તપાસ હાથ ધરતા કોમ્પ્લેક્સના છઠ્ઠા માળેથી એક બેગ અને યુવતીના ચપ્પલ મળી આવ્યા હતા. મૃતક યુવતીનું નામ વિધિ હોવાનું તથા તે આણંદમાં રહેતી હોવાનું અને ત્રણેક વર્ષ પહેલા અમિત ઠાકોર (રહે. સામરખા) સાથે પ્રેમલગ્ન કર્યાં હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખૂલ્યું હતું. યુવતી આણંદની એક ખાનગી પેઢીમાં સર્વેયર તરીકે તથા તેનો પતિ એક પિઝા કંપનીમાં કામ કરતો હોવાની પ્રાથમિક જાણકારી પ્રાપ્ત થઈ છે. યુવતીએ કોમ્પ્લેક્સ ખાતે આવી, છઠ્ઠા માળેથી પડતું મૂકી આત્મહત્યા કેમ કરી તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદના સુભાષ શોપિંગ સેન્ટરમાં 20 વર્ષથી ઉભરાતી ગટરો, ગંદકી

આણંદ : આણંદ શહેરમાં મનપાની માલિકીના સુભાષ શોપિંગ સેન્ટરમાં ગટરના ગંદા પાણી ઉભરાવાના અને ગંદકીના નિકાલની ૨૦ વર્ષથી સમસ્યા છે. જે અંગે અગાઉ ભાડુઆતોએ વારંવાર રજૂઆતો કરી છતા સમસ્યાનું નિરાકરણ આવ્યું નહીં. ત્યારે હવે ભાડુઆતોએ મહાનગરપાલિકામાં વર્ષો જૂની સમસ્યા ઉકેલવા લેખિત રજૂઆત કરી છે.આણંદ શહેરના પોશ વિસ્તારમાં ૧૯૮૩માં પાલિકાએ બસ સ્ટેન્ડ પાસે ૩૮ દુકાનોવાળું બે માળનું સુભાષ શોપિંગ સેન્ટર બનાવ્યું હતું. છેલ્લા ૨૦ વર્ષથી શોપિંગ સેન્ટરમાં ઉભરાતા ગટરના ગંદા પાણી અને ગંદકીના લીધે ૩૮ દુકાનદારો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. શોપિંગ સેન્ટરની બાજુમાં જૈન મંદિરમાં રોજ સંખ્યાબંધ શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. ત્યારે ઉભરાતી ગટરો અને ગંદકીથી સૌ હાલાકી ભોગવવા મજબૂર બન્યા છે. અગાઉ આ અંગે પાલિકામાં વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્રએ આંખ આડા કાન કરી પ્રશ્ન ઉકેલ્યો નહીં. ત્યારે હવે સુભાષ શોપિંગ સેન્ટરના દુકાનદારોએ મહાપાલિકાના કમિશનરને ઉલ્લેખિને લેખિત રજૂઆત કરી છે કે, અગાઉ પાલિકામાં સંબંધિત વિભાગ સહિત અધિકારીઓને રજૂઆતો કરવા છતાં આરોગ્યલક્ષી ગંભીર સમસ્યાઓ બાબતે ધ્યાન ન દઈ દુર્લક્ષ જ સેવ્યું છે.

# તારાપુરના ઈસરવાડામાં મકાનની દિવાલ તોડી ડમ્પર ફળિયામાં ઘૂસ્યું

આણંદ : તારાપુરના ઈસરવાડા ગામે પુરઝડપે આવેલું ડમ્પર ફળિયામાં મકાનની દિવાલ તોડી ઘૂસી ગયું હતું. મહોલ્લામાં ભૂલકાંઓ રમી રહ્યાં હતાં ત્યારે બનાવ બન્યો હતો. સદનસીબે કોઈને ઈજા થઈ ન હતી. રોયલ્ટી વિભાગે પીછો કરતા ડમ્પર મહોલ્લામાં ઘૂસ્યાનું જાણવા મળ્યું હતું. ઈસરવાડા ગામે સ્વામિનારાયણ મંદિર ફળિયામાં અચાનક પુરઝડપે આવેલું ડમ્પર ઘુસી ગયું હતું. રોયલ્ટી વિભાગની કારે પીછો કરતા ચાલકે બેફામ ડમ્પર હંકારતા ડમ્પરે રસ્તા પર મકાનની દિવાલ તોડી પાડી મહોલ્લામાં પ્રવેશ્યું હતું. દરમિયાન નાના ભૂલકાંઓ મહોલ્લામાં રમી રહ્યાં હતાં ત્યારે ડમ્પર ઘૂસી આવ્યું હતું. સદનસીબે બાળકો સહિતનાનો આબાદ બચાવ થયો હતો. સ્થાનિકો દ્વારા ચાલકને પોલીસ હવાલે કરવામાં આવ્યો હતો. જોકે, તારાપુર પોલીસ દ્વારા સમાધાનના પ્રયાસ કરાવવામાં આવ્યા હોવાના આક્ષેપ ઉઠયાં છે. નોંધનીય છે કે, રેતી સહિતની ખનીજો ઓવરલોડ ભરીને ગેરકાયદે વહન કરતા ડમ્પરોના કારણે હાઈવે ઉપર અકસ્માત સર્જાવાનો ભય રહેતો હોય છે. અનેકવખત ઓવરલોડ ડમ્પરોના કારણે અકસ્માત સર્જાયા હોવાના બનાવો નોંધાયા છે. તેવામાં રોયલ્ટી વિભાગે પીછો કરતા ડમ્પર ગામના મહોલ્લામાં ઘુસી જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

## કમિશનર શાળાઓની કચેરી દ્વારા

# SSIP હેઠળ જિલ્લાની 18 શાળાની કૃતિને મોડીફાઈ કરવા આર્થિક સહાય ચૂંકવાશે

(એજન્સી) ભાવનગર । તા.15

રાજ્ય સરકાર દ્વારા શાળા કોલેજોમાં ઉદ્યમીતાને પ્રોત્સાહન આપવા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેટીવ પોલીસી એસએસઆઈપી ૨.૦ જાહેર કરવામાં આવી છે. શાળાઓમાં આ પોલીસીના અમલીકરણ માટેની સુચનાઓ પણ પ્રસિદ્ધ કરાઈ છે. પ્રથમ શાળા કક્ષાએ બાદ જિલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજ્ય કક્ષાએ મળેલ પસંદગી પામેલ કૃતિઓને વધુ મોડીફાય કરી પેટન્ટ સુધી પહોંચાડવા આર્થિક મદદ પણ કરાય છે. કમિશનર શાળાઓની કચેરી દ્વારા દરેક જિલ્લા પાસેથી ઉત્તમ પ્રકારની કૃતિઓ મંગાવાઈ હતી. જેના પ્રેઝન્ટેશન બાદ પસંદ થયેલ રાજ્યની કુલ ૯૪ વિદ્યાર્થીઓને તેમની કૃતિને વધુ સારી અને લોકભોગ્ય બનાવવા મોડીફાય કરવા ૨૦ હજારની સહાય જાહેર કરાઈ છે. ભાવનગર જિલ્લામાંથી ૨૬ જેટલી કૃતિઓ ગઈ હતી અને ૧૮ કૃતિઓને મોડીફીકેશન માટે પસંદ કરવામાં આવી છે. જેમાં સતુઆબાબા સ્કુલની ફી એનર્જી જનરેટેડ શુઝ, મોડલ સ્કુલ સિદસરની એનર્જી સેવર ડોર હેન્ડલ, ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા મણારની ઓટો મેટીક રેલવે ક્રોસિંગ બ્રીજ, બજરંગદાસ બાપા હાઈસ્કુલની ખેડૂત જીવન બચાવવાની લાકડી, ગવર્મેન્ટ હાઈસ્કુલ તરેડની કાર્બન બંદુક, એલ.એલ. કાકડીયા હાઈસ્કુલની સ્પીડ બ્રેકર પાવર જનરેટ, મોડલ સ્કુલ માનવડની રોડ ક્રોસિંગ વિધાવટ ટ્રાફિક સિગ્નલ, એ.કે. મોરડીયા હાઈસ્કુલની લેન્ડ માઈન ગન, સંત કંવરરામ સિંધી હાઈસ્કુલની ઈમરજન્સી યાત્રિક ફલ, શ્રી સ્વામીનારાયણની માઈક્રો ધ મીલેટ, મોડલ સ્કુલ માનવડની છતની ધુળ વ્યવસ્થાપન અને ધનેશ મહેતાની સ્કુલની હાઈડ્રો ગાર્ડ શીલ કૃતીની પસંદગી કરવામાં આવી છે. જે તમામને આર્થિક સહાય મળશે.

# ખાનગી સ્કૂલે ફી ન ભરવા મામલે વિદ્યાર્થિનીને બહાર બેસાડી

## વાલીઓ દ્વારા સરસ્વતી સ્કૂલ સામે ફરિયાદ વાલી- શિક્ષિકા વચ્ચેનો ઓડિયો વાઈરલ

## સ્કૂલમાં ફી મુદ્દે વિવાદ...

### સુરતની ઘટના બાદ સરકારનો આદેશ છતા

(એજન્સી) આણંદ । તા.15

બોરસદમાં સરસ્વતી સ્કૂલમાં ફી નહીં ભરવા મુદ્દે વિદ્યાર્થિનીને ક્લાસરૂમની બહાર બેસાડવામાં આવતી હોવાના ઈકરાર સાથે શિક્ષિકા અને વાલીનો ઓડિયો વાઈરલ થયો છે. છ મહિના અગાઉ પર આ જ સ્કૂલમાં ફી મુદ્દે વિવાદ થતા શિક્ષણ વિભાગે નોટિસ આપી હતી. ત્યારે સરકારનો આદેશ છતાં સ્કૂલ ઉલ્લંઘન કરતી હોવાના આક્ષેપ સાથે વાલીઓએ સ્કૂલ સામે ફરિયાદ કરી છે.



સુરતમાં ફી નહીં ભરવા મુદ્દે વિદ્યાર્થિનીને ક્લાસરૂમની બહાર બેસાડવામાં આવતા મનમાં લાગી આવતા તેણીએ આત્મહત્યા કરવાની ઘટ બની હતી. જે બાદ ફી ન ભરવાના કારણે વિદ્યાર્થીઓને ક્લાસ બહાર બેસાડી શકાશે નહીં તેવો સરકારે આદેશ કર્યો હતો. ત્યારે બોરસદનાં વધવાલા પાસે આવેલી સરસ્વતી સ્કૂલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીના વાલીએ શાળાના શૈક્ષણિક સત્રની અડધી ફી ભરપાઈ કરવાની બાકી હતી.

જે અંગે સ્કૂલની શિક્ષિકાએ ફોન કરતા વાલીએ ફેબ્રુઆરીના અંત સુધીમાં બાકી ફી ભરપાઈ કરવાનું કહ્યું હતું. ત્યારે જો ફી ભરપાઈ કરવામાં ન આવે તો વિદ્યાર્થીઓને ક્લાસરૂમની બહાર બેસાડવામાં આવતા હોવાની વાતનો એકરાર શિક્ષિકાએ કર્યો હતો. જ્યારે શાળા સંચાલકો દ્વારા પણ શૈક્ષણિક સત્રની અડધી ફી બીકી હોવાથી વિદ્યાર્થિનીને શાળામાં નહીં મોકલવા જણાવ્યું હતું. આ અંગે વાલી અને શિક્ષિકા વચ્ચેની વાતચીતનો ઓડિયો સોશિયલ મિડિયામાં વાયરલ થયો હતો. છ મહિના અગાઉ પણ ફી નહીં ભરનાર બાળકોને સ્કૂલમાં ક્લાસરૂમની બહાર બેસાડાતા હોવાનો વીડિયો વાયર થયો હતો. બાદમાં ભારે વિવાદ બાદ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા સ્કૂલ સંચાલકો સામે કોઈ કાર્યવાહી નહીં કરાઈ હોવાના વાલીઓએ આક્ષેપ કર્યા છે. વાલી અને સ્કૂલના સંચાલકની અન્ય વાયરલ ઓડિયોમાં તે વાલીને કહે છે કે, સરકારનાં નિયમો મુજબ મારી સ્કૂલ ચાલે નહીં, સરકાર મને પૈસા નથી આપતી.

તેમ સ્પષ્ટ કરી રહ્યા છે. છ મહિના પૂર્વેની ઘટનામાં શિક્ષણ વિભાગે નોટિસ આપી કાર્યવાહી કરવાનું જણાવ્યું હતું. પરંતુ કોઈ કડક કાર્યવાહી કરવામાં નહીં આવતા સરસ્વતી શાળાના સંચાલકો રાજકીય પીઠબળના લીધે બેફામ બન્યા હોવાનો વાલીઓ આક્ષેપ કરી રહ્યા છે. આ ઘટના અંગે આણંદના ડીપીઓનો ટેલિફોનિક સંપર્ક કરતા તેમણે ફોન ઉપાડયો ન હતો.

## શ્રમિક કારીગરોએ માટીના માટલાના ઉત્પાદનની પ્રક્રિયા વેગવંતી બનાવી

# ગોહિલવાડમાં ઉંચા ભાવ હોવા છતા ડિઝાઈનર માટલાના વેચાણમાં ઉછાળો

(એજન્સી) ભાવનગર । તા.15

ઉનાળાની ઋતુના પ્રારંભ પૂર્વે ગોહિલવાડના વિવિધ બજારોમાં ગરીબોના ફ્રીઝ ગણાતા સાદાથી લઈને રંગબેરંગી તેમજ ડિઝાઈનર માટલાની માંગમાં એકાએક ઉછાળો આવ્યો છે. ઉનાળામાં માટલાનું પાણી શરીર માટે સ્વાસ્થ્યદાયક હોય છે તેથી જ ગરમીનું પ્રમાણ જેમ જેમ વધતુ જશે તેમ તેમ માટલાના વેચાણમાં વધારો થતો જશે. ઉંચા ભાવ હોવા છતા મોર્ડન ગૃહિણીઓ દ્વારા ડિઝાઈનર માટલાની ધૂમ ખરીદી થઈ રહી છે.



### ઉનાળામાં ગરમી વધતા ઠેર-ઠેર પાણીના પરબ ઉભા કરાશે

ઉનાળો જેમ જેમ જામશે ત્યારે અંગ દઝાડતી ગરમીમાં સામાજિક સંસ્થાઓ, વેપારી મંડળો દ્વારા શહેરની વિવિધ બજારોમાં તેમજ હાઈવે પર વાહનચાલકોને અને રાહદારીઓને તૃપ્ત કરતા પાણીના પરબ અથવા ઠંડા પાણીના નાના મોટા જગ ઠેર ઠેર જોવા મળશે. બારેય માસ માટીના માટલાઓ અને પરબ લોકોની ઠંડા પાણીની ગરજ સારે છે.

દિન પ્રતિદિન પ્લાસ્ટીકના વધી રહેલા બેફામ ઉપયોગને લઈને પર્યાવરણને વ્યાપક પ્રમાણમાં નુકશાન થઈ રહ્યુ છે ત્યારે ગોહિલવાડમાં ઠેર ઠેર રોજબરોજના ઉપયોગમાં લેવાતા માટીના વિવિધ વાસણોનું ધૂમ વેચાણ થઈ રહ્યુ છે. શિયાળાની ઋતુના અંતિમ તબકકાથી શહેરના રૂવાપરી રોડ પર, ગંગાજળીયા તળાવ, કાળીયાબીડ, શહેર ફરતી સડક, શિવાજી સર્કલ તેમજ નારી રોડ પર આવેલા કુંભારવાડાઓમાં માટીના માટલાના ઉત્પાદનની પ્રક્રિયા શ્રમિક કારીગરો દ્વારા વેગવંતી બનાવાય છે.

## અધિકારીઓ રજા પર હોવાથી વિલંબ થયાનો તંત્રનો બચાવ

# યુનિ.માં અધિકારી રાજ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલ મળ્યાના 12 દિવસ બાદ મિનિટ્સ બહાર પડાઈ

(એજન્સી) ભાવનગર । તા.15

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં ચરમસીમાનું અધિકારીરાજ ચાલી રહ્યું હોય તેમ નવનિયુક્ત સભ્યોની હાજરીમાં મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલે લીધેલાં આક્રમક નિર્ણયોને અમલવારીનું સ્વરૂપ આપતી મિનિટ્સ યુનિ.એ ૧૨ દિવસ બાદ બહાર પાડી છે. જો કે, નવા કાયદા મુજબ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની આ મિનિટ્સ બહાર પડયા બાદ હવે આખરી નિર્ણય અર્થે બોર્ડ ઓફ મેન્જમેન્ટની બેઠકમાં થશે.જો કે, મિનિટ્સ બહાર પડવામાં વિલંબના કારણ હવે બોર્ડ ઓફ મેન્જમેન્ટની બેઠક મળવામાં વિલંબ થાય તેવી શક્યતાનું સર્જન થયું છે. યુનિ.તંત્રએ તાકિદે ઝડપી નિર્ણયો લેવાની સાથોસાથ તેના ઝડપી અમલની દિશામાં પણ કામ કરવાની જરૂર ઉભી થઈ છે.

# પ્રેમના પર્વના દિવસે પતિ અને સાસરિયાના ત્રાસથી પરિણીતાએ ફિનાઈલ પીધું

## કરિયાવર બાબતે તથા પતિને લગ્નેત્તર સંબંધ નહી રાખવાનું કહેતા પતિએ અને સાસરિયાએ ત્રાસ આપ્યો

(એજન્સી) ભાવનગર । તા.15

લાઠીના પીપળવા ગામે સાસરું ધરાવતા અને હાલ પોતાના પિયર પાળીયાદ ખાતે રહેતી પરીણિતાના પતિને પરસ્ત્રી સાથે સંબંધ હોય જે બાબતેપત્નીએ ટોકતા પતિએ પત્નીને ગાળો આપી માર-મારી ત્રાસ આપી તથા સાસુ-સસરા અને જેઠાણીએ કરિયાવર બાબતે મેણાંટોણાં મારી શારીરિક-માનસિક ત્રાસ આપવવામાં આવતા પરિણીતાએ ફિનાઈલ ગટગટાવી લીધું હતું. આ બનાવની જાણવા મળતી વિગત મુજબ લાઠી તાલુકાના પીપળવા ગામે સાસરું ધરાવતા અને હાલ પાળીયાદ પિયરમાં રહેતા શીતલબેન




હરેશભાઈ ચૌહાણના લગ્ન ત્રણ વર્ષ પહેલા લાઠી તાલુકાના પીપળવા ગામે રહેતા ચંદુભાઈના પુત્ર હરેશ સાથે થયા હતા. દરમિયાનમાં લગ્નના એકાદ માસ બાદ સાસુ ગીતાબેન ચંદુભાઈ ચૌહાણ અને સસરા ચંદુભાઈ કલ્યાણભાઈ ચૌહાણ કરીયાવર બાબતે અવાર-નવાર મેણાં-ટોણાં મારી દુઃખ ત્રાસ આપી જેમ ફાવે તેમ બોલવા લાગ્યા હતા. તેમજ પતિ હરેશને બીજી સાથે લગ્નેત્તર સંબંધ હોય જે બાબત શીતલબેનને ગમતી વાત ન હોવાથી પતિને લગ્નેત્તર સંબંધ નહી રાખવાનું કહેતા તે બાબતની દાઝ રાખી પતિ હરેશ અવાર-નવાર શારીરીક-માનસીક ત્રાસ આપતો હતો. ઉપરાંત શીતલબેન તેના પતિ હરેશ સાથે પીયરમા પાળીયાદ ખાતે લગ્નમા આવ્યા હતા ત્યારે પતિ હરીશે પીયરમાં મોબઈલમાં કોની સાથે વાતચીત કરે છે તેમ કહી શીતલબેનને ગાળો આપી ધમકી આપી આડેધડ ઢીકાપાટુંનો માર માર્યો હતો. આ બાબતે શીતલબેનને લાગી આવ્યું હતું અને તદુપરાંત જેઠાણી ચેતનાબેન દ્વારા પણ વારંવાર શારીરિક માનસિક ત્રાસ આપતા શીતલબેનને ત્રાસથી કંટાળી આજે ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ બજારમાંથી ફિનાઈલ ખરીદી ઘરે આવી રૂમમાં ફિનાઈલ ગટગટાવી લેતા તેમને ગંભીર હાલતે સારવાર માટે પાળિયાદ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ સંદર્ભે શીતલબેને પતિ, સાસુ ,સાસરા, અને જેઠાણી વિરુદ્ધ પાળીયાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


### નડિયાદમાં નકલી ચલણી નોટો છાપનારા બંને શખ્સોના 4 દિવસના રિમાન્ડ મંજૂર

નડિયાદ : એસઓજીએ રૂ.૧.૦૩ લાખની નકલી ચલણી નોટો સાથે બે શખ્સોને ઝડપી પાડયા હતા. બંને શખ્સોને કોર્ટમાં રજૂ કરાતા બંનેના ૪ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા હતા. એસઓજીએ મહંમઅને અરબાઝ ઉર્ફે અબુ અયુબ અલાદને રૂ.૧૦૦, ૨૦૦ અને ૫૦૦ના દરની રૂ.૧,૦૩,૯૦૦ની કિંમતની કુલ ૩૨૮ નકલી ચલણી નોટો સાથે ઝડપી પાડયા હતા. કાપડની ફેરી કરતા બંને મિત્રોએ યુટયૂબમાં બનાવટી નોટો છાપવાનો વીડિયો જોઈને છેલ્લા ૧૫ દિવસથી પ્રિન્ટર ઉપર નકલી ચલણી નોટો છાપવાનું શરૂ કર્યું હોવાનું કબૂલ્યું હતું.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
ભૂતકાળનો ખરાબ નિર્ણય આજે હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો.




**વૃષભ (બ,વ,ઉ)**
અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.




**મિથુન (ક,છ,ઘ)**
આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.




**કર્ક (ડ,હ)**
આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. પત્ની સાથે ખરીદી અત્યંત માણવાલાયક હશે. આ બાબત તમારી વચ્ચેની સમજણને પણ વધારશે.




**સિંહ (મ,ટ)**
તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે! તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. મિત્રો તથા સંબંધીઓ તમારા તરફથી વધુ ધ્યાનની અપેક્ષા રાખશે.




**કન્યા (પ,ઠ,ણ)**
સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે.




**તુલા (ર,ત)**
સ્વાસ્થ્ય સારૂં રહેશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે.




**વૃશ્ચિક (ન,ય)**
અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે ક્રમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે.




**ધન (ભ,ધ,ફ)**
હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.



**મકર (ખ,જ)**
તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો.



**કુંભ (ગ,શ,સ)**
તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે.

### આ સમસ્યા પાછળ એજીએસ ટેક્નો જવાબદાર છે.કંપનીના કર્મચારીઓએ એટીએમ મશીનમાં રોકડ નાખવાની ના પાડી દીધી છે

# દેશભરમાં ATMમાં કેશ મેનેજમેન્ટ સર્વિસ કરતી ટોચની કંપની AGS ભારે દેવાને કારણે ફડચામાં જવાની અણીએ

(એજન્સી) મુંબઈ । તા 15

દેશની ટોચની એટીએમ કેશ મેનેજમેન્ટ સર્વિસ પ્રોવાઈડર એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેક્નોલોજી કંપની પર દેવાનું ભારણ વધી ગયું છે અને અનેક બેંકોએ કંપનીને આપેલી લોન હવે ફડચામાં જવાના આરે છે. મીડિયા રિપોર્ટ અનુસાર છેલ્લા કેટલાક સમયથી અનેક બેંકોના એટીએમમાં પૈસાની અછતની ફરિયાદો મળી રહી છે. ખાસ કરીને આઈસીઆઈસીઆઈ સહિતની ખાનગી અને સરકારી બેંકોના એટીએમ ખાલી જોવા મળતા હતા. આ સમસ્યા પાછળ એજીએસ ટેક્નો જવાબદાર છે.કંપનીના કર્મચારીઓએ એટીએમ મશીનમાં રોકડ નાખવાની ના પાડી દીધી છે કારણકે કર્મચારીઓને ઘણા મહિનાઓથી પગાર મળ્યો નથી. તેના વિરોધમાં તેમણે રોકડ જમા કરાવવાનો ઈનકાર કર્યો છે. કંપની પાસે માર્કેટમાં લગભગ 15 ટકા બજાર હિસ્સો છે પરંતુ કંપની નાદારીના દ્વારે ઉભી છે. રિપોર્ટ અનુસાર બેંકો આ કંપનીને આપેલી લોન નોન-પર્ફોર્મિંગ એસેટ (એનપીએ) જાહેર કરી શકે છે. જો કંપની એનપીએ જાહેર થશે તો નાદારી પ્રક્રિયાના રસ્તા ખુલી જશે. 31 માર્ચ, 2024 સુધીના આધિકારીક ડેટા અનુસર એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેક્નોલોજીસ લિમિટેડનું કુલ દેવું રૂ. 816 કરોડ હતું. તેમાં રિવર્સ ફેક્ટરિંગનો સમાવેશ થાય છે પરંતુ લીઝ જવાબદારીઓનો સમાવેશ થતો નથી. ઈન્ડસ્ટ્રીના સૂત્રોના મતે લગભગ 1000-1500 કરોડ રૂપિયાની રોકડ ઈન્વેન્ટરી માટે જોખમ ઉભું થઈ શકે છે કારણકે તે એટીએમમાં નાખવામાં નથી આવી. એક ખાનગી બેંકના વરિષ્ઠ અધિકારીએ રિપોર્ટમાં જણાવ્યું કે ડિસેમ્બરમાં ડિફોલ્ટ વધવા લાગ્યા હતા અને ત્યારબાદ જ બેંકોએ આ અંગે આરબીઆઈને જાણ કરી કારણકે નિયમો અનુસાર એક કંપની સાથે જોડાણ બાદ અન્ય કોઈ સવસ પ્રોવાઈડર્સની સેવાઓનો લાભ બેંકો લઈ શકતી નથી. હાલમાં, મોટાભાગની બેંકોએ એજીએસને ટ્રાન્ઝેકશન માટે રોકડ આપવાનું બંધ કરી દીધું છે.



### AGS પાસે 15% બજાર હિસ્સો,3800 ATM પર જોખમ

ભારતની સૌથી મોટી કેશ મેનેજમેન્ટ સવસ કંપનીઓમાંની એક એજીએસ ટ્રાન્ઝેક્શન રવિ ગોયલની કંપની છે અને તેમાં રવિ ગોયલ પાસે 60.5 ટકા હિસ્સો છે. ગોયલના 10 ટકા શેર પહેલેથી જ બેંકોમાં ગીરવે મુકેલા છે. ક્રિસિલ રેટિંગ્સના અહેવાલ મુજબ 31 માર્ચ સુધીમાં એજીએસ ટ્રાન્ઝેક્ટ પાસે લગભગ 3800 એટીએમ અને કેશ રિસાયકલ મશીનો (સીઆરએમ)નું નેટવર્ક હતું. કંપનીના ગ્રાહકોમાં આઈસીઆઈસીઆઈ બેંક, એક્સિસ બેંક, એચડીએફસી બેંક અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા મુખ્ય છે.

# ખેતીની જમીન ભાડે આપતાં મળતી આવકને કરમુક્તિનો લાભ નહીં

### નવા આવકવેરા બિલમાં જોગવાઈ



(એજન્સી) મુંબઈ । તા 15

સંસદમાં રજૂ કરવામાં આવેલા 2025-26ના વર્ષના બજેટમાં શહેરી વિસ્તારોમાંની ખેતીની જમીન ભાડે આપી તેના પર ભાડાંની આવક કરવામાં આવે તો તે ભાડાંની આવકને વેરાપાત્ર આવક ગણવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખેતીની આવકને વેરામુક્ત આવક તરીકે ચાલુ રાખવામાં આવી છે, પરંતુ ખેતીને પ્રવૃત્તિને લગતા દસ્તાવેજોની હવે વધુ ચુસ્ત રીતે ચકાસણી કરવાનો નિર્ણય આવકવેરાના નવા સૂચિત ખરડામાં લેવામાં આવ્યો છે. આવકવેરા ધારા 1961ને રિપ્લેસ કરવા માટે સંસદમાં રજૂ કરવામાં આવેલા ઈન્કમટેક્સ બિલ 2025માં પ્રસ્તુત જોગવાઈ કરવામાં આવી છે.

બીજીતરફ ખેતીની ઉપજ ઉપર પ્રોસેસ કરીને તેની મૂલ્માં વધારો કરવાની પ્રક્રિયા પછીના પ્રોડક્ટ્સ અને તેને બજારમાં માર્કેટેબલ બનાવવાથી થયેલી આવકને પણ હવે વેરાપાત્ર આવક તરીકે ગણી લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખેતી થકી થતી આવકને વેરામાફીનો લાભ આપવાનું નવા સૂચિત આવકવેરા ધારામાં માન્યતા આપવામાં આવી રહી છે, પરંતુ ખેતીને લગતી પ્રવૃત્તિ અંગેના પુરાવાઓની વધુ ચીવટ પૂર્વક તપાસ કરવાનો નિર્ણય પણ તેની સાથે જ લેવામાં આવ્યો છે. કૃષિ આધારિત ઉદ્યોગોને અત્યાર સુધી આપવામાં આવતી સબસિડીના દરમાં ઘટાડો કરી દેવામાં આવ્યો છે. ભાડે આપેલા કલ્ટીવેટર થકી થનારી આવકને વેરાને પાત્ર આવક ગણવામાં આવી છે. ડેરી ફાર્મિંગ થકી થતી આવકને વેરાને પાત્ર આવક ગણવામાં આવી છે. ડેરી ઉત્પાદનો, મરઘાંબતકાં ઉછેર, મત્સ્યઉદ્યોગની આવકને હવે સંપૂર્ણપણે વેરાને પાત્ર ગણી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જોકે તેમાં ખેતીની આવકનો સમાવેશ કરવામાં આવેલો નથી. આવકવેરાનો નવો કાયદો તૈયાર કરવા માટે સંસદમાં રજૂ કરવામાં આવેલા ઈન્કમટેક્સ બિલ 2025માં ખેતીની જમીનની વ્યાખ્યાને અત્યંત સરળ બનાવી દેવા આવી છે. આવકવેરા ધારાની કલમ 10માં ખેતીની આવક સહિતની જુદં જુદાં પ્રકારની આવકને માફીને પાત્ર આવક ગણવી તેની અગાઉ સમજણ આપવામાં આવેલી હતી. તેમાં ભાગીદારી પેઢી,ના નફા, ફેમિલી પેન્શન કે પછી સ્કોલરશીપ, એનઆરઈ કે એફસીએનઆરની થાપણ પરના વ્યાજની આવકને વેરાપાત્રતાની વિગતો અલગ ટેબલ બનાવીને દર્શાવવામાં આવી છે.

## ખઝાંચી જ્વેલર્સનો નાણાકીય વર્ષ 25 ના ત્રીજા ક્વાર્ટરમાં ચોખ્ખો નફો 113% વધ્યો

મુંબઈ : સોના, હીરા, કિંમતી પથ્થરો અને બુલિયન વસ્તુઓમાં વિશેષતા ધરાવતી અગ્રણી ભારતીય જ્વેલરી કંપનીઓમાંની એક, ખઝાંચી જ્વેલર્સ લિમિટેડ (BSE: 543953) એ નાણાકીય વર્ષ 25 ના ત્રીજા અને 9મા ક્વાર્ટર માટે તેના ઓડિટ વગરના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. નાણાકીય કામગીરી પર ટિપ્પણી કરતા ખઝાંચી જ્વેલર્સ લિમિટેડના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાજેશ કુમારે જણાવ્યું હતું કે, 'મજબૂત આવક વૃદ્ધિ અને વધેલી નફાકારકતાને કારણે નાણાકીય વર્ષ 25 ના ત્રીજા ક્વાર્ટરમાં મજબૂત નાણાકીય કામગીરી નોંધાવતા અમને આનંદ થાય છે. સપ્ટેમ્બરમાં શરૂ થયેલી તહેવારોની મોસમમાં સોનાના વપરાશમાં નોંધપાત્ર વધારો થયો હતો, જેના કારણે અમારા વેચાણમાં તીવ્ર વધારો થયો હતો. વધુમાં, સોનાની વધતી માંગ અને સોનાના ભાવમાં વધારાને કારણે અમારી આવક પર સકારાત્મક અસર પડી છે. અમારી ચાલુ ડિજિટલ રૂપાંતર યાત્રાના ભાગ રૂપે, અમે તાજેતરમાં ગોલ્ડ સેવિંગ સ્કીમ એપ લોન્ચ કરી છે, જે અમારા મૂલ્યવાન ગ્રાહકો માટે એક સરળ અને સુરક્ષિત અનુભવ પ્રદાન કરવા માટે રચાયેલ છે. આ પહેલ સુલભતા અને ગ્રાહક સુવિધા વધારવા માટે ટેકનોલોજીનો લાભ લેવાની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. વધુમાં, આનંદ રાઠી ગ્રુપ દ્વારા આયોજિત G200 સમિતિમાં અમારી ભાગીદારી, ઉદ્યોગ નેતૃત્વ અને વ્યૂહાત્મક વિકાસ પર અમારા ધ્યાનને પુનઃપુષ્ટ કરે છે. આગળ જોતાં, અમારા વિસ્તરણ માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ ચેન્નાઈના સોકાર્પેટમાં અમારા ફ્લેગશિપ શોરૂમનું લોન્ચિંગ હશે, જે એપ્રિલ 2025 માં ખુલવાનું છે. 10,000 ચોરસ ફૂટમાં ફેલાયેલો, આ શોરૂમ વ્યાપક સંગ્રહ પ્રદાન કરશે.

## ઓલા ઈલેક્ટ્રીક તેની નવી રોડસ્ટર X શ્રેણી સાથે મોટરસાઈકલ સેગમેન્ટને ફરીથી વ્યાખ્યાયિત કર્યું

(એજન્સી) બેંગલુરૂ । તા 15

ભારતની સૌથી મોટી પ્યોર-પ્લે EV કંપની ઓલા ઈલેક્ટ્રીકએ આજે પ્રભાવશાળી પ્રદર્શન અને રોમાંચક રાઈડિંગ અનુભવ સાથે મોટરસાઈકલને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે તેની રોડસ્ટર X શ્રેણીના લોન્ચ સાથે EV મોટરસાઈકલ સેગમેન્ટમાં પ્રવેશની જાહેરાત કરી છે. કંપનીના સ્કેલેબલ મોટરસાઈકલ પ્લેટફોર્મ પર બનેલ, એકદમ નવી રોડસ્ટર X સિરિઝને રોડસ્ટર X માટે 74,999, રોડસ્ટર X+ 4.5kWh માટે 1,04,999 અને રોડસ્ટર X+ 9.1kWh માટે 1,54,999 થી કિંમત શરૂ કરવામાં આવી રહી છે (જેમાં 4680 ભારત સેલ સાથે) 501 કિમી/ચાર્જની રેન્જ રજૂ કરવામાં આવી છે.એકદમ નવી રોડસ્ટર X 2.5kWh, 3.5kWh અને 4.5kWh વેરિઅન્ટમાં ઉપલબ્ધ છે અને તેની કિંમત અનુક્રમે 74,999, 84,999 અને 94,999 છે. રોડસ્ટર શ્રેણી 3 વર્ષ/50,000 કિમીની પ્રમાણભૂત વોરંટી સાથે ઉપલબ્ધ છે. રોડસ્ટર શ્રેણીની ડિલિવરી માર્ચ મધ્યથી શરૂ થશે. ઓલા ઈલેક્ટ્રીકના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ભાવિશ અગ્રવાલે જણાવ્યું હતું કે, "મોટરસાઈકલ ભારતના મોબિલિટી લેન્ડસ્કેપના કેન્દ્રમાં છે. અમારી ઈલેક્ટ્રિક મોટરસાઈકલ સાથે, અમે EV ક્રાંતિને ભારતીય





ગતિશીલતાના મૂળમાં વધુ ઊંડે લઈ જઈ રહ્યા છીએ. સ્કૂટર માર્કેટમાં પરિવર્તન કર્યા પછી અને EVsને મુખ્ય પ્રવાહમાં બનાવ્યા પછી, અમારી મોટરસાઈકલની ભાવિ રોડસ્ટર શ્રેણી EV અપનાવવાની પ્રક્રિયાને વધુ વેગ આપવા અને ભારતમાં દરેક રાઈડર માટે ઈલેક્ટ્રિકને પ્રથમ પસંદગી બનાવવા માટે અહીં ઉપસ્થિત છીએ. રોડસ્ટર શ્રેણી શહેરી અને ગ્રામીણ ગતિશીલતાને એકસરખું પરિવર્તિત કરશે અને અમને ★EndICEAge ની નજીક લઈ જશે, પ્રદર્શન, વિશ્વસનીયતા, કાર્યક્ષમતા અને ટેકનોલોજી લાવશે. ક્રાંતિમાં સામેલ થવા માટે આનાથી વધુ સારો સમય હોઈ શકે નહીં.ઈનોવેશન અને એન્જિનિયરિંગમાં સૌથી આગળ, રોડસ્ટર સિરીઝ કોમ્પેક્ટ ડિઝાઈન અને મોડ્યુલર પ્લેટફોર્મ ઓફર કરે છે જે તમામ રાઈડિંગ પરિસ્થિતિઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન, કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા રજૂ કરે છે. સમગ્ર પોર્ટફોલિયો મીડ-ડ્રાઈવ મોટર સાથે ઉપસ્થિત છે જે કામગીરી અને સલામતીને વધારે છે. રોડસ્ટર સિરીઝની પાવરટ્રેનમાં કાર્યક્ષમ ટોર્ક ટ્રાન્સફર માટે ચેઈન ડ્રાઈવ અને એક સંકલિત MCU પણ છે, જે ખર્ચ ઘટાડીને શ્રેષ્ઠ રેન્જ પ્રદાન કરે છે. રોડસ્ટર સીરિઝ સાથે કંપની મોટરસાયકલમાં ફ્લેટ કેબલ પણ રજૂ કરી રહી છે - જે આ ઉદ્યોગમાં-પ્રથમ ઈનોવેશન છે.

### નવા SIP રજીસ્ટ્રેશનની તુલનાએ બંધ થયેલા એકાઉન્ટોની સંખ્યા વધુ

# SIP ઈન્વેસ્ટરો સાવચેત : જાન્યુઆરીમાં ૫૬ લાખ નવા એકાઉન્ટો ખુલ્યા સામે ૬૧ લાખથી વધુ એકાઉન્ટ બંધ થયા

(એજન્સી) મુંબઈ । તા 15

શેર બજારોમાં છેલ્લા કેટલાક મહિનાઓથી થઈ રહેલા ધોવાણના પરિણામે રોકાણકારોનો વિશ્વાસ ડગમગવા લાગ્યો છે. મ્યુચ્યુઅલ ફંડોમાં ઈક્વિટી ફંડોમાં જાન્યુઆરીમાં રોકાણ પ્રવાહ એકંદર જળવાઈ રહ્યા છતાં ૩.૬ ટકાનો ઘટાડો નોંધાયા સાથે સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) થકી થતાં રોકાણમાં રોકાણકારો સાવચેત બન્યા છે. જાન્યુઆરીમાં એસઆઈપી એકાઉન્ટો બંધ થવાનો આંક, નવા રજીસ્ટર્ડ થયેલા એકાઉન્ટોના આંકથી વધી ગયો છે. જાન્યુઆરીમાં ૫૬ લાખ નવા એસઆઈપી એકાઉન્ટો ખુલ્યા સામે ૬૧ લાખથી વધુ એકાઉન્ટ બંધ કરવામાં આવ્યા છે. આમ નેટ ધોરણે એસઆઈપી એકાઉન્ટમાં સતત છઠ્ઠા મહિને ઘટાડો થયો છે. બંધ થયેલા એકાઉન્ટનોની સંખ્યા જે ડિસેમ્બર ૪૪.૯૦ લાખ હતી, એ જાન્યુઆરીમાં ૬૧.૩૩ લાખ થઈ છે. જ્યારે નવા એસઆઈપી રજીસ્ટ્રેશન ડિસેમ્બરમાં ૫૪.૨૭ લાખ એકાઉન્ટ થયા હતા, એ જાન્યુઆરીમાં ૫૬.૧૯ લાખ થયા છે. જ્યારે એસઆઈપી થકી રોકાણ પ્રવાહ જે ડિસેમ્બરમાં રૂ.૨૬,૪૫૯ કરોડનો નોંધાયો હતો, એ જાન્યુઆરીમાં રૂ.૨૬,૪૦૦ કરોડ નોંધાયો હોવાનું એસોસીયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના આંકડામાં દર્શાવાયું છે. બજારના જાણકારોનું માનવું છે કે, રોકાણકારો એસઆઈપીઝ કેન્સલ કરી રહ્યા હોય સંકટનો પ્રથમ સંકેત અને ચિંતા છે. આ એસઆઈપી રદ થવાનો ટ્રેન્ડ ફેબ્રુઆરીમાં વેગ પકડે તો નવાઈ ન પામશો. એસેટ મેનેજમેન્ટ કંપનીઓનું કામ માત્ર ફંડના સંચાલન અને બેન્ચમાર્કને આઉટપર્ફોર્મ કરવાનું માત્ર હોતું નથી, પરંતુ રોકાણકારો અને ઈન્ટરમીડિયરીના હેન્ડહોલ્ડિગનું પણ હોય છે, રોકાણકારો સાથે સતત વાતચીત કરવાનું અને દીર્ઘાયુષ્યના સંદેને આગળ વધારવાનું પણ છે. અલબત અમુક સમીક્ષકોનું માનવું છે કે, આ હજુ ટ્રેન્ડ ન કહી શકાય. છેલ્લા બે ત્રિમાસિકમાં ઓટો અને કન્ઝયુમર ડયુરેબલ્સના વપરાશમાં ઘટાડા સાથે માંગમાં ઘટાડો જોવા મળ્યો છે. ફુગાવો અને ઉપભોક્તાનો ઓછો વિશ્વાસ કદાક ઊંચા ખર્ચ તરફ દોરી જાય છે, જે ટૂંકાગાળા માટે એસઆઈપીની સંખ્યાને અસર કરે છે. બજાર કરેકશન સેન્ટિમેન્ટને પ્રભાવિત કરી શકે છે, તે સ્વિકારતા તેમનું કહેવું છે કે, એસઆઈપી પ્રવાહ મજબૂત રહે છે. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના સંગઠન એમ્ફીએ હકીકતને હાઈલાઈટ કરતાં કહ્યું છે કે, એસઆઈપી પ્રવાહમાં ઘટાડો નજીવો હતો અને એકાઉન્ટોમાં ઘટાડો મુખ્યત્વે એક્સચેન્જો અને આરટીએઝ વચ્ચેના સમાધાનને કારણે થયો હતો. જેના કારણે લગભગ ૨૫ લાખ એકાઉન્ટનું કરેકશન-ઘટાડો જોવાયો છે.




શેર બજારોમાં છેલ્લા કેટલાક મહિનાઓથી થઈ રહેલા ધોવાણના પરિણામે રોકાણકારોનો વિશ્વાસ ડગમગવા લાગ્યો

## 1.7 અબજડોલરનો આર્બિટ્રેશન ચુકાદો ઉલ્ટાવી દીધો

(એજન્સી) મુંબઈ । તા 15

દિલ્હી હાઈકોર્ટ તરફથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (આરઆઈએલ)ને એક મોટો આંચકો મળ્યો છે. જેણે લાંબા સમયથી ચાલી રહેલા ગેસ વિવાદમાં ભારત સરકારની તરફેણ કરી છે. ખંડપીઠે સરકારના તે દાવાનું સમર્થન કર્યું હતું કે, આરઆઈએલ અને તેના વિદેશી ભાગીદારોએ છેતરપિંડી આચરી અને 1.729 અબજ ડોલરથી વધુની ગેરકાનૂની કમાણી કરી હતી. કેમ કે, તેમણે એવા ભંડારોમાંથી ગેસ કાઢયો જે માટે તેમને અધિકાર ન હતો. જસ્ટિશ રેખા પલ્લી અને સૌરભ બેનર્જીની બનેલી બેન્ચે સીંગલ જજના મે 2022ના નિર્ણયને ઉલ્ટાવી નાંખ્યો હતો. જેમણે પેટ્રોલિયમ મંત્રાલયના આ અંગેના આરોપોને ફગાવી દીધા હતા. વડી અદાલતે એ પણ ફેંસલો સંભળાવ્યો હતો કે, 24 જૂલાઈ, 2018નો આંતરરાષ્ટ્રીય આર્બિટ્રેશન ચુકાદો ભારતમાં સાર્વજનિક નીતિની વિરૂદ્ધ છે. જેણે આરઆઈએલના નેતૃત્વવાળા સમૂહની તરફેણમાં ફેસલો આપ્યો હતો. આરઆઈએલ નેતૃત્વના કોન્સોર્ટિયમમાં બ્રિટન સ્થિત બીપી પીઆઈસી અને કેનેડાનું નિકો રિસોર્સ સામેલ છે. આ વિવાદ 2014થઈ શરૂ થયો હતો. જ્યારે સરકારી કંપની ઓએનજીસીએ આરોપ લગાવ્યો હતો કે, આરઆઈએલએ કૃષ્ણા-ગોદાવરી (કેજી) બેસિનમાં તેમના સંબંધિત બ્લોકોની સીમા નજીક કૂવા ડ્રિલ કર્યા હતા. જેના કારણે ગેસનું માઈગ્રેશન થયું હતું. ઓએનજીસીએ દાવો કર્યો હતો કે, 2009થી 2013ની વચ્ચે તેમના ક્ષેત્રોનું વચ્ચે ગેસ પ્રવાહથી આરઆઈએલને લાભ થયો હતો. 60 ટકા હિસ્સેદારી સાથે કેજી-ડી6 બ્લોકના ઓપરેટર આરઆઈએલએ જણાવ્યું હતું કે, તેણે પ્રોડક્શન શેરિંગ કોન્ટ્રાક્ટ (પીએસસી) અનુસાર કાર્ય કર્યું હતું. બીપી બ્લોકનો 30 ટકા હિસ્સો ધરાવે છે. જ્યારે નિકો રિસોર્સીસ બાકીના દસ ટકાની માલિકી ધરાવે છે. આ બાબતની તપાસ કરવા માટે, બે કંપનીઓએ યુએસ સ્થિત કન્સલ્ટિંગ એજન્સી ડીગોલિયર અને મેકનોટન (ડી એન્ડ એમ)ની નિમણુંક કરી. ફર્મે જણાવ્યું હતું કે, આરઆઈએલનો બ્લોક ડેવલપમેન્ટ ગોદાવરી પીએમએલ બ્લોક પર ઓરિજિનલ ગેસ ઈન પ્લેસ કરવા સક્ષમ છે. 2014માં સરકારે આરઆઈએલ પાસે 1.47 અબજ ડોલરની માંગણી કરી હતી. સરકાર તરફથી આરોપ મુકવામાં આવ્યો હતો કે, આરઆઈએલએ ઓએનજીસીને અડીને આવેલા બ્લોક્સ ગોદાવરી પીએમએલ અને કેજી-ડીડબ્લ્યૂએન-98-2માંથી મંજૂરી વિના ગેસનું માઈગ્રેશન કર્યું અને વેચ્યું હતું. ત્યારથી આ કેસ બહુવિધ ન્યાયિક અને આર્બિટ્રેશન કાર્યવાહીમાંથઈ પસાર થઈ રહ્યો હતો. સિંગાપોર સ્થિત આર્બિટ્રેટર લોરેન્સ બૂની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની ટ્રિબ્યુનલે જૂલાઈ 2018માં સરકારના દાવાને ફગાવીને બે-એકથી ચુકાદો આપ્યો હતો. તેણે ચુકાદો આપ્યો હતો કે, પ્રોડક્શન શેરિંગ કોન્ટ્રાક્ટ કોન્ટ્રાક્ટરને બહારના સ્રોતમાંથી કોન્ટ્રાક્ટ વિસ્તારમાં માઈગ્રેશન ગેસ કાઢવા અને વેચવાથી અટકાવતો નથી. સરકારે તે જ વર્ષે આર્બિટ્રલ ચુકાદાને હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

### ઈનોવેટિવ્યુ ઈન્ડિયા લિમિટેડે આઈપીઓ દ્વારા રૂ. 2000 કરોડ એકત્ર કરવા સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું

મુંબઈ । સમગ્ર ભારતમાં પરીક્ષાઓ, ચૂંટણીઓ અને મોટાપાયે યોજાતી ઈવેન્ટ્સ માટે ઓટોમેટેડ આનુષંગિક સુરક્ષા અને દેખરેખ ઉકેલો પ્રદાન કરતી ટેકનોલોજી આધારિત કંપની ઈનોવેટિવ્યૂ ઈન્ડિયા લિમિટેડએ બજાર નિયમનકાર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સમક્ષ તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. કંપની ઈક્વિટી શેર્સના પ્રારંભિક જાહેર ભરણા (પ્રતિશેરૂ રૂ. 5 મૂળ કિંમત) તથા રૂ. 20,000.00 મિલિયન (રૂ. 2000 કરોડ) દ્વારા ભંડોળ એકત્રિત કરવાની યોજના ધરાવે છે. ઈનોવેટિવ્યૂ ઈન્ડિયા લિમિટેડ ભારતમાં એકીકૃત પરીક્ષા સુરક્ષા ઉકેલો સૌથી મોટી કંપની છે, જેનો બજાર હિસ્સો નાણાકીય વર્ષ 2024માં આવકની દ્રષ્ટિએ 73.7 ટકા છે. પરીક્ષા સુરક્ષા અને દેખરેખ ઉદ્યોગમાં નાણાકીય વર્ષ 2024માં તેનો બજાર હિસ્સો વાર્ષિક ધોરણે 69.07 ટકા વધ્યો છે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર થનારા ઈક્વિટી શેર્સ બીએસઈ લિમિટેડ (બીએસઈ) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનએસઈ) ઉપર લિસ્ટ થવાની દરખાસ્ત છે.

**UPS હેઠળ, હવે કેન્દ્રીય કર્મચારીઓને એક નિશ્ચિત પેન્શન આપવામાં આવશે, જે છેલ્લા 12 મહિનાના એવરેજ બેઝિક સેલેરીના 50% હશે. આ પેન્શન મેળવવા માટે કર્મચારીએ ઓછામાં ઓછા 25 વર્ષ સુધી સર્વિસ કરવી પડશે. કેન્દ્ર સરકારે નેશનલ પેન્શન સિસ્ટમ (NPS)ના વિકલ્પ તરીકે યુનિફાઇડ પેન્શન સ્કીમ (UPS) શરૂ કરી છે. આ યોજનાની સત્તાવાર જાહેરાત 24 જાન્યુઆરીએ કરવામાં આવી હતી. આ યોજના 1 એપ્રિલ, 2025થી લાગુ કરવામાં આવશે.**

# યુનિફાઇડ પેન્શન સ્કીમ 1લી એપ્રિલથી થશે લાગુ




(એજન્સી) મુંબઈ । તા 15

UPS માત્ર અને માત્ર સરકારી કર્મચારીઓ માટે જ લાગુ થશે, જેઓ પહેલાથી NPS હેઠળ રજિસ્ટર્ડ છે. સરકારી કર્મચારીઓ પાસે NPS અથવા UPS વચ્ચે પસંદગી કરવાનો વિકલ્પ હશે. નાણા મંત્રાલયે કહ્યું છે કે NPS હેઠળ પાત્રતા ધરાવતા કેન્દ્ર સરકારના કર્મચારીઓ પાસે હવે NPS હેઠળ યુનિફાઇડ પેન્શન સ્કીમ પર સ્વિચ કરવાનો વિકલ્પ છે. યુપીએસ સ્કીમ ત્યારે શરૂ કરવામાં આવી હતી જ્યારે જૂની પેન્શન સ્કીમ (OPS)ને લઈને ઘણી માંગ હતી. જૂની પેન્શન યોજનામાં રિટાયર્ડ કર્મચારીઓને તેમની સેલેરીના 50 ટકા પેન્શન તરીકે આપવામાં આવતું હતું

### મોંઘવારીના આધારે વધશે પેન્શન

યુનિફાઇડ પેન્શન સ્કીમ હેઠળ ઈન્ડેક્સેશન પણ ઉમેરવામાં આવ્યું છે. મતલબ કે નિવૃત્ત કર્મચારીઓનું પેન્શન મોંઘવારી પ્રમાણે વધતું રહેશે. આ વધારો પેન્શનમાં મોંઘવારી ભથ્થા (Dearness Alloawance) તરીકે ઉમેરવામાં આવશે. આની ગણતરી ઓલ ઈન્ડિયા કન્ઝયુમર પ્રાઈસ ઈન્ડેક્સ ફોર ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સ (AICPI-W)ના આધારે કરવામાં આવશે. રિટાયર્મેન્ટ પર એક સામટી રકમ પણ આપવામાં આવશે. લગભગ 23 લાખ કર્મચારીઓને તેનો લાભ મળવાનો છે.

### કોને મળશે આ યોજનાનો લાભ ?

NPS હેઠળ આવરી લેવામાં આવેલા કેન્દ્રીય કર્મચારીઓ માટે આ યુનિફાઇડ પેન્શન યોજના શનિવારે 25 જાન્યુઆરી 2025 ના રોજ સરકાર દ્વારા સૂચિત (નોટિફાઈ) કરવામાં આવી છે. યુનિફાઇડ પેન્શન સ્કીમ એવા કેન્દ્ર સરકારના કર્મચારીઓને લાગુ થશે જેઓ NPS એટલે કે નેશનલ પેન્શન સ્કીમ હેઠળ આવરી લેવામાં આવ્યા છે અને આ હેઠળ, UPS નો વિકલ્પ પસંદ કરી શકાય છે. યુપીએસ પસંદ કરનારા લોકો અન્ય કોઈપણ પોલિસી છૂટ (Policy discount), પોલિસીમાં ફેરફાર, નાણાકીય લાભ (Financial benifit) માટે હકદાર રહેશે નહીં.

**સરકારનું કેટલું યોગદાન રહેશે |** 24 ઓગસ્ટ 2024ના રોજ યુપીએસની જાહેરાત કરતી વખતે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે તેનાથી સંબંધિત તમામ માહિતી શેર કરી હતી. નવી પેન્શન યોજના (NPS) માં કર્મચારીએ તેની બેઝિક સેલેરીના 10 ટકા યોગદાન આપવું પડશે અને તેમાં સરકારનું યોગદાન 14 ટકા છે. 1 એપ્રિલ, 2025થી UPS લાગુ થયા બાદ સરકારનું આ યોગદાન કર્મચારીના બેઝિક સેલેરીના 18.5 ટકા રહેશે. આ હિસાબે પ્રથમ વર્ષમાં સરકારી તિજોરી પર 6250 કરોડ રૂપિયાનો વધારાનો બોજ પડશે.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા વદ-4

# અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે વિકૃતિ



આપણો સંકલ્પ છે કે વર્ષ ૨૦૪૭ સુધી દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવું, પરંતુ વિકસિત ભારતની વાત કરતી વખતે આર્થિક અને ટેકનિકલ વિકાસની સાથે પોતાના વારસા પર પણ ભાર મૂકવાની જરૂર છે. આ વારસો છે સંસ્કારો અને જીવન મૂલ્યોનો. ઉદાત્ત ભાવો અને સામાજિક-સાંસ્કૃતિક સાતત્યનો. આ જ સમૃદ્ધ વારસા આપણી સામાજિક અને પારિવારિક વ્યવસ્થાને સંકડો વર્ષોના આક્રમણ અને ગુલામી છતાં અખંડ રાખી છે. વિકસિત ભારતનો મતલબ એ જ છે કે સમૃદ્ધિની સાથે સંસ્કાર પણ સહગામી બને, પરંતુ દુર્ભાગ્યે ૨૧મી સદીમાં જે પ્રકારની સંસ્કારહીનતા અને મૂલ્યહીનતા તરફ ભારતીય સમાજ, વિશેષ કરીને યુવા પેઢી આગળ વધી રહી છે, તે ખતરાની ઘંટડી છે. યુટ્યૂબ પર 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ' નામના શોમાં હાલમકાં જે વિવાદ પેદા થયો છે તેણે યવાઓની માનસિકતા પર એવા સવાલ ઊભા કર્યા છે કે શું આધુનિકતાના નામે મૂલ્યોને તિલાંજલિ અપાઈ રહી છે? માતા-પિતાના સંબધો પર શરમજનક ટિપ્પણીથી નિશાના પર આવેલા યુટ્યૂબર રણવીર અલાહાબાદિયાએ ભલે માફી માગી લીધી હોય, પરંતુ એટલાથી જ આ મામલો રફેદફે નથી થવાનો. આ મામલે વધતા આક્રોશને જોતાં અલાહાબાદિયા અને તેની સાથે મંચ પર બેઠેલા સમય રૈના, અપૂર્વા મખીજા વગેરે પર કાર્યવાહીનું દબાણ વધ્યું છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ કહ્યું કે જો સીમા પાર કરવામાં આવી હશે તો તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ રાષ્ટ્રીય મહિલા આયોગને નિર્દેશ આપ્યા છે કે તે નોટિસ જારી કરીને જવાબ માગે. શિક્ષણવિદો, કલાકારો વગેરેએ પણ તેમની નિંદા કરી છે. રણવીર અને તેના સાથીઓની બેહૂદી ટિપ્પણીઓ બાદ ઓલ ઇન્ડિયા સિને વર્કર્સ એસોસિએશને શો વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરતાં 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ' પર પ્રતિબંધનો આગ્રહ રક્યો છે. મહારાષ્ટ્રથી લઇને અસમ સુધી ફરિયાદો નોંધાઈ છે. સમાજશાસ્ત્રી દુર્ખીમના શબ્દોમાં કહીએ તો આ ઘટનાએ દેશની સામુહિક ચેતનાને જગાડી દીધી છે અને વિપરીત વૈચારિક ધ્રુવો પર ઊભેલા લોકો પણ ટિપ્પણી કરનારા લોકોની એકસૂરે નિંદા કરી રહ્યા છે. આ વિવાદે ઓનલાઈન કન્ટેન્ટની સીમાઓ અને જવાબદારીઓ પર એક મહત્ત્વપૂર્ણ ચર્ચા છેડી છ. આ મુદ્દાથી ન માત્ર સાંસ્કૃતિક, નૈતિક અને બંધારણીય પાસા, બલ્કે પરિવાર અને સામાજિક વ્યવસ્થા સંબંધિત પ્રશ્ન પર જોડવામાં આવ્યા છે. પહેલં તો એ કે સ્ટેન્ડઅપ કોમેડી, ઇન્ટરનેટ મીડિયા કે ઓટીટી પર પોતાની પહોંચ વધારવા માટે અશ્લીલ, ઘોર વાંધાજનક અને હિંસક સામગ્રીનો ભારે સહારો લેવામાં આવી રહ્યો છે. તેના માટે કોઈપણ હદ તોડવાતી સંકોચ નથી કરાતો. એક્સથી લઈને ઇન્સ્ટાગ્રામ, ફેસબક અને યુટ્યૂબ પર એવી અશ્લીલ-અભદ્ર કન્ટેન્ટની ભરમાર છ, જે નવી પેઢીને ઝડપથી પોતાની ચુંગાલમાં લઈ રહી છે. તેમાંથી મોટાભાગની સામગ્રી પશ્ચિમી સમાજ અને સંસ્કૃતિની નકલ કરીને બનાવવામાં આવે છે. જે ટિપ્પણીથી આટલો મોટો વિવાદ થયો છે, તે પણ મૂળ રૂપે એક વિદેશી શોમાં કરવામાં આવી હતી, જેને રણવીરે નકલ કરીને અહીં રજૂ કરી દીધી. યાદ રહે પશ્ચિમી સમાજ-સંસ્કૃતિ ભારતીય મૂલ્યોથી વિપરીત વ્યક્તિપરક સમાજ છે, જે કેટલીય વાર પરિવાર અને મર્યાદાના બંધનોને પણ સ્વીકાર નથી કરતી. તેમાં ભોગ અને ભૌતિકતા જ સર્વોપરિ છે, પરંતુ શું આપણે એના જેવું ભારત બનાવવા માગીએ છીએ? જ્યાં ઘણા લોકો રણવીર અલાહાબાદિયાની નિંદા કરી રહ્યા છે, જ્યારે કેટલાક વોક, ઉદારવાદી અને માર્ક્સવાદી કહેવાતા બુદ્ધિજીવીઓ એના પર ઢાંકપિછોડો કરવાની કોશિશ કરી રહ્યા છે. જોકે સામાજિક દબાણમાં તેમને પણ રણવીરની ટિપ્પણીની ટીકા કરવી પડી રહી છે, પરંત તેના વિરુદ્ધ થઈરહેલી કાર્યવાહી મામલે આ લોકો ડાર્ક હ્યૂમરના પ્રકારથી લઈને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર ચર્ચા કરી રહ્યા . જ્યાં એક આક્રોશિત વર્ગ સેન્સરની વાત કરી રહ્યો છે. તેની અવગણના ન કરી શકાય કે અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે વિકૃતિ કે અપસંસ્કૃતિના સામાન્યીકરણ કે 'કૂલ' કહેવાના એવા પ્રયાસ લાંબા સમયથી થઈ રહ્યા છે. દુર્ભાગ્યે કિશોર અને યુવા પેઢી ધીમે ધીમે તેની જાળમાં ફસાતી જાય છે. એ ચિંતાજનક છે કે અશ્લીલતાને કૂલ ગણાવનારા ઇન્ટરનેટ મીડિયા ઇન્ફ્લૂએન્સરોના ફોલોઅર્સ લાખો-કરોડોમાં છે.

# મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના રાષ્ટ્રીય પરિસંવાદમાં, નવી શિક્ષણ નીતિના વિવિધ પાસાઓ પર ઊંડી વૈચારિક ચર્ચા કરવામાં આવી

(એજન્સી) મુંબઈ । તા. 15

મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી, મુંબઈ અને મુંબઈ મેટ્રોપોલિટન બેંકોની શહેરી રાજભાષા અમલીકરણ સમિતિના કન્વીનર બેંક ઓફ મહારાષ્ટ્રના સંયુક્ત ઉપક્રમે 'નવી શિક્ષણ નીતિ: પ્રાદેશિક ભાષા અને રાજભાષાનું પરસ્પર સંકલન' ના સમકાલીન વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આ મહત્વપૂર્ણ વિષયના વિવિધ પાસાઓ પર ઊંડા વૈચારિક વિચારમંથન કરવામાં આવ્યું હતું.

શુક્રવાર, ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ મુંબઈના ચર્ચગેટ ખાતે આવેલા ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બર્સના સભાગૃહમાં મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના કાર્યકારી પ્રમુખ ડૉ. શીતલા પ્રસાદ દુબે અને અન્ય મહેમાનો દ્વારા મા સરસ્વતીના ચિત્રને માળા અર્પણ કરીને અને દીપ પ્રાગટ્ય કરીને સેમિનારની શરૂઆત થઈ. સૌ પ્રથમ, મહારાષ્ટ્ર રાજ્ય ગીત રજૂ કરવામાં આવ્યું અને સ્ટેજ પર બેઠેલા બધા મહેમાનોનું પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું અને તેમને એકેડેમી દ્વારા પ્રકાશિત ઐતિહાસિક પુસ્તક 'મહારાષ્ટ્ર-શહીદોની ભૂમિ' ભેટ આપવામાં આવી. આ ગૌરવપૂર્ણ સેમિનારમાં, મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના કાર્યકારી પ્રમુખ, ડૉ. શીતલા પ્રસાદ દુબે, પ્રમુખ તરીકે અને બેંક નરકસ, મુંબઈના અધ્યક્ષ અને બેંક ઓફ મહારાષ્ટ્રના જનરલ મેનેજર, ગિરીશ મોહનરાવ થોરાટે, સહ-પ્રમુખ તરીકે, નવી શિક્ષણ નીતિમાં સત્તાવાર ભાષા અને પ્રાદેશિક ભાષા વચ્ચેના પરસ્પર સંકલનનું વિશ્લેષણ કર્યું. ડૉ. દુબેએ આ ઘટનાને ખૂબ જ સુસંગત ગણાવી અને કહ્યું કે ભારતીય



સંસ્કૃતિના પ્રચારમાં પ્રાદેશિક ભાષાઓના મૂળ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેથી, તેમનું સંરક્ષણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. બેંક ઓફ મહારાષ્ટ્રના જનરલ મેનેજર શ્રી થોરાટે જણાવ્યું હતું કે બેંક નગર સત્તાવાર ભાષા અમલીકરણ સમિતિ, મુંબઈ સત્તાવાર ભાષા તેમજ પ્રાદેશિક ભાષાઓને પ્રોત્સાહન આપવામાં સક્રિય ભૂમિકા ભજવી રહી છે. મુખ્ય અતિથિ તરીકે, ભારત સરકારના ગૃહ મંત્રાલયમાં સત્તાવાર ભાષા અમલીકરણના નિવૃત્ત સંયુક્ત નિયામક ડૉ. સુષ્મિતા ભટ્ટાચાર્યએ નવી શિક્ષણ નીતિના મહત્વપૂર્ણ પાસાઓ વિશે માહિતી આપી. મુખ્ય વક્તાઓ તરીકે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના હિન્દી શિક્ષણ સંસ્થાના નાયબ નિયામક રાજેન્દ્ર વર્મા, SNDT કોલેજના હિન્દી વિભાગના વડા ડૉ. વંદના શર્મા અને પ્રખ્યાત વાર્તાકાર, લેખક અને બેંક ઓફ મહારાષ્ટ્રના નિવૃત્ત ડેપ્યુટી જનરલ મેનેજર ડૉ. રાજેન્દ્ર શ્રીવાસ્તવે નવી શિક્ષણ નીતિના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સુંદર શૈલીમાં ઉપયોગી માહિતી આપી.

આ ચર્ચા સત્રોમાં, વિવિધ વક્તાઓ દ્વારા મુખ્ય વિષય સાહિત્યિક દ્રષ્ટિકોણથી તેમજ તકનીકી દ્રષ્ટિકોણથી સારી રીતે જોડાયેલો હતો. મુખ્ય મહેમાન ડૉ. સુષ્મિતા ભટ્ટાચાર્યએ ભાષાઓના પ્રચારમાં મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી અને બેંક નગર સત્તાવાર ભાષા અમલીકરણ સમિતિ દ્વારા કરવામાં આવી રહેલા નોંધપાત્ર કાર્યની પ્રશંસા કરી અને આ સેમિનારના આયોજનને આ દિશામાં ખૂબ જ મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું. વિવિધ ચર્ચા સત્રોમાં વિષયના આરંભકર્તા તરીકે ઇન્ડિયન ઓવરસીઝ બેંકના સત્તાવાર ભાષા વ્યવસ્થાપક સંતોષ પાઠક, SIDBIના સહાયક મહાપ્રબંધક (સત્તાવાર ભાષા) શ્રીમતી સુનિતા મુરલી અને EXIM બેંકના મુખ્ય સત્તાવાર ભાષા વ્યવસ્થાપક પદ્માકર મિશ્રાએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા. આ સેમિનારમાં, બેંક નગર સત્તાવાર ભાષા અમલીકરણ સમિતિ મુંબઈના સભ્ય કાર્યાલયોના સત્તાવાર ભાષા અધિકારીઓ અને અધિકારીઓ ઉપરાંત, મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના કાર્યકારી સભ્ય ગજાનન મહતપુરકર અને પ્રો. માર્કંડેય ત્રિપાઠી અને સહ-નિર્દેશક સચિન નિમ્બાલકર પણ હાજર હતા, જેમનું સ્ટેજ પર સ્વાગત કરવામાં આવ્યું. આ સેમિનાર સફળતાપૂર્વક યોજાયો હતો અને બેંક ઓફ મહારાષ્ટ્રના મુખ્ય સત્તાવાર ભાષા વ્યવસ્થાપક અને બેંક નરકસ મુંબઈના સભ્ય સચિવ હિતેન્દ્રનાથ ઘોટકર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય સેમિનારમાં, વરિષ્ઠ પત્રકાર પ્રો. અજિત રાય, અશ્વની રાય અને ઉષા દુબે સહિત વિવિધ સાહિત્યકારો અને વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

માહિતી બ્યુરો, પાલનપુર

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં આજરોજ કલેક્ટર કચેરી,મિટિંગ હોલ, પાલનપુર ખાતે જિલ્લાની સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં ધારાસભ્યશ્રીઓએ વિવિધ વિભાગોને પૂછેલા પ્રશ્નો સંદર્ભે અધિકારીઓ દ્વારા આપેલ જવાબો પરત્વે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી દ્વારા મળેલ વિવિધ રજૂઆત બાબતે સંબધિત અધિકારીશ્રીઓ પાસેથી રિવ્યૂ લઈ કામની પ્રગતિનો અહેવાલ ચકાસ્યો હતો. તેમજ જરૂરી સૂચના અને માર્ગદર્શન



આપ્યું હતું. અધ્યક્ષસ્થાનેથી પ્રજાના પ્રશ્નોને તાકીદે ઉકેલવા તથા વિવિધ વિકાસ કામો સત્વરે પૂર્ણ કરવાની જિલ્લાના અમલીકરણ અધિકારીઓને સૂચન કરાયા હતા. બેઠકમાં દીયોદર ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ, કાંકરેજ ધારાસભ્યશ્રી અમૃતજી ઠાકોર, ડીસા ધારાસભ્યશ્રી પ્રવીણભાઈ માળી, ધાનેરા ધારાસભ્યશ્રી માવજીભાઈ દેસાઈ દ્વારા લોકહિત અને જન કલ્યાણના પ્રશ્નો સંદર્ભે કરાયેલી કાર્યવાહી અંગે બેઠકમાં સમીક્ષા કરાઇ હતી. આ બેઠકમાં ડીસા ધાનેરાને જોડતો ફોર લેન રોડ, થરાદ મુખ્ય નહેરમાંથી ધાનેરા તાલુકાના ગામોમાં તળાવ ભરવા બાબત, દાંતીવાડા ડેમ ઓવરફ્લો થતા નદીમાં વહી જતા પાણીને કાચી કેનાલ મારફત સીપુ ડેમમાં પાણી નાખવું, જોરાપુરા (ભાખર) ગામને દાંતીવાડા તાલુકામાં સમાવેશ કરવો, દિયોદર-ભાભર હાઈવેથી આમલા ગામને જોડતા રોડના રીપેરીંગનું કામ, દિયોદર ખાતે ધનાસરી તળાવ, લાખણીનું ખળાવાળું તળાવ તથા ભીલડીનું દુધિયા તળાવમાં ગટર તથા ચોમાસાના પાણીના નિકાલ અંગેનો પ્રશ્ન, ડીસા સ્થિત ડીસન્ટ હોટેલની સામેથી લઈ રાજમંદિર સુધી સર્વિસ રોડ પર અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ માટે મંજૂરી બાબત, ડીસા આખોલ સ્થિત જંક્શન નાનું બનાવવું, થરા શહેરમાં સર્વિસ રોડની પહોળાઈ વધારવા સહિતના પ્રશ્નો બાબતે કામગીરીની સમીક્ષા કરાઈ હતી.

# ગૌચરની જમીનો આખલા ચરી જતાં ખુટિયા ઓના જાહેર રોડ ઉપર ધામા

## રેઢિયાળ પશુઓનો ત્રાસ દિનપ્રતિદિન વધારો થતાં નાગરિકો ત્રાહિમામ પોકારી ઊઠયા

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

જાફરાબાદ શહેરમાં બજારમાં તથા શાકમાર્કેટ માં સોસાયટી ઓ ની ગલીઓમાં ભટકતા આખલાઓ યમદૂત સમાન જાહેર માર્ગો ઉપર પશુઓના અડિંગાના કારણે વાહનચાલકો પરેશાની વેઠવી રહ્યા છે. શહેરમાં જાહેર રસ્તા ઓ પર પશુઓના અડિંગાથી રાહદારીઓને અવરજવર કરવામાં ભારે હાડમારી વેઠવી પડે છે. પશુઓના અડિંગો રસ્તા ઉપર હોવાથી વાહનચાલકોને અવરજવર કરવામાં પણ અકસ્માત નો ભય સેવાઇ રહ્યો છે. શહેરમાં જ્યારે આખલા યુધ્ધ સર્જાય ત્યારે પસાર થતા રાહદારીઓના શ્વાસ અધ્ધર થઈ જાય છે. આખલા યુધ્ધે ચઢે ત્યારે લોકો પણ અડફેટે ચડી ગયા હોવાના પણ બનાવો બન્યા છે. અને અનમોલ જીંદગી ઓ પણ છિનવાઈ ગયેલ છે. તો અમુક કિસ્સામાં હાથપગ પણ ભાંગી ગયેલ છે. પરંતુ જવાબદાર વિભાગ ક્યારે કુંભકર્ણ



નિંદ્રામાં માંથી જાગશે અને ગંભીરતા લેવામાં આવશે..??? જાહેર રોડ રસ્તાઓ બજારોમાં તથા માર્કેટમાં રોડ રસ્તાઓ ઉપર પશુઓ બેસતા હોવાથી અકસ્માતો પણ સર્જાયા છે. અકસ્માતે ઘણાખરા લોકો એ પોતાના અનમોલ જીવ ગુમાવ્યા છે. તથા સારવાર લેવાની ફરજ પડી છે. અને અમુક લોકોએ પોતાના હાથ પાડું પણ ભાગ્યા છે. શહેરમાં મોટાભાગના જાહેર રસ્તાઓ પર પશુઓનો ત્રાસ પ્રતિદિન વધી રહ્યો છે. જવાબદાર તંત્રની ઘોર બેદરકારીના કારણે માર્ગો પર પસાર થતા મહિલાઓ વૃદ્ધો શાળાએ જતા નાના ભૂલકાંઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જ્યારે આખલા યુધ્ધ સર્જાય ત્યારે આસપાસ દુકાનદારો લારીધારોકો શાકભાજી પાથરી બેઠેલા લોકો પાર્ક કરેલા વાહનોને મોટાપાયે નુકસાન થઈ રહ્યું છે. પરંતુ જવાબદાર તંત્ર કરી રહ્યા છે. આંખ આડા કાન શું આ બાબતે પાલિકા તંત્ર ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એક્ટ વીથ રૂલ્સ ઍન્ડ નોટીફિકેશન્સ માં ઢોર પુરવા બાબત ની જોગવાઈઓ આ કાયદામાં પાલિકા ની સત્તા હોવા છતાં પણ કાયદાઓ મુજબ કામગીરી કરવામાં આવતી નથી જવાબદાર તંત્ર પશુઓને ડબ્બે પુરી તેમના નિભાવ માટે બેદરકાર બન્યું છે. જેના કારણે લોકોને ભારે હાડમારી વેઠવી પડે છે. જિલ્લાના ગ્રામ્ય પંથકમાં ગૌચરની જમીન પર પેશકદમી થઈ છે. જેથી પશુઓનું પણ શહેરીકરણ વધ્યું છે. જવાબદાર તંત્ર દ્વારા શહેર પશુઓના ત્રાસમુક્ત બંને તેવી લોકોમાંથી માંગ ઉઠી છે.

# સંખેડા તાલુકાના બહાદુરપુર ગામના હાટ બજાર ખાતે ટીબી રોગ અંગે જન જાગૃતિ ભવાઈ કાર્યક્રમ યોજાયો



કમલેશ પટેલ । સંખેડા

સંખેડા તાલુકા ના બહાદુરપુર ગામ ના હાટ બજારમાં જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર તરફથી જય મોગલ યુવક મંડળ, તુરી (બારોટ)જગદીશભાઈ. આર. અને તેમની સમગ્ર ટિમ દ્વારા ભવાઈનો પ્રોગ્રામ યોજાયેલ. જેમાં ટીબી રોગ અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ટીબી સુપર વાઈઝર, બહાદરપુર મેડિકલ ઓફિસર તથા Phc ખાતેના સ્ટાફ અને અહીં ના લોકો ખૂબ બહોળા પ્રમાણ માં ઉપસ્થિત રહ્યા હતા. ભવાઈમાં ઉપસ્થિત રહેલા લોકોને ટીબી રોગ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.સફળતા પૂર્વક આ ભવાઈ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.

# મહાકુંભમાંથી પરત આવેલા એક્તાનગરના સ્નાનીઓનું સ્વાગત કરવામાં આવ્યું



મહેશ એલ.સોની । નખત્રાણા

૧૪૪ વર્ષ બાદ યોજાઈ રહેલા તા.૧૩ જાન્યુઆરી થી તા.૨૬ જાન્યુઆરી સુધી ૪૪ દિવસ ચાલનારા પ્રયાગરાજ ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા દેશ વિદેશમાંથી કરોડોની સંખ્યામાં સાધુ સંતો તેમજ ભાવિકો ઉમટી રહ્યા છે ત્યારે કચ્છના છેવાડાના સરહદી વિસ્તારના પાનધ્રોના નવાનગર એક્તાનગરના ગણપતભાઈ રાવલ મુકેશભાઈ હેડાઉ તેમજ મનસુખભાઈ હેડાઉ ત્રિવેણી સંગમમાં સ્નાન કરી પરત આવતા તેઓનું નું સન્માન કરવામાં આવ્યું હતું એકતાનગરના શ્રવણ ભટૈયા તેમજ કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળ પ્રમુખ રાજેશ સોનીએ તિલક તેમજ માળા પહેરાવી તેઓનું સન્માન કર્યું હતું.

# ચાણસ્મા પાલિકાની ચૂંટણી માટે ઈવીએમ મશીનો સહીત ચૂંટણી માટે કર્મચારી ઓ રવાના કરાયા



નીતિન ઠાકર । ચાણસ્મા

ચાણસ્મા પાલિકા ની ચૂંટણી ની આખરી તૈયારી નાં ભાગ રૂપે ચાણસ્મા આઈ ટી આઈ ખાતે થી ઈવીએમ મશીનો નું મતદાન કેન્દ્ર ખાતે ચૂંટણી કામ માં લેવામાં આવનાર 78 કર્મચારીઓ ને રવાના કરાયા હતાં ચાણસ્મા પાલિકા ની 6વોર્ડ નાં 24 નગર સેવકો ની ચૂંટણી યોજાઈ રહી છૅ ત્યારે શાંતિપૂર્ણ મતદાન યોજાય તે માટે ચાણસ્મા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત માટે પોલીસ કર્મચારી ઓં સાથે હોમગાર્ડ જી આર ડી જવાનો ને દરેક મતદાન મથક પર તેનાત કરાયા હોવાનું ચૂંટણી અધિકારી એ જણાવ્યું.

# જુનિયર ટાઇટન્સની બીજી સિઝનમાં 106 શાળાઓમાંથી 5000 વિદ્યાર્થીઓએ ભાગ લીધો




(એજન્સી) અમદાવાદ । તા. 15

ગુજરાત ટાઈટન્સે અમદાવાદમાં 'જુનિયર ટાઈટન્સ સિઝન ટુ'ના ફાઈનલ મેચની સફળતાપૂર્વક ઉજવણી કરી, આ ઉજવણી વિશ્વની લોકપ્રિય બ્રાન્ડ પોકેમોન સાથે તેના પ્રથમ જોડાણ માટે પણ હતી. 'લેટ્સ સ્પોર્ટ આઉટ' થીમ સાથે સજ્જ આ ઝુંબેશનો હેતુ 14 વર્ષથી ઓછી વયજૂથના બાળકોમાં આઉટડોર સ્પોર્ટ્સ માટે પ્રેમ અને ઉત્સુક્તા જાગૃત કરવાનો હતો. સિઝન ટુની ફાઈનલ મેચ અમદાવાદનાં સેન્ટ ઝેવિયર્સ હાઈ સ્કૂલ લોયલા હોલ ખાતે યોજાઈ હતી. આ ઈનોવેટિવ ઝુંબેશનું આયોજન ગુજરાતના પાંચ શહેરો જૂનાગઢ, ભાવનગર, ભરૂચ, પાલનપુર અને આજે અમદાવાદમાં થયુ હતું. જેમાં 106 શાળાઓમાંથી 5000 વિદ્યાર્થીઓની હાજરી સાથે પાંચ શહેરોમાંથી મોટી સંખ્યામાં બાળકો હાજર રહ્યા હતા. ગુજરાત ટાઈટન્સ દ્વારા શરૂ આ યુનિક ઝુંબેશ બાળકોને આઉટડોર એક્ટિવિટીમાં ભાગ લેવા પ્રોત્સાહન પૂરુ પાડે છે. તેમજ નાનપણથી જ આઉટડોર સ્પોર્ટ્સ માટે તેમના જુસ્સાને વેગ આપતાં સ્પોર્ટ્સ કલ્ચર સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે. આ સિઝનની મુખ્ય વિશેષતા પોકેમોન સાથે ભાગીદારી હતી. જોડાણના ભાગરૂપે બાળકોને તેમના પ્રિય પોકેમોન, પિકાચુને મળવાની અને રોમાંચક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તક આપી હતી. જેમાં પ્રોત્સાહક ઈનામો હાંસલ કરવાની તક પણ હતી. પાલનપુર અને અમદાવાદમાં બાળકોને પોકેમોન ગુડી બેગ અને સ્ટીકર્સ વહેંચ્યા હતા. આ ભાગીદારી ગુજરાત ટાઇટન્સની ક્રિકેટ સીઝનનું વિસ્તરણ કરશે, જેમાં પસંદ કરાયેલા બાળકોને પોકેમોન સાથે લાઈવ મેચ ડેનો અનુભવ કરવાની મંજૂરી મળશે. ગુજરાત ટાઇટન્સના ચાહકોને આગામી ક્રિકેટ સીઝન દરમિયાન લોન્ચ થનારા ડિજિટલ ઈન્ટિગ્રેશન સેટ દ્વારા ટીમના હોમ સ્ટેડિયમ - નરેન્દ્ર મોદી સ્ટેડિયમના ફેન ઝોનમાં પીકાચુ સાથે વાર્તાલાપ કરવાની તક પણ મળશે. ગુજરાત ટાઈટન્સના સીઓઓ કર્નલ અરવિન્દર સિંહે જણાવ્યું હતું કે, "અમે આ વર્ષે જુનિયર ટાઈટન્સને બહોળો પ્રતિસાદ મળવા બદલ આનંદિત છીએ. અમદાવાદમાં આજે બીજી સિઝનનું સફળ સમાપન થયુ હતું. અને આ સિઝનમાં નવા શહેરો સાથે જોડાયા. આકર્ષક પ્રતિસાદ આપવા બદલ તમામ યજમાનો, પ્રેક્ષકો તેમજ શાળાઓનો આભાર માનીએ છીએ. બાળકો પોકેમોનના કેરેક્ટર પિકાચુને મળવા માટે ખૂબ ઉત્સુક હતાં. આપણે આગામી વર્ષે મળીશું.

# હરેકૃષ્ણ મંદિર ભાડજ દ્વારા "પરિવર્તન"- મેગા યુવા મહોત્સવ હેઠળ ગુજરાતના યુવાનોને ડ્રગમુક્ત કરવા અભિયાન ચલાવાશે

(એજન્સી) અમદાવાદ । તા. 15

વિશ્વ ગુરુ શ્રીલ પ્રભુપાદ મહારાજજીના શુભાશીષથી હરેકૃષ્ણ મંદિર ભાડજ દ્વારા ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અમદાવાદના હરેકૃષ્ણ મંદિર ખાતે મેગા યુવા મહોત્સવ "પરિવર્તન"નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિવિધ સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સામાજિક પહેલ દ્વારા સમગ્ર રાજ્યના યુવાનોને પ્રેરણા આપવા, જોડવા અને સશક્ત બનાવવા માટે એક જીવંત પ્લેટફોર્મ બનાવવાનો છે. આ કાર્યક્મમાં રાજ્ય અને તેની બહારના ૧,૦૦૦થી વધુ યુવાનો ઉત્સાહપૂર્વક જોડાશે એવો એક અંદાજ છે. મંદિરની વેબસાઈટwww.harekrishnmandir.org ઉપર "પરિવર્તન"- મેગા યુવા મહોત્સવની માહિતી મળી રહેશે."પરિવર્તન"- મેગા યુવા મહોત્સવ કાર્યક્રમની વિગતો આપતાં હરેકૃષ્ણ મંદિર ભાડજ યુવા સંગઠનના હેડ શ્રી રાસપરાયણ પ્રભુએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં યુવાઓ આત્મહત્યા, મોબાઈલ એડીક્શન, વિવિધ વ્યસનો, માનસિક તણાવ, સામાજિક સંબંધોમાં આવતી સમસ્યાઓ, સાયબર સિક્યુરીટી ચેલેન્જ, જેવા




વિવિધ પ્રશ્નોથી ઘેરાયેલા રહે છે. યુવાઓને સતાવતી વિવિધ સમસ્યાઓમાંથી બહાર લાવવા હરેકૃષ્ણ મંદિર ભાડજ દ્વારા મેગા યુવા મહોત્સવ "પરિવર્તન"નું આયોજન કરવામાં આવ્યું છે. "પરિવર્તન"- મેગા યુવા મહોત્સવના માધ્યમ દ્વારા યુવાઓના દિલમા ધાર્મિક, સાંસ્કૃતિક સંસ્કારોના સિંચનથી પરિવર્તન લાવવાનો પ્રયત્ન સંસ્થા દ્વારા કરવામાં આવશે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે જેમ જેમ આપણે જોઈ રહ્યા છીએ કે ડ્રગ દેશના યુવાનોને કેવી રીતે નષ્ટ કરી રહ્યું છે, તેમ પરિવર્તન એ ડ્રગ વ્યસન સામેની લડાઈ છે અને આમ પરિવર્તનનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં નવીનતા, સર્જનાત્મકતા અને નેતૃત્વની ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે, સાથે સાથે ગુજરાતની સાંસ્કૃતિક અને સામાજિક જોડાણ માટે ગતિશીલ ધરોહર તરીકે પ્રોત્સાહન આપવાનો છે. આ મોટી સમસ્યા સામે લડવાની જવાબદારી સમગ્ર સમાજની છે. ડ્રગ વ્યસન સામેની આ લડાઈમાં આ કાર્યક્રમ એક મહાન સીમાચિહ્નરૂપ બનશે. હરેકૃષ્ણ મંદિર ભાડજના પ્રવક્તા શ્રી શ્યામચરણ પ્રભુએ જણાવ્યું હતું કે "પરિવર્તન"- મેગા યુવા મહોત્સવ કાર્યક્રમની શરૂઆતમાં સૌ પ્રથમ એવા યુવાઓને સાંકળી લેવામાં આવશે કે જેઓ નિર્દોષ છે, જેઓ સમાજની બદીઓથી દૂર છે, તેઓ વ્યસનોથી કાયમ માટે દૂર રહે. આજના સંસ્કારી યુવાનો વિકાસશીલ ભારતનું ભવિષ્ય છે, જેથી તેઓને સામાજીક બદીઓથી બચાવવા એ સમાજના દરેક વર્ગની જવાબદારી છે. આ કાર્યક્રમમાં હરેકૃષ્ણ ચળવળના વરિષ્ઠ જીબીસી સભ્ય, ફિટનેસ ઇન્ફ્લુએન્સર શ્રી અંકિત બૈયાનપુરિયા, અનુભવી અને પ્રેરક વક્તા કર્નલ રાજીવ ભરવાન, મનોચિકિત્સક અને માનસિક સ્વાસ્થ્ય વકીલ ડૉ. સાર્થક દવે, અન્ય લોકોની હાજર રહી કાર્યક્મમાં હાજર યુવાનોને સામાજીક બદીઓથી દૂર રહેવા અને ઉત્તમ સમાજના ઘડતરમાં યોગદાન આપવા પ્રોત્સાહન આપશે.

# COCONUT WATER

## નારિયેળ પાણી ત્વચા માટે છે અમૃત સમાન જાણો તેનાથી સ્કિનને થતા લાભ વિશે

**નાળિયેર પાણી સ્વાસ્થ્ય માટે અમૃત સમાન છે. તેનાથી આપણા શરીરને ઘણા બધા ફાયદા થાય છે. નાળિયેર પાણીમાં ઈલેક્ટ્રોલાઈટ્સ અને અન્ય પોષક તત્વો હોય છે જે શરીરને હાઈડ્રેટ અને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. નાળિયેર પાણીનો ઉપયોગ ત્વચા પર પણ કરી શકાય છે અને તેનાથી પણ અનેક લાભ થાય છે. જો તમે આજ સુધી ફક્ત નાળિયેર પાણી પીધું જ છે તો તમને જણાવી દઈએ કે તમે નાળિયેર પાણીને ત્વચા પર અપ્લાય કરી શકો છો. જો તમે નાળિયેર પાણી પીવાની સાથે તેને ચહેરા પર પણ લગાડો છો તો તેનાથી ત્વચાને આ ફાયદા થાય છે.**



### નાળિયેર પાણીથી ત્વચાને થતા લાભ

નાળિયેર પાણી ચહેરાને તુરંત હાઈડ્રેટ કરે છે અને ત્વચાને કોમલ બનાવે છે સાથે જ કરચલીઓ પણ ઓછી કરે છે. નાળિયેર પાણીમાં જે એન્ટીઓક્સિડન્ટ હોય છે તે ફ્રીરેડિકલ્સથી થતા નુકસાનને ઓછું કરવામાં મદદ કરે છે. નાળિયેર પાણીનો ઉપયોગ કરીને તમે ચહેરા પરના ડાઘ ધબ્બાને પણ ઓછા કરી શકો છો અને ત્વચાને ચમકદાર બનાવી શકો છો. નાળિયેર પાણીમાં એન્ટીબેક્ટેરિયલ અને એન્ટી ફૉંગલ ગુણ હોય છે જે ખીલને વધતા અટકાવવામાં મદદ કરે છે. સાથે જ તે સ્કિન પોર્સને બંધ કરી અને બેક્ટેરિયાને વધતા અટકાવે છે. નાળિયેર પાણીમાં એવા ઘણા બધા તત્વો હોય છે જે ત્વચાને સૂર્યપ્રકાશથી થતા નુકસાનથી બચાવે છે. નાળિયેર પાણી સનર્બનને રોકી શકે છે. નાળિયેર પાણીમાં જરૂરી વિટામીન અને ખનીજ હોય છે જે ત્વચાને પોષણ આપે છે અને સ્વસ્થ બનાવે છે.

### નાળિયેર પાણીનો કેવી રીતે કરવો ઉપયોગ?

ચહેરા પર નાળિયેર પાણીનો ઉપયોગ કરવાની અલગ અલગ રીતો છે. તમે નાળિયેર પાણીને ચહેરા પર ડાયરેક્ટ અપ્લાય પણ કરી શકો છો અને અન્ય વસ્તુઓ સાથે ઉમેરીને પણ લગાડી શકો છો. જો તમે નાળિયેર પાણીને ચહેરા પર લગાડવા માંગો છો તો રૂ ની મદદથી નાળિયેર પાણીના ચહેરા પર સારી રીતે અપ્લાય કરો. પાંચથી દસ મિનિટ માટે તેને રહેવા દો અને પછી સાદા પાણીથી ચહેરો સાફ કરી લો.

## માથામાં ટાલ પડી જાય તે પહેલા ખરતાં વાળને અટકાવો

**ખરતા વાળની સમસ્યાથી મોટાભાગના લોકો પરેશાન થઈ ચૂક્યા હોય છે. વાળ ખરવાના અનેક કારણ હોય છે. સ્ટ્રેસ અને અનહેલથી ફૂડના કારણે સૌથી વધારે વાળ ખરે છે. આ સિવાય વાળની જ્યારે જરૂરી પોષક તત્વો ન મળતા હોય ત્યારે પણ વાળ ખરવા લાગે છે. શરૂઆતમાં તો લોકો ખરતા વાળ ઉપર ધ્યાન આપતા નથી પરંતુ ધીરે ધીરે માથા પર ટાલ દેખાવા લાગે છે. માથા પર જ્યારે ટાલ દેખાવા લાગે ત્યારે કેટલીક વસ્તુઓનો ઉપયોગ કરીને તમે ખરતા વાળની સમસ્યાને દૂર કરી શકો છો અને વાળનો ગ્રોથ વધારી શકો છો. આજે તમને ખરતા વાળને અટકાવવાના ઘરેલુ ઉપાય જણાવીએ.**



**ઓઈલ મસાજ |** સૌથી પહેલા તો વાળમાં નિયમિત તેલ નાખી મસાજ કરવાની શરુઆત કરો. માથામાં તેલથી મસાજ કરવાથી માથામાં બ્લડ સર્ક્યુલેશન બરાબર રીતે થાય છે અને તેનાથી વાળનો ગ્રોથ વધે છે. તેથી સારા હેર ઓઈલથી સપ્તાહમાં બે થી ત્રણ વખત માથામાં મસાજ કરવી.

**કેસ્ટર ઓઈલ |** ખરતા વાળને અટકાવવા અને વાળનો ગ્રોથ વધારવા માટે કેસ્ટર ઓઈલ બેસ્ટ છે. વાળમાં ઓઈલ મસાજ કરવા માટે કેસ્ટર ઓઈલનો ઉપયોગ કરવો જોઈએ. કેસ્ટર ઓઈલનો ઉપયોગ કરવાથી ખરેલા વાળની જગ્યાએ નવા વાળ ઝડપથી ઉગવા લાગે છે.

**આમળા |** આમળામાં જરૂરી ફેટી એસિડ હોય છે જે વાળના રોમ છિદ્રોને મજબૂત કરે છે તેમાંથી વિટામીન સી પણ ભરપૂર હોય છે જે વાળને સફેદ થતા અટકાવે છે.

**ડુંગળીનો રસ |** ડુંગળીનો રસ કાઢીને માથામાં લગાડી મસાજ કરવાથી વાળનો ગ્રોથ વધે છે. ડુંગળીનો રસ માથામાં લગાડવાથી તાલમાં પણ વાળ ઉગવા લાગે છે. તમે ડુંગળીના રસને નાળિયેરના તેલમાં મિક્સ કરીને પણ લગાડી શકો છો. શેમ્પુ કરવાનું હોય તેની 15 મિનિટ પહેલા ડુંગળીનો રસ લગાડવાથી લાભ થાય છે.

## સરળ પદ્ધતિઓ વોશિંગ મશીનનું આયુષ્ય વધારશે

**વોશિંગ મશીન આપણા રોજિંદા કામોને સરળ બનાવે છે. પરંતુ જો તમે તેનો યોગ્ય રીતે ઉપયોગ નથી કરતા તો તે સ્વાસ્થય માટે કપડા બંને માટે નુકસાનકારક છે. જો વધારે ટાઈમ કપડા મશીનમાં પડી રહેશે તો ભેજને કારણે બેકટેરિયા અને ફુગ ઝડપથી વધી શકે છે. જેનાથી કપડામાં દુર્ગંધ આવવા લાગે છે. કપડા ધોયા પછી મશાનના ઢાંકળને બંધ મ કરો, તેના બદલે થોડીવાર પછી ખુલ્લુ રાખો, જેથી અંદરની નમી સુકાઈ જાય અને બેકટેરિયા અને ફુગ ન વધે. નાના કપડા અને મોજા ઘણીવાર મશીનમાં ફસાઈ જાય છે. એટલા માટે તે બરાબર સાફ નથી થતા. તે કપડાને હંમેશા અલગ ધોવા જોઈએ. ચાદર અને મોટા કપડાને થોડા ગરમ પાણીથી ધોવા વધારે સારુ રહેશે, કેમકે તેનાથી બેક્ટેરિયા અને ધૂળ-માટી સારી રીતે નિકળી જાય છે. મશીનને સમય પર સાફ કરવુ ખૂબ જ જરુરી છે. કેમકે તેમાં સાબુના અવશેષો, ગંદકી અને બેક્ટેરિયા જમા થઈ જાય છે. એટલા માટે કપડા બરાબર સાફ નથી થતા.**



**લિન્ટ ફિલ્ટર અને વેન્ટ્સ તપાસતા રહેવુ |** મહિનામાં એક કે બે વાર લિન્ટ ફિલ્ટર સાફ કરવું જોઈએ. જેનાથી વોશર અને ડ્રાયરની કાર્યક્ષમતા પર અસર પડે છે, હંમેશા તમારા વોશિંગ મશીનનો પાવર કામ પત્યા પછી બંધ કરો અને તેને તેના આઉટલેટમાંથી અનપ્લગ કરવની આદત પાડો. ગરમ પાણીમાં ડિટર્જન્ટ (અથવા વિનેગર) ભેળવીને જૂના ટૂથબ્રશનો ઉપયોગ કરી શકો છો અને ઉપયોગ દરમિયાન પાણી બહાર નીકળશે તેવામાં કોઈપણ છિદ્રોમાં જમા થયેલી કોઈપણ ગંદકીને હળવેથી સાફ કરવુ, જ્યારે બધા વિસ્તારોની સફાઈ પૂર્ણ થઈ જાય ત્યારે બાકીના સાબુના અવશેષોને ઠંડા પાણીથી સારી રીતે ધોઈ લો અને પછી પાવર પાછું ચાલુ કરતા પહેલા બધું સંપૂર્ણપણે મશીનને સુકાવા દેવુ.

**યોગ્ય સંતુલન જાળવવું જરિરી |** મશીનમાં વધારે કપડા અથવા ઓછા કપડા મુકવાથી ધોવા પર અસર પડે છે. યોગ્ય રીતે કપડા ધોઈ શકાય તે માટે યોગ્ય સંતુલન જાળવવું જરિરી છે. જરુર કરતા વધારે પાઉદર વાપરવાથી પણ મશીનમાં વધુ ફીણ બને છે. જેના લીધે સાફ કરવામાં અસર પડે છે અને મશીનના અંદરના ભાગોને નુકસાન પહોંચી શકે છે.

## ખાલી પેટ ચા કે કોફી નહીં 1 ચમચી ઘી ખાવાનું શરુ કરો

### 30 દિવસમાં કાયાપલટ થઈ જશે

મોટાભાગના લોકો પોતાના દિવસની શરૂઆત ગરમા ગરમ ચા અથવા તો કોફી પીને કરતા હોય છે. ખાસ કરીને ઠંડીના વાતાવરણમાં એક કપ ચા કે કોફી જ્યાં સુધી ન મળે ત્યાં સુધી શરીરમાંથી સુસ્તી જાતી નથી. જો તમે તમારા સ્વાસ્થ્યને સુધારવા માંગતા હોય તો પોતાની આદતમાં ફેરફાર કરી લો. તેના માટે સવારે સૌથી પહેલા ચા કે કોફી પીવાને બદલે એક ચમચી ઘી ખાવાની ટેવ પાડો. જો તમે તમારી આદતમાં આ નાનકડો ફેરફાર કરી લેશો તો તેનાથી શરીરને પાંચ ફાયદા થશે.

### ખાલી પેટ ઘી ખાવાથી થતા ફાયદા

ઘીનો ઉપયોગ કરવાથી પાચનતંત્ર સુધરે છે. સવારે એક ચમચી ઘી પાણી સાથે પીવાથી પોષક તત્વના એબ્ઝર્વેશનમાં શરીરને મદદ મળે છે અને ગટ હેલ્થ સુધરે છે.

ચા-કોફીમાં ભરપૂર માત્રામાં ખાંડનો ઉપયોગ કરવામાં આવે છે. સવારે ચા કે કોફી પીવામાં આવે તો બ્લડ શુગર વધી જાય છે. તેવામાં જો તમે સવારે પાણી સાથે ઘીનું સેવન કરો છો તો બ્લડ સુગર કંટ્રોલમાં રહે છે.

ઘણા લોકો એવું માને છે કે ઘીમાં ફેટ હોય છે જે વજન વધારે છે પરંતુ ઘીમાં હેલ્ધી ફેટ હોય છે જે વજન કંટ્રોલ કરવામાં મદદ કરે છે. સવારે ઘીનું સેવન કરવાથી પેટ લાંબા સમય સુધી ભરેલું રહેશે અને તમે અનહેલ્થી સ્નેકીંગથી બચી જશો.

ઘીમાં જે ચિકાસનો ગુણ હોય છે જે સાંધાના દુખાવા અને સાંધાની તકલીફ માટે ફાયદાકારક છે. ઘીની ચિકાસ સાંધાની કનેક્ટિવિટી ને સુધારે છે.

ઘીમાં વિટામીન અને એન્ટિઓક્સિડન્ટ હોય છે. જો તમે નિયમિત રીતે પાણી સાથે ઘીનું સેવન કરો છો તો ત્વચા અંદરથી સ્વસ્થ અને કોમળ રહે છે. સવારે ચા કે કોફીને બદલે પાણીમાં ઘી ઉમેરીને પીવાથી ત્વચા પર કુદરતી ચમક આવે છે.



## શંભુ શરણે પડી માંગુ ઘડી રે ઘડી કસ્ટ કાપો, દયા કરી દર્શન શિવ આપો...



ભગવાન ભોળાનાથ
- રુપાલી દવે

દેવોની સભામાં ખાસ ચર્ચા થતી હતી કે બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ ત્રણેય ભગવાન માંથી તુરંત પ્રસન્ન અને દંડ આપનાર કોણ છે? દેવોના રાજા ઈન્દ્ર એ દેવોને કહ્યું કે ભગવાન ભોળાનાથ એના ભક્તો ની નાનકડી સેવાથી પણ પ્રસન્ન થઈ ને વરદાન આપી દે છે. ભક્ત ની ભૂલ બદલ દંડ પણ તુરંત આપી દેતા હોય છે. લોકવાયકા મુજબ ભોળા દેવ ની અડફેટે ભૂલ થી આવ્યા તો સમજો બધું ખલાસ..પૃથ્વી ની શરૂઆત માં નંદી ને પૃથ્વી પર મોકલી ને “એક વાર ભોજન અને ત્રણ વાર સ્નાન” મેસેજ આપવા મોકલ્યા ત્યારે ભૂલ થી એણે મનુષ્યો ને ત્રણવાર ભોજન અને એકવાર સ્નાન સંદેશ આપતા જ ભોળાનાથ ના ગુસ્સા નો શિકાર બન્યા હતા. ભગવાન શિવ એ એના વાહન નંદી ને શ્રાપ આપ્યો છે કે પૃથ્વી પર હળ ચલાવી ને લોકો માટે ઉત્પાદન કરશે. મનુષ્ય એકવાર ભોજન કરી શકે એટલું અન્ન તો ધરા પર ઉપલબ્ધ છે જ.પરંતુ ત્રણ ટાઈમ ભોજન તો નંદી ના પરિશ્રમ વગર અશક્ય છે. ભગવાન ભોળાનાથ ને ભક્તો નો પ્રેમ સ્વીકાર્ય છે પરંતુ ભક્ત ની નાની કે મોટી ભૂલ બદલ દંડ અચૂક મળે છે.સદાશિવના દંડ બાબતે માતા સતી પણ ભગવાન ભોળા ના કોપ થી બચ્યા નથી.એકવાર માતા સતીએ પૂછ્યું કે પ્રભુ આપ નિત્ય કોના સ્મરણ માં લીન રહો છો.આપને મારા તરફ પણ ધ્યાન આપવા નો સમય નથી. ભગવાન ભોળાનાથ એ પત્ની તરફ નજર કરી ને કહ્યું કે પ્રિય,હું મારા આરાધ્ય “પ્રભુ શ્રી રામ” ના સ્મરણ માં લીન રહું છું.શિવપ્રિયા, આપને એ વાત સમજાશે નહિ બોલીને શિવજી પુનઃ આંખ બંધ કરીને ધ્યાન માં લીન થઈ ગયા. ત્યારે માતા સતીએ ધરતી પર પત્ની સીતા ને વન વનમાં શોધતા શ્રી રામ ને દીઠા.સતીને પત્ની સહજ થયું કે પતિ એ એના પ ર ધ્યાન દેવાના બદલે શ્રી રામ નામ સ્મરણ માં વિતાવે છે, એવું કઈક કરું કે શિવજી ને સબક મળે. આમ વિચારી ને માતા સતીએ સીતાજી નું સ્વરૂપ ધારણ કર્યુ.

..સીતાજી નું સ્વરૂપ ધારણ કરી ને માતા સતીએ ધરતી પર પધાર્યા.વન વનમાં સીતાજી ને શોધતા પ્રભુ શ્રી રામચંદ્રજી ની સામે એ ધીમે ધીમે ચાલતા ચાલતા આવ્યા ને નજીક જઈને ઊભા રહ્યા.પ્રભુ શ્રી રામચંદ્રજી એ સીતાજી ના સ્વરૂપ મા ઉભેલા સતીને પ્રણામ કરતા પૂછ્યું કે માતા,આપ એકલા કેમ વિકરાળ વન માં ફરો છો? પત્નીની સીતા ની શોધ માં ભટકી રહ્યો છું,શું આપના નજરે ક્યાંય મારી પત્ની સીતાજી વન નિહાળી છે. પ્રભુ શ્રી રામચંદ્રજી ની વાત સાંભળતા જ માતા સતી ને પોતાની ભૂલ સમજાતાં ભય લાગ્યો.પતિ ના આરાધ્ય ની પરીક્ષા કરતા થયું કે મારાથી મોટી ભૂલ થઈ ગઈ છે.કૈલાસ જઈને પતિને આગળ સતી નું તેજ ઝાંખું પડશે. શિવજી એ ધરા પરથી કૈલાસ પધારેલ માતા સતી ને પૂછ્યું કે મારા આરાધ્ય ની પરીક્ષા કર્યા બાદ તસલ્લી થઈ ગઈ,શું જાણ્યું એના વિશ? સતી એ ખૂબ માફી માંગી ને વિનંતી કરી કે ભૂલ થઈ પ્રભુ માફ કરો. ભગવાન શિવજી એ કહ્યું કે તમે શિવ પત્ની સતી મટી ગયા ને મારી નજરમાં મારા આરાધ્ય ન પત્ની ઉપસ્થિત છે. સીતાજી નું સ્વરૂપ ધારણ કરીને મને દુઃખ પોહચાડિયું છે. આપ ને પત્ની માંનું તો શિવ ની તપસ્યા ભંગ થાય. સતીજી એ પોતાની ભૂલ બદલ ખુબ માફી માંગતા કહ્યું કે પ્રભુ,હું “રામ” તત્વ થી અજાણ હતી અજાણતા થી થયેલ ભૂલ ને માફી આપવી એમ ધર્મ કહે છે. મને માફી આપવી અને આરાધ્ય શ્રી રામ તત્વ ને સમજાવવું એ આપનો ધર્મ છે.

ભગવાન ભોળાનાથ એ પત્ની સતી ને “શ્રી રામ તત્વ” સમજાવવા માટે કૈલાસના જંગલમાં આવેલ વિશાળ વડલા ના ઝાડ નીચે લઈ ગયા. ભગવાન સદાશિવ એ ત્રણ તાળીઓ પડતાં જ જંગલ માં નિવાસી પશુ, પક્ષી,જીવજંતુ અને માણસ એકાએક અલોપ અલોપ થઈ ગયા.કહેવાય છે કે ભગવાન સદાશિવ એ પૃથ્વી પર રામ તત્વ ની અમર કથા પ્રથમ વાર પત્ની સતીને સંભળાવી હતી. શિવજી એ વર્ણવેલ રામાયણ ની અમરકથા માતા સતી સાથે ઝાડ પર કબૂતર ના બે ઈંડા માંથી નીકળેલ બે બચ્ચાઓ સાંભળી હતી. આ કારણોસર આજ પણ કબૂતર ના બન્ને બચ્ચાનું જોડું હયાત છે.. સમયકાળ બાદ એ વડલા ના ઝાડની જગ્યા એ શિવજી ની ગુફા જતા એ “અમર નાથ ની ગુફા “ નામે પ્રચલિત તીર્થ ધામ બન્યું છે.દર વર્ષે આ જગ્યા એ ભગવાન ભોળાનાથ માતા સતી સાથે બરફ ના શિવલિંગ સ્વરૂપે પ્રગટ થાય છે..માતા સતીને રામ તત્વ સમજાવી ને ભગવાન ભોળા નાથ તપશ્ચર્યા માં લીન બની ગયા. ભગવાન ભોળાનાથ પત્ની પ્રત્યે અત્યંત પ્રેમના લીધે શિવજી પત્ની સતી ને દંડ આપી ન શક્યા. જ્યારે કૈલાસ પર થી દેવોના અસંખ્ય વિમાનો પસાર થતા જોઈને ને માતા સતીએ શિવ ગણો ને પૂછ્યું કે કેમ આટલા બધા વિમાનો પસાર થઈ રહ્યા છે,શું નજીક માં કોઈને ત્યાં પ્રસંગ છે? ત્યારે નારદજી એ કહ્યું કે માતા, આપના પિતાને ત્યાં મોટા પાયે યજ્ઞ સમારંભ છે, તમેને આમંત્રણ નથી મળ્યું. માતા સતી એ નારદજી ને કહ્યું કે પ્રસંગ ના કામકાજ માં ભૂલી ગયા હશે,ત્યારે નારદજી એ કહ્યું કે ક્ષમા કરજો પરંતુ ભાઈ,પિતા અને ગુરુ ને ત્યાં જવા માટે આમંત્રણ ની જરૂર પડતી નથી. માતા સતી ને નારદજી ની વાત માં તથ્ય લાગતા તપશ્ચર્યા માં લીન ભગવાન શિવજી ને નમસ્કાર કરીને શિવ ગણ વીરભદ્ર ને સાથે લઈને પિતાના યજ્ઞ માં જવા માટે પ્રસ્થાન કર્યું. પિતા ને ત્યાં યોગ્ય આવકાર ન મળતા માતા સતી એ યજ્ઞ મંડપ માં ક્યાંય પતિનું સ્થાન જોયું નહી.આ કારણોસર માતા સતી એના પિતા સાથે અન્ય સદસ્યો પર અત્યંત ક્રોધિત થયા. ક્રોધ આવેશ માતા સતી એ ખુદ ને અગ્નિ કુંડ માં હોમી દીધા હતા. વિદ્વાનો ના મત અનુસાર માતા સતી સમજી ચૂક્યા હતા કે પતિ ના હદય માં એના પ્રત્યે નું માનસન્માન ઓછું થઈ ગયું છે.ભગવાન શ્રી રામ ની કસોટી કરવા ભોળાનાથ ની અર્ધાંગી પત્ની સતી મટી ને સીતા રૂપ ધારણ કર્યું ત્યાર થી ભગવાન ભોળાનાથ ના હદયમાં દર્દ છે પરંતુ પત્ની પ્રેમ ના લીધે એ દર્દ વ્યક્ત કરી શકતા નથી. આમપણ આવું શરીર શું કામનું જેને જોતાજ ભગવાન સદાશિવ ને દર્દ થાય છે.માતા સતી જાણતા હતા કે એના પિતા નું વેર ભગવાન ભોળાનાથ સાથે બંધાયું છે. પિતાના કરતૂત ની શિક્ષા અને પતિ ને દર્દ આપ્યા ની શિક્ષા ખુદને આપવા માતા સતી આમંત્રણ વગર પિતાના પ્રસંગ મા પધાર્યા હતા. તપશ્ચર્યા માં લીન ભગવાન શિવ ને વીરભદ્ર એ સમાચાર આપ્યા કે માતા સતી યજ્ઞ કુંડ માં પ્રવેશી ગયા છે ત્યારે ભગવાન સદાશિવ નો ગુસ્સો પત્ની નું અપમાન કરનાર નું માથું ઉડાડી દીધું અને હવન કરાવનાર ઋત્વિજો થી લઈને લગતા વળગતા બધા પર ઉતર્યો. ભગવાન ભોળાનાથ નો પત્ની સતી પર અનન્ય પ્રેમના લીધે યુગો ના યુગો સુધી એ પત્ની સતી નું મૃત શરીર હાથ માં લઈને ફર્યા હતા.“શિવ અને સતી” ના પ્રેમ ને ધરા પરનો ઉતમ પ્રેમ ધર્મ ગ્રંથો એ વર્ણવ્યો છે.શિવ વગર પાર્વતી અને પાર્વતી વિના શિવ અધૂરા છે એટલે તો ભગવાન ભોળાનાથ “અર્ધ નારેશ્વર” ના સ્વરૂપ માં પણ પૂજાય છે.



## માત્ર વધુ પડતી મીઠાઈ ખાવાથી જ નથી થતી ડાયાબિટીસ

ડાયાબિટીસના વધી રહેલા કેસ ચિંતાનો વિષય છે. આ સાયલન્ટ કિલર રોગ માટે ઘણા પરિબળો જવાબદાર હોઈ શકે છે. એવું જરૂરી નથી કે જે લોકો વધુ પડતી મીઠાઈ ખાય છે તે જ ડાયાબિટીસ જેવી અસાધ્ય બીમારીનો શિકાર બને છે. આવો જાણીએ આવા જ કેટલાક કારણો વિશે, જે ડાયાબિટીસને આમંત્રણ આપી શકે છે. હેલ્થ એક્સપર્ટ પ્રમાણે જે લોકો નાની-નાની વાતો પર જરૂરીયાત કરતા વધુ સ્ટ્રેસ લે છે, તેને ડાયાબિટીસ થવાની સંભાવના ખુબ વધી જાય છે. જો તમે આ બીમારીથી બચવા ઈચ્છો છો તો તમારે તણાવને મેનેજ કરવાનું શીખવું પડશે. તમને જણાવી દઈએ કે સ્ટ્રેસ મેનેજમેન્ટ માટે તમે મેડિટેશનને તમારા ડેલી રૂટીનમાં સામેલ કરી શકો છો. આ સિવાય તમે ખરાબ લાઈફસ્ટાઈલ પણ ડાયાબિટીસનું કારણ બની શકે છે. જે લોકો જરાય કસરત નથી કરતા તેમને પણ ડાયાબિટીસ થઈ શકે છે. દરરોજ કેટલીક શારીરિક પ્રવૃત્તિમાં નિયમિતપણે ભાગ લો. જો તમે જીમમાં જઈને વર્કઆઉટ નથી કરી શકતા તો યોગને તમારી દિનચર્યામાં સામેલ કરો. જો તમે ઈચ્છો તો, તમે દરરોજ ચાલીને તમારી જાતને ફિટ અને સ્વસ્થ બનાવી શકો છો. મીઠી વસ્તુ ખાવા સિવાય કેટલાક અનહેલ્ધી ફૂડ્સનું સેવન કરવાથી પણ ડાયાબિટીસનો ખતરો વધી જાય છે. સફેદ બ્રેડ, તળેલું ફૂડ, પ્રોસેસ્ડ મીટ, બટાકાની ચિપ્સ જેવી ખાદ્ય વસ્તુઓ તમારા સ્વાસ્થ્ય માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થઈ શકે છે. ડાયાબિટીસ જેવા સાયલન્ટ કિલર રોગથી બચવા માટે તમારે તમારા આહારને સ્વસ્થ અને સંતુલિત રાખવાનો પ્રયાસ કરવો જોઈએ.

# એક્ટર પ્રતીક બબ્બરે બીજા લગ્ન કર્યા...

પિતા રાજ બબ્બરને પણ આમંત્રણ ન આપ્યું, સાવકા ભાઈએ કહ્યું- કોઈ તેને ઉશ્કેરી રહ્યું છે

એક્ટર પ્રતીક બબ્બરે બીજા લગ્ન કર્યા છે. તેણે 14 ફેબ્રુઆરીએ ગર્લફ્રેન્ડ પ્રિયા બેનર્જી સાથે લગ્ન કર્યા. જોકે, પ્રતીકના પરિવારમાંથી કોઈએ આ લગ્નમાં હાજરી આપી ન હતી.
તેના પિતા અને એક્ટર રાજ બબ્બર પણ આ ફંક્શનમાં સામેલ થયા ન હતા. પ્રતીકના સાવકા ભાઈ અને સ્ટેન્ડ-અપ કોમેડિયન આર્ય બબ્બરે કહ્યું કે, બબ્બર પરિવારને આ લગ્નમાં આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. મને લાગે છે કે કોઈ તેના દિમાગ પર ઘણું હાવિ થઈ ગયું છે. તે પરિવારના કોઈ પણ સભ્ય સાથે સંબંધ રાખવા માગતો નથી. તેણે કોઈને ફોન કર્યો નથી.' આર્યએ ETimes સાથેની મુલાકાતમાં આ વાતો કહી.





### પ્રતીકે તેના પિતાને લગ્નમાં આમંત્રણ ન આપ્યું

પ્રતીકે કહ્યું- 'હું આનાથી નિરાશ છું. મને લાગ્યું કે અમરો સંબંધ મજબૂત હતો. તેણે પપ્પાને પણ લગ્નમાં આમંત્રણ આપ્યું નહી. પપ્પાને આમંત્રણ આપવું જોઈતું હતું.'
'જીવન કોઈ ફિલ્મથી ઓછું નથી. ઘરમાં કોઈ તેને ઉશ્કેરી રહ્યું છે. હું એવું વિચારવા માગતો નથી કે તે પ્રતીક છે, અને મને નથી લાગતું કે તે એવો છે.'
પ્રિયા બેનર્જી એક દક્ષિણ ભારતીય એક્ટ્રેસ છે. તેણે દક્ષિણ સિનેમામાં પોતાની કારકિર્દી કિસ' ફિલ્મથી શરૂ કરી હતી? આ ઉપરાંત, તે ઐશ્વર્યા રાય બચ્ચનની ફિલ્મ જઝબામાં જોવા મળી હતી. તેણે 'બેકાબૂ', 'રાણા નાયડુ' અને 'હેલો મિની' જેવી સિરીઝમાં પણ કામ કર્યું છે.

**સાવકા ભાઈએ પ્રતીકને નિશાન બનાવ્યો :** આર્યએ ઈન્સ્ટાગ્રામ પર એક રમૂજી વીડિયો દ્વારા એક પરિવારમાં બે લગ્નના ટ્રેન્ડ પર નિશાન સાધ્યું છે. તેણે કહ્યું,'પહેલા પિતાએ બે વાર લગ્ન કર્યા, પછી બહેને બે વાર લગ્ન કર્યા, હવે મારો ભાઈ બીજી વાર લગ્ન કરી રહ્યો છે. મારા કૂતરા હેપ્પીને પણ બે ગર્લફ્રેન્ડ છે.'
'શું હવે મારે પણ બે વાર લગ્ન કરવા જોઈએ? હું આ બધામાં ફસાઈ રહ્યો છું. ખરેખર, મને ફરીથી લગ્ન કરવામાં કોઈ વાંધો નથી. તે તો કાલે થઈ જશે. પણ હું છૂટાછેડાની પ્રક્રિયાનો સામનો કરવા માટે ખૂબ આળસુ છું.'

**તે સલમાન ખાનની ફિલ્મ 'સિકંદર'માં જોવા મળશે**
થોડા સમય પહેલા પ્રતીક બબ્બર ફિલ્મ 'ખ્વાબોં કા ઝમેલા'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મનું ડિરેક્શન દાનિશ અસલમે કર્યું છે. આ ઉપરાંત પ્રતીક સલમાન ખાનની ફિલ્મ 'સિકંદર'માં પણ જોવા મળશે.

**કોણ છે પ્રિયા બેનર્જી?** પ્રિયા બેનર્જી એક દક્ષિણ ભારતીય એક્ટ્રેસ છે. તેણે દક્ષિણ સિનેમામાં પોતાની કારકિર્દી કિસ' ફિલ્મથી શરૂ કરી હતી? આ ઉપરાંત, તે ઐશ્વર્યા રાય બચ્ચનની ફિલ્મ જઝબામાં જોવા મળી હતી. તેણે 'બેકાબૂ', 'રાણા નાયડુ' અને 'હેલો મિની' જેવી સિરીઝમાં પણ કામ કર્યું છે. પ્રતીક બબ્બરે ઘણા વર્ષો સુધી ડેટ કર્યા બાદ 2019 માં ફિલ્મ પ્રોડ્યુસર સાન્યા સાગર સાથે લગ્ન કર્યા. પરંતુ માત્ર એક વર્ષ પછી, 2020 માં, બંને મતભેદોને કારણે અલગ થઈ ગયા. પછી, જાન્યુઆરી 2023 માં કપલે સત્તાવાર રીતે છૂટાછેડા લીધા. આ પછી, નવેમ્બર 2023 માં, પ્રતીકે પ્રિયા બેનર્જી સાથે સગાઈ કરી.

# 44 વર્ષે ત્રીજા લગ્ન કરશે કરણ વીર મહેરા...?



## ચુમ દરાંગ સાથે સેલિબ્રેટ કર્યો વેલેન્ટાઇન ડે, ફેન્સે કહ્યું- તમારાં જેવાં કપલ બહુ ઓછા છે

(એજન્સી) મુંબઈ | તા.15

'બિગ બોસ 18'માં જોવા મળેલા એક્ટર કરણ વીર મહેરાએ એક્ટ્રેસ ચુમ દરાંગ સાથે વેલેન્ટાઈન ડેની ઉજવણી કરી. શુક્રવારે, ચુમે તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર ઘણી તસવીરો શેર કરી જેમાં તે બંને સાથે ક્વોલિટી ટાઈમ વિતાવતાં જોઈ શકાય છે.
ચુમ દરાંગે તેના ઈન્સ્ટાગ્રામ પર છ તસવીરો શેર કરી હતી. એક વીડિયો પણ છે જેમાં કરણ વીર મહેરા ચુમ સાથે જોવા મળે છે. આ દરમિયાન ચૂમે કરણને પૂછ્યું કે તે આ ગુલાબ માટે શું કહેશે. આના જવાબમાં કરણે કહ્યું, 'રોઝિસ આર રેડ, વાયોલેટ્સ આર બ્લૂ, આઈ ડોન્ટ કેર, આઈ લવ ચુમ.' આ સાંભળતાની સાથે ચુમ શરમાઈ ગઈ.
ચાહકો પણ ચુમની પોસ્ટ પર જોરદાર રિએક્શન આપી રહ્યા છે. એકે લખ્યું, તમે બંને સાથે ખૂબ સારા લાગી રહ્યા છો. આ સિવાય પણ અલગ-અલગ કોમેન્ટ દ્વારા લોકોએ બંનેના ખૂબ જ વખાણ કર્યાં હતાં.
'બિગ બોસ 18' દરમિયાન, કરણ વીર મહેરા અને ચુમ દરાંગ વચ્ચે ખૂબ જ સારો સંબંધ હતો. દિવ્ય ભાસ્કર સાથે વાત કરતી વખતે ચુમે કહ્યું હતું કે તે બંને ખૂબ સારા મિત્રો છે. તેણે એમ પણ કહ્યું કે તે આ શોમાં કોઈ અફેર કરવા માટે નહોતી આવી, કારણ કે આ ફક્ત એક શો છે અને અહીં તમારે ઘણા લોકો સાથે રહેવું પડે છે. જોકે, બિગ બોસમાંથી બહાર આવ્યા પછી શું થાય છે તે આપણે જોઈશું.

# સાહિલ ખાને 26 વર્ષ નાની ગર્લફ્રેન્ડ સાથે બીજા લગ્ન કર્યાં: મેરેજની તસવીરો વાઈરલ



(એજન્સી) મુંબઈ | તા.15

ફિલ્મ 'એક્સક્યુઝ મી'માં જોવા મળેલા એક્ટર સાહિલ ખાને બીજા લગ્ન કર્યાં છે. વેલેન્ટાઈન ડે અવસરે દુબઈના બુર્જ ખલીફા ખાતે તેણે તેની ગર્લફ્રેન્ડ મિલેના એલેક્ઝાન્ડ્રા સાથે ભવ્ય લગ્ન કર્યા, જે તેનાથી 26 વર્ષ નાની છે, જેની તસવીરો તેણે તેનાં સોશિયલ મીડિયા હેન્ડલ પર પણ શેર કરી હતી.
સાહિલ ખાને આ ભવ્ય લગ્નની ઘણી તસવીરો અને વીડિયો પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. આમાંથી એક વીડિયોમાં, તેની દુલ્હન મિલેના કેક સાથે પોઝ આપતી જોવા મળે છે.
બીજી પોસ્ટમાં તેણે લખ્યું, 'આખરે લગ્ન થયા.' તમારા અભિનંદન અને શુભેચ્છાઓ બદલ આભાર. મારા બધા પ્રિયજનોને વેલેન્ટાઈન ડેની શુભકામનાઓ. દરેકને જીવનમાં પ્રેમ, ખુશી અને સફળતા મળે.
સાહિલ ખાનની બીજી પત્ની કોણ છે? સાહિલ ખાન 48 વર્ષનો છે. જ્યારે મિલેના 22 વર્ષની છે. 'હિન્દુસ્તાન ટાઈમ્સ' સાથે વાત કરતી વખતે સાહિલે કહ્યું હતું કે મિલેના ઈન્ટેલિજેન્ટ છે. આ ઉપરાંત, તે સેન્સિટિવ પણ છે. કારણ કે તે નાની છે. અમારી ઉંમરમાં ઘણો ફરક છે. પણ તે બીજી 21 વર્ષની છોકરીઓ જેવી નથી. તે ખૂબ જ મેચ્યોર છે.
સાહિલ ખાનની પહેલી પત્ની કોણ હતી? સાહિલ ખાને પહેલાં લગ્ન 2004માં ઈરાની એક્ટ્રેસ નેગાર ખાન સાથે કર્યા હતા. પરંતુ તેમના લગ્ન એક વર્ષથી પણ ઓછા સમય સુધી ટકી શક્યા અને 2005માં તેમના છૂટાછેડા થઈ ગયા.
બોલિવૂડમાં સાહિલનો સિક્કો ચાલ્યો નહીં સ્ટાઈલ અને એક્યુસોમી જેવી ફિલ્મોથી લોકપ્રિયતા મેળવનાર સાહિલ ખાન ક્યારેય ઈન્ડસ્ટ્રીમાં મોટું સ્થાન મેળવી શક્યો નહીં. સાહિલ 'ડબલ ક્લાસ', 'યે હૈ ઝિંદગી' અને 'અલાદ્દીન' જેવી ફિલ્મોમાં જોવા મળ્યો હતો. પરંતુ આમાંની મોટાભાગની ફિલ્મો ફ્લોપ સાબિત થઈ. નિષ્ફળ કારકિર્દી છતાં, સાહિલનો ચાહક વર્ગ મજબૂત છે.

# ઠગ સુકેશે જેકલીનને પ્રાઈવેટ જેટ ગિફ્ટ કર્યું

(એજન્સી) મુંબઈ | તા.15

200 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં સજા ભોગવી રહેલા છેતરપિંડી કરનાર સુકેશ ચંદ્રશેખરે એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડીઝને એક પ્રાઈવેટ જેટ ગિફ્ટ આપ્યું છે. સુકેશે જેકલીનને વેલેન્ટાઈન ડેની શુભેચ્છા પણ પાઠવી છે.
મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેણે આ બધી વાતો એક લેટર લખીને કહી હતી.
સુકેશે દાવો કર્યો છે કે પ્રાઈવેટ જેટનું નામ જેક્લીનનાં નામનાં શરૂઆતી અક્ષરો (JF) પરથી રાખવામાં આવ્યું છે. ઉપરાંત, તેનો નોંધણી નંબર જેક્લીનના જન્મ મહિના પરથી લેવામાં આવી છે. આ એક સંપૂર્ણપણે કસ્ટમાઈઝ્ડ પ્રાઈવેટ જેટ છે.
સુકેશે ઘણી વાર જેકલીનને પત્રો લખ્યાં છે. તેમનો દાવો છે કે જેકલીન તેમની સાથે રિલેશનશિપમાં હતી અને બંને લગ્નની તૈયારી પણ કરી રહ્યાં હતાં. જ્યારે તપાસ એજન્સીઓએ સુકેશની આસપાસ સકંજો કડક કર્યો, ત્યારે જેકલીન પણ રડાર પર આવી ગઈ. તેણે સુકેશ પર છેતરપિંડી અને ખોટું બોલવાનો આરોપ લગાવ્યો હતો.



'મેં એક જેટ ગિફ્ટ આપ્યું જેથી મુસાફરી સરળ બને' સુકેશે પત્રમાં લખ્યું - બેબી, તું તારા કામ અને શૂટિંગ માટે આખી દુનિયા ફરે છે. હવે આ જેટ દ્વારા તારી મુસાફરી ઘણી હદ સુધી સરળ બનશે. આ વેલેન્ટાઈન ડે પર, મારી એક જ ઈચ્છા છે કે જો હું ફરીથી જન્મ લઉં, તો હું તમારું દિલ બનવા માગુ છું જેથી હું તારી અંદર ધબકતો રહી શકું.

# વિવાદ વચ્ચે રણવીર અલ્હાબાદિયા ગાયબ!

## ઘર પર તાળું, ફોન સ્વિચ ઓફ, પોલીસનો સહકાર ન આપવાનો દાવો; યુટ્યુબરનો વિવાદિત પ્રશ્ન કોપી-પેસ્ટ હતો




(એજન્સી) મુંબઈ | તા.15

સમય રૈનાના શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં આવ્યા બાદ યુટ્યુબર રણવીર અલ્લાહબાદિયા મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. શોમાં રણવીરે માતાપિતા પર અભદ્ર કમેન્ટ કરી હતી, જેનાં કારણે ઈન્ટરનેટ પર હંગામો મચી ગયો છે. આ હોબાળો એટલો વધી ગયો કે જનતાની સાથે રાજકારણીઓ અને ધાર્મિક સંગઠનો પણ યુટ્યૂબરના વિરોધમાં બહાર આવ્યા. આ મામલો સંસદ સુધી ગુંજ્યો અને દેશના વિવિધ રાજ્યોમાં રણવીરના નામે FIR પણ દાખલ કરવામાં આવી.
મહારાષ્ટ્રનો સંસ્કૃતિ વિભાગ પણ યુટ્યૂબરના વિવાદાસ્પદ નિવેદનની તપાસ કરશે.
વિવાદ વચ્ચે રણવીર અલ્લાહબાદિયા ગાયબ! એવામાં મુંબઈ પોલીસના અધિકારીઓએ એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે રણવીર અલ્લાહબાદિયાએ હજુ સુધી પોતાનું નિવેદન નોંધાવ્યું નથી. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, રણવીરના મુંબઈના ઘરે તાળું મારેલું છે. યુટ્યૂબરનો ફોન સ્વિચ ઓફ આવી રહ્યો છે. તેમના વકીલનો પણ સંપર્ક થઈ શક્યો નથી.

### સમય રૈનાને પણ 5 દિવસમાં હાજર થવા કહ્યું...

રણવીર ઉપરાંત, આસામના ગુવાહાટીમાં નોંધાયેલી FIRમાં સમય રૈના, આશિષ ચંચલાની, જસપ્રીત સિંહ અને અપૂર્વા માખીજાના નામ પણ છે. મુંબઈ પોલીસ અને સાયબર સેલ આ મામલાની અલગ-અલગ તપાસ કરી રહ્યા છે. આસામ પોલીસ મુંબઈ સાયબર ટીમને પણ મળી. રૈનાને આગામી પાંચ દિવસમાં પોલીસ સમક્ષ હાજર થવાનું કહેવામાં આવ્યું છે.
દરમિયાન, મુંબઈ પોલીસે (ખાર પોલીસ સ્ટેશન) ભાજપ નેતા દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ પર અત્યાર સુધીમાં અપૂર્વા માખીજા, આશિષ ચંચલાની અને રણવીર અલ્હાબાદિયાના મેનેજર સહિત 8 લોકોના નિવેદનો નોંધ્યા છે. શુક્રવારે પોલીસે 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' શોના વીડિયો એડિટર પ્રથમ સાગરનું પણ નિવેદન નોંધ્યું હતું. મહારાષ્ટ્ર સાયબરે આ સંદર્ભમાં નોંધાયેલા કેસમાં અત્યારસુધીમાં ઓછામાં ઓછા 50 લોકોને તેમનાં નિવેદનો નોંધવા માટે સમન્સ પાઠવ્યા છે. આમાં શોમાં ભાગ લેનારા લોકોનો પણ સમાવેશ થાય છે.

# નાણામંત્રીનો જયા બચ્ચન પર કટાક્ષ: કહ્યું- કંગનાનું ઘર તોડ્યું ત્યારે ક્યાં હતાં...?



(એજન્સી) મુંબઈ | તા.15

12 ફેબ્રુઆરીએ રાજ્યસભામાં કેન્દ્રીય બજેટ 2025-26 પર સામાન્ય ચર્ચા દરમિયાન, સમાજવાદી પાર્ટીના સાંસદ જયા બચ્ચને સરકાર પર ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ખતમ કરી દેવાનો આરોપ લગાવ્યો હતો. હવે નાણામંત્રી નિર્મલા સીતારમણે તેમના આરોપનો જવાબ આપ્યો છે.
નાણાંમંત્રીએ ઈમરજન્સીના સમયગાળાને યાદ કર્યો નિર્મલા સીતારમણે સપા સાંસદ જયા બચ્ચનના આરોપો પર કટાક્ષ કરતા કહ્યું કે તે જે પાર્ટીને ટેકો આપે છે, મહારાષ્ટ્ર વિકાસ આઘાડીએ પાંચ વર્ષ પહેલા એક્ટ્રેસ કંગના રનૌતની ઓફિસ તોડી પાડી હતી. તેણે આગળ કહ્યું, અમે ફક્ત ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે ફોટોગ્રાફી જ નથી કરતા પણ તેમના ભલા માટે પણ કામ કરીએ છીએ. ઈમરજન્સી દરમિયાન દેવ આનંદ અને કિશોર કુમારનું શું થયું? કંગનાનું ઘર તોડી પાડવામાં આવી રહ્યું હતું ત્યારે જયાજી કેમ ચૂપ હતા? એક સમયે મજરૂહ સુલતાનપુરીને જેલમાં મોકલવામાં આવ્યા હતા. હૃદયનાથ મંગેશકરજી સાથે શું કરવામાં આવ્યું? તે બધાને ખબર જ છે. જયાજીએ આ અંગે પણ ચિંતા વ્યક્ત કરવી જોઈએ.
કંગનાએ નાણામંત્રીનાં સમર્થન બદલ આભાર માન્યો મંડીના ભાજપ સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતે નાણામંત્રીનો તેમના જવાબ માટે આભાર માન્યો છે. કંગનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું - આદરણીય નિર્મલા સીતારમણ જી, ફિલ્મ ઈન્ડસ્ટ્રીને આપણી સરકાર તરફથી મળી રહેલા સમર્થન વિશે જણાવવા બદલ આભાર. ઉપરાંત, એક મહિલા તરીકે, તમે મારા સંઘર્ષો અને ઘમંડી રાજકીય પક્ષો દ્વારા મારા બંધારણીય અધિકારોને કેવી રીતે કચડી નાખવામાં આવ્યા તેનાં પર પ્રકાશ પાડ્યો. ખુબ ખુબ આભાર. જયા બચ્ચને કહ્યું હતું કે સિનેમાને ટાર્ગેટ કરવામાં આવી રહ્યું રાજ્યસભામાં કેન્દ્રીય બજેટ પર બોલતા, જયા બચ્ચને કહ્યું હતું કે સરકાર ફિલ્મ ઈન્ડસ્ટ્રીને સંપૂર્ણપણે અવગણી રહી છે. પહેલાની સરકારો પણ આ જ કરતી હતી.

## બચ્ચને કરી હતી મદદ, ધર્મા પ્રોડક્શનની ફિલ્મમાં કાસ્ટ થયા હતા

# એક સમયે કરણ જોહરને ઘર ગીરવે મૂકવું પડ્યું હતું...!

(એજન્સી) મુંબઈ | તા.15

ડિરેક્ટર નિખિલ અડવાણીએ જણાવ્યું છે કે એક સમય હતો જ્યારે કરણ જોહરને પોતાનું ઘર ગીરવે મૂક્યું હતું. પછી આ ખરાબ સમયમાં, અમિતાભ બચ્ચન આગળ આવ્યાં. નિખિલે કહ્યું- મને યાદ છે કે કરણ જોહરે મને કહ્યું હતું કે એક સમય હતો જ્યારે તેણે લાઈટ અને કેમેરા વેચી દીધા હતા.
આ ખરાબ સમયમાં, અમિતાભ બચ્ચન આગળ આવ્યા અને કરણના પિતા યશ જોહરને કહ્યું કે તેઓ તેમની ફિલ્મમાં કામ કરવા માટે તૈયાર છે. નિખિલ અડવાણીએ લહરેન રેટ્રો સાથેના એક ઈન્ટરવ્યૂમાં આ વાતો કહી હતી. શૂટિંગ અધવચ્ચે જ રોકી 'બિગ બી' કરણની માતાને મળવા માટે ગયા નિખિલે કહ્યું, 'હીરુ (કરણ જોહરની માતા) કાકીને હાર્ટ એટેક આવ્યો હતો. અમિતજી યશ કાકાને મળ્યાં અને પૂછ્યું - હીરુ કેમ છે? અમિતજી અને હીરુ આંટી સ્કૂલનાં દિવસોથી જ મિત્રો હતા. યશ કાકાએ તેને કહ્યું કે તેને બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. પછી અમિતજી તેમનું શૂટિંગ અધવચ્ચે અટકાવી તેમને મળવા હોસ્પિટલ ગયાં હતાં.અમિતાભ બચ્ચને ખરાબ સમયમાં મદદ કરી હતી નિખિલે કહ્યું, હોસ્પિટલથી પાછા આવ્યા પછી, અમિતજી યશ કાકાને મળ્યા અને કહ્યું - એક છોકરો છે જેની સાથે હું ફિલ્મ બનાવી રહ્યો છું.

## એક્ટ્રેસ અમિતાએ કહ્યું- બંને ફિલ્મ 'અજનબી'નાં શૂટિંગ માટે એક જ ડિઝાઇનર ઇચ્છતાં હતાં

# 'કરીના અને બિપાશા સેટ પર ઝઘડતાં હતાં...



(એજન્સી) મુંબઈ | તા.15

અમિતા નાંગિયાએ કરીના કપૂર અને બિપાશા બાસુ સાથે ફિલ્મ 'અજનબી'માં કામ કર્યું હતું. અમિતા કહે છે કે ફિલ્મના શૂટિંગ દરમિયાન કરીના અને બિપાશા એકબીજા સાથે વાત પણ નહોતાં કરતાં. બંને વચ્ચે કપડાંને લઈને દલીલો થતી હતી. તે બંને એક જ ડિઝાઈનર ઈચ્છતા હતા.
અમિતાએ કહ્યું- અમે આ મામલે કંઈ કહી પણ ન શક્યા. અમે સેટ પર તેના વિશે બસ માત્ર સાંભળતા. ત્યારે બંને ઈન્ડસ્ટ્રીમાં નવા હતા. અમિતાએ કહ્યું- કરીના સેટ પર રિઝર્વ રહેતી હતી અમિતાએ કરીના અને બિપાશા સાથેના તેના બોન્ડિંગ વિશે વાત કરી. તેણે કહ્યું- હું કરીના સાથે કનેક્ટ થઈ શકી નહીં કારણ કે તે ખૂબ જ રિઝર્વ રહેતી હતી. તેની માતા તેની સાથે રહેતી હતી. હું તેની સાથે સંબંધ બનાવી શકી નહીં, પણ અમે ફ્રેન્ડલી હતાં. અમે સાથે બેસીને વાતો કરતાં. બિપાશા ખૂબ જ નવી હતી. તે ફક્ત પોતાના પર જ ધ્યાન કેન્દ્રિત કરતી હતી.
'કરીના મને પસંદ નહોતી કરતી' 2005માં, બિપાશાએ કરીના સાથેના તેના સંબંધો વિશે વાત કરી હતી. શો 'કોફી વિથ કરણ'માં તેણે કહ્યું, મને બીજા શેડ્યૂલ દરમિયાન ખ્યાલ આવ્યો કે તે મને પસંદ નથી કરતી. તેણે મારી સાથે વાત કરવાનું બંધ કરી દીધું હતું. જોકે, કો-એક્ટર્સ તરીકે અમે સારું કામ કર્યું. કામ કરતી વખતે કોઈ નખરાં નહોતાં. 2001માં રિલીઝ થયેલી ફિલ્મ 'અજનબી'માં અક્ષય કુમાર અને બોબી દેઓલ પણ મુખ્ય ભૂમિકામાં હતા. આ ફિલ્મ બિપાશાની બોલિવૂડ ડેબ્યૂ હતી, જ્યારે કરીનાની પાંચમી ફિલ્મ હતી.

# ચેમ્પિયન્સ ટ્રોફીની પ્રાઇઝ મનીમાં અધધધ...વધારો:53% ઇનામી રકમ વધી

## ચેમ્પિયન બનવા પર 19.46 કરોડ રૂ. મળશે

(એજન્સી) દુબઈ તા 15

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ શુક્રવારે ચેમ્પિયન્સ ટ્રોફી 2025 માટે પ્રાઇઝ મનીની જાહેરાત કરી. ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી પાકિસ્તાનમાં શરૂ થવા જઈ રહી છે. આમાં આઠ દેશો ભાગ લેશે. આ સીઝનના ચેમ્પિયનને 19.46 કરોડ રૂપિયા (2.24 મિલિયન યુએસ ડોલર) અને રનર-અપને 9.72 કરોડ રૂપિયા (1.12 મિલિયન યુએસ ડોલર) મળશે. તે જ સમયે, સેમિફાઈનલમાં હારનારી બંને ટીમને આશરે 4.86 કરોડ રૂપિયા આપવામાં આવશે. ચેમ્પિયન્સ ટ્રોફીની કુલ ઈનામી રકમ 59.93 કરોડ રૂપિયા છે, જે 2017માં યોજાયેલી પાછલી ચેમ્પિયન્સ ટ્રોફી કરતાં 53% વધુ છે. 2017 માટે કુલ ઈનામી રકમ 28.88 કરોડ રૂપિયા હતી. ફાઈનલ 9 માર્ચે રમાશે

હાઈબ્રિડ મોડેલમાં યોજાનારી આ ટુર્નામેન્ટ 19 ફેબ્રુઆરીથી શરૂ થશે અને 9 માર્ચ સુધી ચાલશે. 19 દિવસમાં 15 મેચ રમાશે. બીજા સેમિફાઈનલ અને ફાઈનલ માટે પણ રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની ગ્રૂપ મેચ 23 ફેબ્રુઆરીએ દુબઈમાં રમાશે. ભારત તેની બધી મેચ દુબઈમાં રમશે, ટીમના ગ્રુપમાં બાંગ્લાદેશ અને ન્યૂઝીલેન્ડ પણ શામેલ છે. એક સેમિફાઈનલ દુબઈમાં પણ રમાશે.



**ભીડનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ :** જે રીતે ચાહકો તપાસ કર્યા વગર સ્ટેડિયમમાં પ્રવેશ કરી રહ્યા છે. આ રીતે કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ ત્યાં પ્રવેશી શકે છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનના સુરક્ષા દાવા પણ પોકળ સાબિત થઈ રહ્યા છે. ચાહકો ત્યાં પ્રવેશી ગયા છે જ્યાં VIP વિસ્તાર હતો. પાકિસ્તાન આ સ્થળનું રક્ષણ પણ કરી શક્યું નહીં. સુરક્ષાના કારણોસર ભારતીય ક્રિકેટ ટીમને પાકિસ્તાન ન મોકલવાનો BCCIનો નિર્ણય બિલકુલ સાચો હતો. પરંતુ ટીવી 9 ગુજરાતી સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોની સત્યતાની પુષ્ટિ કરતું નથી.

## ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા પાકિસ્તાનના ધજાગરા ઉડ્યા

ચેમ્પિયન ટ્રોફી 2025ને શરુ થવાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. આ ટૂર્નામેન્ટનું હોસ્ટિંગ પાકિસ્તાનની પાસે છે. જેમાં કરાંચી, લાહૌર અને રાવલપિંડીના ક્રિકેટ ગ્રાઉન્ડમાં મેચ રમાશે. ચેમ્પિયન ટ્રોફી પહેલા પાકિસ્તાને 3 સ્ટેડિયમનું નવીનીકરણ ખૂબ જ ઝડપથી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉદ્ઘાટન સમારોહમાં પણ ધમાલ મચી હતી. સ્ટેડિયમ બનતા જ મેચ પણ રમાડવામાં આવી હતી. ચેમ્પિયન ટ્રોફી પહેલા પાકિસ્તાન, સાઉથ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે ટ્રાય સીરિઝ રમાય રહી છે. આ ટ્રાય સીરિઝની પહેલી મેચ 8 ફેબ્રુઆરીએ લાહોરમાં યોજાવાની હતી. આ કારણોસર, પાકિસ્તાને લાહોરમાં નવા બનેલા સ્ટેડિયમનું ઉદ્ઘાટન એક દિવસ પહેલા જ, 7 ફેબ્રુઆરીએ મુલતવી રાખ્યું. કારણ કે સ્ટેડિયમ એક દિવસ પહેલા જ તૈયાર થઈ ગયું હતું. જ્યારે ટ્રાય સિરીઝની મેચ 12 ફેબ્રુઆરીએ કરાચી સ્ટેડિયમમાં યોજાવાની હતી, ત્યારે અહીં પણ ઉદ્ઘાટન સમારોહ એક દિવસ પહેલા 11 ફેબ્રુઆરીએ યોજાવાનો હતો. આમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડનું ખૂબ જ નબળું સંચાલન જોવા મળ્યું. જ્યાં મેનેજમેન્ટ ખરાબ રીતે નિષ્ફળ ગયું અને ભીડને કાબૂમાં રાખી શક્યું નહીં. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં એક વ્યક્તિ કહેતો જોવા મળી રહ્યો છે કે, તમામ દરવાજા બંધ કરવામાં આવ્યા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, લોકો સ્ટેડિયમની અંદર દિવાલ પરથી કુદીને જતા જોવા મળી રહ્યા છે. જે રીતે ચાહકો તપાસ કર્યા વગર સ્ટેડિયમમાં પ્રવેશ કરી રહ્યા છે. આ રીતે કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ ત્યાં પ્રવેશી શકે છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનના સુરક્ષા દાવા પણ પોકળ સાબિત થઈ રહ્યા છે. ચાહકો ત્યાં પ્રવેશી ગયા છે જ્યાં VIP વિસ્તાર હતો.પાકિસ્તાન આ સ્થળનું રક્ષણ પણ કરી શક્યું નહીં. સુરક્ષાના કારણોસર ભારતીય ક્રિકેટ ટીમને પાકિસ્તાન ન મોકલવાનો BCCIનો નિર્ણય બિલકુલ સાચો હતો.

# એલએસજીના માલિકે માન્ચેસ્ટર ઓરિજિનલ્સમાં 70% હિસ્સો ખરીદ્યો

### IPL ફ્રેન્ચાઇઝીની જાહેરાત; ગોએન્કાએ કહ્યું- અમે શ્રેષ્ઠતામાં માનીએ છીએ



(એજન્સી) લખનૌ તા 15

IPL ફ્રેન્ચાઈઝ લખનઉ સુપર જાયન્ટ્સની માલિકી ધરાવતા RPSG ગ્રૂપે ઈંગ્લેન્ડના લેન્કેશાયર ક્રિકેટ ક્લબ પાસેથી ધ હન્ડ્રેડ ટીમ માન્ચેસ્ટર ઓરિજિનલ્સમાં 70% હિસ્સો ખરીદ્યો છે. લેન્કેશાયર માન્ચેસ્ટર ઓરિજિનલ્સની માલિકીની કંપની છે.

RPSG ગ્રૂપે શુક્રવારે સત્તાવાર રીતે આ સોદાની જાહેરાત કરી. આ મુજબ, ઈંગ્લેન્ડના લેન્કેશાયર ક્રિકેટ ક્લબનો ટીમમાં 30% હિસ્સો રહેશે. ગ્રૂપ ચેરમેન સંજીવ ગોયેન્કાએ કહ્યું: 'અમે લેન્કેશાયરના વારસાનું સન્માન કરીએ છીએ. અમે અમારા ખેલાડીઓ, સપોર્ટ ટીમ અને સમુદાય સાથે ખાસ સંબંધ બાંધવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે શ્રેષ્ઠતામાં માનીએ છીએ. અમને આવનારી પેઢીઓ માટે ક્વોલિટી ક્રિકેટની અપાર સંભાવના દેખાય છે.' આ જૂથે 1 ફેબ્રુઆરીના રોજ 'લંડન સ્પિરિટ' માટે અસફળ બોલી લગાવી હતી. આ ઓક્શન સિલિકોન વેલીના એક ટેક કન્સોર્ટિયમે જીતી હતી.અમે શ્રેષ્ઠ જીવનસાથી શોધી રહ્યા હતા. RPSG ગ્રૂપ છેલ્લા કેટલાક સમયથી અમારા પસંદગીના બિડર રહ્યા છે. અમે આ પરિણામથી ખૂબ જ ખુશ છીએ. અમે સાથે મળીને એક મહાન ભવિષ્ય બનાવવા માટે ઉત્સાહિત છીએ.

**11 દિવસ પહેલા 1252 કરોડની બોલી લાગી હતી :** RPSG ગ્રૂપે 11 દિવસ પહેલા 4 ફેબ્રુઆરીએ ઈંગ્લિશ લીગ ધ હંડ્રેડની ફ્રેન્ચાઈઝી માટે બોલી લગાવી હતી. ત્યારબાદ મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતીય ગ્રૂપે ઈંગ્લિશ ફ્રેન્ચાઈઝીમાં 49 ટકા હિસ્સો ખરીદવા માટે લગભગ 1,252 કરોડ રૂપિયાની સૌથી વધુ બોલી લગાવી હતી.

### ગોએન્કાએ 2 વર્ષ પહેલાં SA20માં લીગ ખરીદી હતી

RPSG ગ્રૂપના ચેરમેન અને સ્થાપક ગોયન્કાએ 2022માં SA20માં ડર્બન ફ્રેન્ચાઇઝ ખરીદતા પહેલા 2021માં IPLમાં લખનઉ ફ્રેન્ચાઈઝી 7,090 કરોડ રૂપિયામાં ખરીદી હતી. આ પહેલા તેઓ રાઈઝિંગ પુણે સુપરજાયન્ટના માલિક પણ હતા. RPSG ગ્રૂપે 2016 અને 2017ની IPL સીઝનમાં ભાગ લીધો હતો જ્યારે ચેન્નઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# વડોદરામાં WPLમાં લોકોને મેચ જોયા વગર ઘરે પરત ફરવું પડ્યું

### ટિકિટ હોવા છતાં પ્રવેશ મળતો નથી, BCAનું મેનેજમેન્ટ નિષ્ફળ



(એજન્સી) વડોદરા તા 15

વડોદરાના કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં આજે WPLમાં મેચ ગુજરાત જાયન્ટ્સ (GG) અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) વચ્ચે ઓપનિંગ મેચ રમાશે. જેમાં કોટંબી સ્ટેડિયમમાં લોકો આવવાના શરૂ થઈ ગયા છે. ત્યારે ક્રિકેટ રસિકોમાં મેચ જોવા માટે ઘણો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગુજરાતનું હોમ ગ્રાઉન્ડ હોવા છતાં લોકો RCBની જર્સી વધારે ખરીદી રહ્યા છે. જોકે, ટિકિટ હોવા છતાં લોકોને પ્રવેશ મળતો નથી. મોબાઈલ નેટવર્ક ન આવતું હોવાથી બુક માય શો ની એપ ખુલી રહી નથી. બુક માય શોમાં ટિકિટ હોય તો જ માન્ય કરે છે. જેના કારણે ક્રિકેટ રસીકોમાં ભારે રોષ જોવા મળ્યો છે.

જોકે, મહિલા ક્રિકેટ રમાતી હોવા છતાં પુરુષ ક્રિકેટરોની જર્સી જોવા મળી છે. મહિલા ક્રિકેટરોમાં માત્ર સ્મૃતિ મંધાનાની ટીશર્ટ મળી રહી છે. લોકો સ્મૃતિને રમતી જોવા માટે ખાસ આવ્યા છે. બિહારથી આવેલા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના સમર્થકોએ RCB જિંદાબાદ, વિરાટ કોહલી ઝિંદાબાદ નારા લગાવ્યા હતા.

## એશ્લે ગાર્ડનરના 8 છગ્ગા સાથે 79 રન

(એજન્સી) વડોદરા તા 15

મહિલા પ્રીમિયર લીગ 2025 શરૂ થઈ ગઈ છે. પહેલી જ મેચમાં ઘણા રન બનાવ્યા છે અને આ સિદ્ધિ ગુજરાત જાયન્ટ્સના કેપ્ટન એશ્લે ગાર્ડનરે કરી છે. તેણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે 213ના સ્ટ્રાઈક રેટથી 37 બોલમાં 79 રન બનાવ્યા હતા. ગાર્ડનરે આ દરમિયાન 8 સિક્સર અને 3 ફોર ફટકારી હતી. આ ઈનિંગ્સના આધારે ગુજરાતની ટીમે ટૂર્નામેન્ટની પહેલી જ મેચમાં 201 રનનો જંગી સ્કોર બનાવ્યો હતો. તમને જણાવી દઈએ કે RCBની કેપ્ટન સ્મૃતિ મંધાના ગાર્ડનરની વિસ્ફોટક ઈનિંગને કારણે લાચાર દેખાઈ હતી. મંધાના ઈચ્છવા છતાં પણ તેને બહાર કાઢી શકવા સક્ષમ ન હતી. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. આ પછી પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ગુજરાત જાયન્ટ્સની ટીમે 41 રનના સ્કોર પર 2 વિકેટ ગુમાવી દીધી હતી. ત્યાર બાદ ગુજરાતના કેપ્ટન એશ્લે ગાર્ડનર ચોથા નંબર પર બેટિંગ કરવા આવ્યા હતા.

# શ્રીલંકાએ વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને 174 રનથી હરાવ્યું

### 2 મેચની ODI સિરીઝમાં ક્લીન સ્વીપ કરી; કુસલ મેન્ડિસે સદી ફટકારી

(એજન્સી) કોલંબો તા 15

ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા, શ્રીલંકાએ વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને 174 રનના મોટા માર્જિનથી હરાવ્યું છે. રનની દ્રષ્ટિએ શ્રીલંકા સામે કાંગારૂ ટીમનો આ સૌથી મોટો ODI પરાજય છે. આ જીત સાથે, શ્રીલંકાએ કાંગારૂઓને 2 ODI મેચની સિરીઝમાં 2-0 થી ક્લીન સ્વીપ કર્યું. ટીમે પહેલી મેચ 49 રનથી જીતી હતી.

શુક્રવારે શ્રીલંકાએ ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી અને 50 ઓવરમાં 4 વિકેટે 281 રન બનાવ્યા. જવાબમાં, ઓસ્ટ્રેલિયન ટીમ 24.2 ઓવરમાં 107 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. કેપ્ટન સ્ટીવ સ્મિથે સૌથી વધુ 29 રન બનાવ્યા. ડુનિથ વેલ્લાલાગે 4 વિકેટ લીધી. વાનિન્દુ હસરંગા અને આસિથ ફર્નાન્ડોએ 3-3 વિકેટ લીધી. વન-ડે સિરીઝ પહેલા શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણી રમાઈ હતી. ઓસ્ટ્રેલિયાએ આ સિરીઝ 2-0થી જીતી લીધી. ટીમે શ્રીલંકા સામેની પહેલી ટેસ્ટ એક ઈનિંગ્સ અને 242 રનથી જીતી હતી. જ્યારે, બીજી ટેસ્ટમાં, તેઓ 9 વિકેટથી જીત્યા હતા. ઓસ્ટ્રેલિયન ટીમે 13 વર્ષ પછી શ્રીલંકામાં ટેસ્ટ સિરીઝ જીતી છે. આ પહેલા ટીમે 2011માં સફળતા મેળવી હતી. આ પછી, 2 સિરીઝ રમાઈ, જેમાં એક શ્રીલંકાએ જીતી અને બીજી ડ્રો રહી.



**કુસલ મેન્ડિસે સદી ફટકારી :** શ્રીલંકા તરફથી કુસલ મેન્ડિસે 115 બોલમાં 101 રનની સદી ફટકારી હતી. નિશાન માદુષ્કાએ 70 બોલમાં 51 રન અને ચારિથ અસલાંકાએ 66 બોલમાં અણનમ 78 રન બનાવ્યા. જાનિથ લિયાનાગેએ અણનમ 32 રનનું યોગદાન આપ્યું.

**ઓસ્ટ્રેલિયાને શરૂઆતમાં જ વિકેટ ગુમાવી :** 282 રનના ટાર્ગેટને ચેઝ કરતી વખતે, ઓસ્ટ્રેલિયન ટીમને શરૂઆતમાં જ નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો. ટીમે 33 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી. ઓપનર મેથ્યુ શોર્ટ 2, જેક ફ્રેઝર-મેગર્ક 9 અને ટ્રેવિસ હેડ 18 રને આઉટ થયા હતા. આ ત્રણેયને અસિતા ફર્નાન્ડોએ આઉટ કર્યા.

**મદુષ્કા-મેન્ડિસે મુશ્કેલીમાંથી ઉગાર્યું :** ટોસ જીતીને બેટિંગ કરી રહેલા શ્રીલંકાએ 15 રનના સ્કોરે પથુમ નિસાંકાની વિકેટ ગુમાવી દીધી. તે 6 રન બનાવીને આઉટ થયો હતો. તેને એરોન હાર્ડીએ બોલ્ડ કર્યો. અહીંથી, ઓપનર નિશાન મદુષ્કાએ કુસલ મેન્ડિસ સાથે મળીને ટીમને શરૂઆતના આંચકાઓમાંથી બહાર નીકળવામાં મદદ કરી.

**મેન્ડિસ-અસલંકા વચ્ચે 94 રનની ભાગીદારી :** 121 રન પર ત્રીજી વિકેટ ગુમાવ્યા બાદ, કુસલ મેન્ડિસે ચારિથ અસલંકા સાથે ચોથી વિકેટ માટે 94 રનની ભાગીદારી કરી. આ ભાગીદારીએ ટીમને 200 રનની પાર પહોંચાડી દીધી. કુસલ મેન્ડિસ 215ના ટીમના સ્કોર પર આઉટ થયો હતો. અહીં ચારિથ અસલંકાએ જાનિથ લિયાનાગે સાથે 66 રનની અણનમ ભાગીદારી કરી હતી. ટીમે 4 વિકેટ ગુમાવ્યા બાદ 281 રન બનાવ્યા.

# યશસ્વી વિદર્ભ સામે રણજી સેમિફાઈનલમાં રમી શકે :મુંબઈની ટીમમાં નામ સામેલ કર્યો

(એજન્સી)નવી દિલ્હી તા 15

ભારતીય ટેસ્ટ ઓપનર યશસ્વી જયસ્વાલનો રણજી ટ્રોફી સેમિફાઈનલ મેચ માટે મુંબઈની ટીમમાં સમાવેશ કર્યો છે. રણજી ટ્રોફી 2024-25ની બંને સેમિફાઈનલ મેચ 17 ફેબ્રુઆરીથી રમાશે. બીજી સેમિફાઈનલ મેચમાં મુંબઈનો મુકાબલો વિદર્ભ સામે થશે. યશસ્વીએ આ સિઝનમાં એક મેચ રમી છે. યશસ્વીએ જમ્મુ અને કાશ્મીર સામે રણજી મેચ રમી હતી, જેમાં મુંબઈની ટીમ તેના હોમ ગ્રાઉન્ડ પર હારી



ગઈ હતી. તે મેચમાં રોહિત શર્મા પણ રમ્યો હતો.

જાન્યુઆરીમાં ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી ત્યારે યશસ્વીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ, જ્યારે 11 ફેબ્રુઆરીએ અંતિમ ટીમની જાહેરાત કરવામાં આવી, ત્યારે તેના સ્થાને મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તીને ટીમમાં સામેલ કર્યો છે.રણજી ટ્રોફી સેમિફાઈનલ માટે મુંબઈ ટીમ અજિંક્ય રહાણે (કેપ્ટન), આયુષ મ્હાત્રે, અંગક્રિશ રઘુવંશી, અમોઘ ભટકલ, સૂર્યકુમાર યાદવ, યશસ્વી જયસ્વાલ, સિદ્ધેશ લાડ, શિવમ દુબે, આકાશ આનંદ (વિકેટકીપર), હાર્દિક તામોર (વિકેટકીપર), સૂર્યાંશ શેડગે, શાર્દૂલ ઠાકુર, શમ્સ મુલાની, તનુષ કોટિયન, મોહિત અવસ્થી, સિલ્વેસ્ટર ડિસોઝા, રોયસ્ટન ડાયસ, અથર્વ અંકોલેકર અને હર્ષ તન્ના.યશસ્વીને તાજેતરમાં ઈંગ્લેન્ડ સામે રમાયેલી ODI શ્રેણીની ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. તેણે વિરાટ કોહલીની ગેરહાજરીમાં પહેલી વન-ડે રમી હતી. આ યશસ્વીનો પણ ODI ડેબ્યૂ હતો. તેણે રોહિત શર્મા સાથે ઓપનિંગ કરતી વખતે 22 બોલમાં 15 રન બનાવ્યા.



# એલિસ પેરી અને રિચા ઘોષના તોફાનથી ગુજરાત ચકનાચૂર

(એજન્સી) વડોદરા તા 15

14 ફેબ્રુઆરીએ WPL 2025ની જોરદાર શરૂઆત થઈ હતી. બરોડામાં રમાયેલ સિઝનની પહેલી જ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ રેકોર્ડબ્રેક રનચેઝ કરી ગુજરાત જાયન્ટ્સને 6 વિકેટથી હરાવ્યું હતું. રિચા ઘોષે સિક્સર ફટકારી RCBને યાદગાર જીત અપાવી હતી. WPL 2025ની ત્રીજી સિઝનની પહેલી મેચ બરોડામાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે યોજાઈ હતી.પહેલી જ મેચમાં મહિલા ખેલાડીઓએ કમાલ પ્રદર્શન કરી દર્શકોના દિલ જીતી લીધા હતા. બંને ટીમ વચ્ચે બરાબરીની ટક્કર જોવા મળી હતી અને અંતે બેંગલુરુએ ગુજરાતને રોમાંચક મેચમાં રેકોર્ડબ્રેક રનચેઝ કરી હરાવ્યું હતું. RCBએ ટોસ જીતી બોલિંગ પસંદ કરી WPL 2025ની પહેલી મેચમાં RCBની કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ટોસ જીતી પહેલા ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જોકે તેનો આ નિર્ણય ખોટો સાબિત થયો હતો. ગુજરાતની ઓપનર્સ લૌરા વોલ્વાર્ડ અને બેથ મૂનીએ GGને મજબૂત શરૂઆત અપાવી હતી. લૌરા વોલ્વાર્ડ (6) અને દયાલન હેમલતા (4) રન બનાવી સસ્તામાં આઉટ થઈ હતી. પરંતુ GGની પૂર્વ કેપ્ટન મૂની (56) અને વર્તમાન કેપ્ટન ગાર્ડનરે (79) બાજી સંભાળી હતી અને બંનેએ ફિફ્ટી પૂરી કરી હતી. એશ્લે ગાર્ડનરે માત્ર 37 બોલમાં 79 રન ફટકાર્યા હતા. જેમાં 8 સિક્સર અને 3 ફોર ફટકારી હતી. જેના દમ પર ગુજરાતે બેંગલુરુને જીતવા 202 રનનો ટાર્ગેટ આપ્યો હતો. રાઘવી બિસ્ત 25 રન બનાવી આઉટ થઈ હતી. જે બાદ રિચા ઘોષ ક્રિઝ પર આવી હતી અને આક્રમક બેટિંગનું પ્રદર્શન કર્યું હતું. પેરીએ 34 બોલમાં 57 અને રિચાએ 27 બોલમાં 64 રન ફટાકરી મેચ RCBના પક્ષમાં કરી દીધી હતી. રિચાએ 19મી ઓવરના ત્રીજા બોલ પર શાનદાર સિક્સર ફટકારી RCBને યાદગાર જીત અપાવી હતી. 202નો ટાર્ગેટ ચેઝ કરતા RCBની શરૂઆત ખરાબ રહી હતી અને પહેલી બે ઓવરમાં બંને ઓપનર મંધાના અને ડેનિયલ વ્યાટની વિકેટ ગુમાવી હતી. ત્યારબાદ રાઘવી બિસ્ત અને એલિસ પેરીએ RCBની ઈનિંગને સંભાળી હતી અને સ્કોર 100ને પાર પહોંચાડ્યો હતો.પહેલી જ જોવા મળી હતી અને અંતે બેંગલુરુએ ગુજરાતને રોમાંચક મેચમાં રેકોર્ડબ્રેક રનચેઝ કરી હરાવ્યું હતું.

# IPL 2025 પહેલા ફેન્સ માટે ખરાબ સમાચાર

(એજન્સી) નવી દિલ્હી તા 15

IPL 2025 શરૂ થાય તે પહેલા ચાહકોને મોટો ઝટકો લાગ્યો છે. ચાહકો હવે જિયો સિનેમા પર લાઈવ સ્ટ્રીમિંગ દ્વારા IPL જોઈ શકશે નહીં. ઉપરાંત, ચાહકોએ લાઈવ સ્ટ્રીમિંગ માટે પોતાના ખિસ્સા ઢીલા કરવા પડશે. ચાલો તમને આ પાછળનું કારણ જણાવીએ. બધા ક્રિકેટ ચાહકો હાલમાં ચેમ્પિયન્સ ટ્રોફીની રાહ જોઈ રહ્યા છે. આ પછી, વિશ્વની સૌથી લોકપ્રિય ક્રિકેટ લીગ 'ઈન્ડિયન પ્રીમિયર લીગ' (IPL) શરૂ થશે. IPLની આગામી સિઝન માર્ચથી શરૂ થવા જઈ રહી છે. આ પહેલા આ લીગના ચાહકોને મોટો ઝટકો લાગ્યો છે. અત્યાર સુધી ચાહકો Jio સિનેમા પર IPL મેચનો



લાઈવ આનંદ માણતા હતા. પરંતુ આ સિઝનથી આવું નહીં થાય. વાસ્તવમાં Jio સિનેમા અને Disney+ Hotstar ને મર્જ કરવામાં આવ્યા છે અને ત્યારબાદ JioHotstar લોન્ચ કરવામાં આવ્યું છે. આના પર IPL મેચોનું લાઈવ સ્ટ્રીમિંગ થશે, પરંતુ હવે યુઝર્સને અહીં મેચ જોવા માટે પોતાના ખિસ્સા ઢીલા કરવા પડશે.

યુઝર્સને આટલા રૂપિયા ચૂકવવા પડશે તાજેતરમાં, ડિઝની+ હોટસ્ટાર અને Jio સિનેમાનું મર્જર કરવામાં આવ્યું હતું. JioHotstar એપ શુક્રવારે બંનેના નામ જોડીને લોન્ચ કરવામાં આવી હતી. તે અંબાણી ગ્રુપની માલિકીની છે. આના પર ચાહકો IPL ની પ્રથમ થોડી મિનિટો લાઈવ જોઈ શકશે. આખી મેચ જોવા માટે તેમને સબસ્ક્રીપ્શન પ્લાન ખરીદવો પડશે. શરૂઆતના સબ્સ્ક્રિપ્શન પ્લાનની કિંમત 149 રૂપિયા છે. એક પ્લાન 299 રૂપિયાનો છે જેમાં યુઝર્સને વધુ સુવિધાઓ અને લાભો મળશે. આ પછી, 499 રૂપિયાના પ્લાનમાં, યુઝર્સ જાહેરાતો વિના મેચ જોઈ શકશે. ત્રણેય પ્લાન ત્રણ મહિના માટે માન્ય રહેશે.

# કોઈ ભારતીય નહીં પણ આ વિદેશી ખેલાડી પાસે છે સૌથી વધુ સંપત્તિ

(એજન્સી) નવી દિલ્હી તા 15

WPL 2025ની પહેલી મેચ 14 ફેબ્રુઆરીએ વડોદરામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે રમાશે. આ WPLની ત્રીજી સિઝન છે, જેમાં કુલ પાંચ ટીમો ભાગ લઈ રહી છે. ભારતની સાથે વિદેશી ક્રિકેટરો પણ આ લીગમાં પોતાની પ્રતિભા દર્શાવવા માટે તૈયાર છે. WPL 2025ની શરૂઆત પહેલા અમે તમને લીગની 5 સૌથી ધનિક ખેલાડીઓનો પરિચય કરાવી રહ્યા છીએ. પ્રથમ સ્થાને કોઈ ભારતીય ખેલાડી નથી પણ વિદેશી ખેલાડી છે. એલિસ પેરી સ્ટાર ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર છે. દુનિયા તેની રમત અને સુંદરતા માટે પાગલ છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ તરફથી રમતી એલિસ પેરી માત્ર WPL જ નહીં પરંતુ વિશ્વની સૌથી ધનિક ક્રિકેટર છે. એલિસ પેરીની કુલ સંપત્તિ 14 મિલિયન (લગભગ 121 કરોડ રૂપિયા) છે.

એલિસ પેરી સ્ટાર ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર છે. દુનિયા તેની રમત અને સુંદરતા માટે પાગલ છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ તરફથી રમતી એલિસ પેરી માત્ર WPL જ નહીં પરંતુ વિશ્વની સૌથી ધનિક ક્રિકેટર છે. એલિસ પેરીની કુલ સંપત્તિ 14 મિલિયન (લગભગ 121 કરોડ રૂપિયા) છે મેગ લેનિંગ ઓસ્ટ્રેલિયાની સ્ટાર ખેલાડી છે. તે WPL 2025માં દિલ્હી કેપિટલ્સનું નેતૃત્વ કરતી જોવા મળશે. 32 વર્ષીય લેનિંગ વિશ્વની અને WPLની બીજી સૌથી ધનિક ક્રિકેટર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર મેગ લેનિંગની કુલ સંપત્તિ 75 કરોડ રૂપિયાથી વધુ છે. મેગ લેનિંગ WPLની બીજી સૌથી ધનિક ક્રિકેટર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર મેગ લેનિંગની કુલ સંપત્તિ 75 કરોડ રૂપિયાથી વધુ છે.

# ન્યૂઝીલેન્ડે ત્રિકોણીય શ્રોણી જીતી



કરાંચી તા 15

મિડલ ઓર્ડરમાં ડેરિલ મિચેલ તથા ટોમ લાથામે નોંધાવેલી અડધી સદીની મદદથી ન્યૂઝીલેન્ડે પાકિસ્તાનને ફાઈનલ મુકાબલામાં પાંચ વિકેટે હરાવીને ત્રિકોણીય શ્રોણી જીતી લીધી હતી. પાકિસ્તાન 49.3 ઓવરમાં 242 રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગયું હતું. ન્યૂઝીલેન્ડે 28 બોલ બાકી રાખીને 45.2 ઓવરમાં પાંચ વિકેટે 243 રન બનાવીને ફાઈનલ જીતી લીધી હતી. પાકિસ્તાનની ઈનિંગમાં સુકાની રિઝવાને 46, સલમાન આગાએ 45 તથા તૈયબ તાહિરે 38 રનનું યોગદાન આપ્યું હતું. વિલ ઓરુકીએ 43 રનમાં ચાર, બ્રેસવેલે 38 રનમાં બે તથા સાન્તેનરે 20 રનમાં બે વિકેટ ઝડપી હતી. રનચેઝ કરનાર ન્યૂઝીલેન્ડ માટે મિચેલે 58 બોલમાં 57 તથા લાથામે 64 બોલમાં 56 રન બનાવ્યા હતા. આ ઉપરાંત ઓપનર વોન કોનવેએ 48 તથા વિલિયમ્સને 34 રનનું યોગદાન આપ્યું હતું.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
SUNDAY • 16-02-2025

### યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ વીડિયો શેર કર્યો, રેડિયેશન અટકાવતા કોંક્રિટ શીલ્ડ પર વિસ્ફોટ

# ચેર્નોબિલ પરમાણુ રિએક્ટર પર ડ્રોન હુમલો

(એજન્સી) ચેર્નોબિલ તા 15

ગુરુવારે રાત્રે યુક્રેનના ચેર્નોબિલ પરમાણુ પ્લાન્ટ પર ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ આ હુમલા માટે રશિયાને જવાબદાર ઠેરવ્યું છે. ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે ગુરુવારે મોડીરાત્રે વિસ્ફોટકોથી સજ્જ એક રશિયન ડ્રોને ચેર્નોબિલ પ્લાન્ટના કોંક્રીટ સેફ્ટી કવચ પર હુમલો કર્યો હતો. હુમલામાં આ બખ્તરને નુકસાન થયું છે.

ઝેલેન્સકીના મતે, આ હુમલો નાશ પામેલા પાવર રિએક્ટર નંબર 4 પર કરવામાં આવ્યો હતો. હુમલાને કારણે, ઈમારતમાં આગ લાગી હતી, જે બુઝાવી દેવામાં આવી છે. આ કોંક્રિટ કવચ 1986માં ચેર્નોબિલ વિસ્ફોટ પછી રેડિયેશનને રોકવા માટે બનાવવામાં આવ્યું હતું. આ સિવાય, અન્ય કોઈ નુકસાન કે રેડિયેશનના સ્તરમાં વધારો થવાના કોઈ સમાચાર નથી.

વોલોદિમીર ઝેલેન્સ્કીએ એક વીડિયો પોસ્ટ કર્યો યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો છે. આમાં ચેર્નોબિલ પ્લાન્ટની ઈમારતમાંથી તેજસ્વી પ્રકાશ નીકળતો દેખાય છે. આ પછી આખું આકાશ ધુમાડાથી ભરાઈ જાય છે. ઈન્ટરનેશનલ એટોમિક એનર્જીએ જણાવ્યું હતું કે યુક્રેનમાં સ્થાનિક સમય મુજબ સવારે 2 વાગ્યે હુમલો થયો હતો.

1986માં ચેર્નોબિલ પરમાણુ પ્લાન્ટમાં વિસ્ફોટ થયો હતો 26 એપ્રિલ, 1986ના રોજ ચેર્નોબિલ પરમાણુ પ્લાન્ટમાં વિસ્ફોટ થયો હતો. અહીં કામ કરી રહેલા 32 કર્મચારીનાં મોત થયાં. સેંકડો કામદારો રેડિયેશનના સંપર્કમાં આવ્યા હતા. ત્યારે રશિયા નહીં, પણ સોવિયેત યુનિયન હતું. આ વિસ્ફોટમાં કેટલા લોકો માર્યા ગયા એની ચોક્કસ સંખ્યા આજે જાણી શકાઈ નથી, જોકે પ્લાન્ટમાં થયેલી દુર્ઘટનામાંથી નીકળેલા રેડિયેશનનો ભોગ 50 લાખ લોકો બન્યા હતા. આના પરિણામે કેન્સર જેવા ગંભીર રોગોને કારણે 4,000થી વધુ લોકોનાં મૃત્યુ થયાં. યુક્રેનિયન રાષ્ટ્રપતિએ ચેર્નોબિલ પરમાણુ પ્લાન્ટના પાવર રિએક્ટર નંબર 4માં થયેલા વિસ્ફોટનો વીડિયો શેર કર્યો. રશિયાએ હજુ સુધી ઝેલેન્સ્કીના આરોપો પર કોઈ પ્રતિક્રિયા આપી નથી.



## હિરોશિમા પર ફેંકાયેલા અણુબોમ્બ કરતાં 400 ગણું વધુ રેડિયેશન હતું


ચેર્નોબિલ પરમાણુ પ્લાન્ટમાં થયેલા અકસ્માત પછી બહાર નીકળેલું કિરણોત્સર્ગ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાનના હિરોશિમા અને નાગાસાકી પર ફેંકાયેલા અણુબોમ્બ કરતાં 400 ગણું વધુ હતું. મોટા ભાગનો કાટમાળ ચેર્નોબિલની આસપાસના વિસ્તારોમાં પડ્યો હતો, જેમ કે યુક્રેન, બેલારુસ અને રશિયા. આ કિરણોત્સર્ગ પવન સાથે ઉત્તર અને પૂર્વી યુરોપમાં ફેલાયો. સોવિયેત સંઘે હુમલાને છુપાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ સ્વીડિશ અહેવાલો સામે આવ્યા પછી તેમણે વિસ્ફોટની કબૂલાત કરી. સોવિયેત યુનિયનના વિઘટન પછી ચેર્નોબિલ યુક્રેનનો ભાગ બન્યો. યુક્રેનિયન રાષ્ટ્રપતિએ ચેર્નોબિલ પરમાણુ પ્લાન્ટના પાવર રિએક્ટર નંબર 4માં થયેલા વિસ્ફોટનો વીડિયો શેર કર્યો. યુક્રેનિયન રાષ્ટ્રપતિએ ચેર્નોબિલ પરમાણુ પ્લાન્ટના પાવર રિએક્ટર નંબર 4માં થયેલા વિસ્ફોટનો વીડિયો શેર કર્યો. રશિયાએ હજુ સુધી ઝેલેન્સ્કીના આરોપો પર કોઈ પ્રતિક્રિયા આપી નથી.

### મોદીએ મેક્રોનનાં પત્નીને એન્ટિક મિરર ગિફ્ટ કર્યું

# મસ્કે મોદીને સ્પેસશિપનું કવચ ભેટમાં આપ્યું: આ અવકાશ યાનને અતિશય તાપમાન સામે રક્ષણ આપે છે

(એજન્સી) વોશિંગ્ટન ડીસી તા 15

ફ્રાન્સ અને અમેરિકાની મુલાકાતે આવેલા પીએમ મોદીને ઘણી ભેટો મળી અને તેમણે ઘણી ભેટો પણ આપી. અમેરિકન ઉદ્યોગપતિ ઈલોન મસ્કે મોદીને સ્પેસએક્સના સ્ટારશિપ ફ્લાઈટ ટેસ્ટ 5ના હીટ શીલ્ડથી બનેલો મોમેન્ટો આપ્યો. આ કવચ અવકાશયાનને અતિશય તાપમાન સામે રક્ષણ આપે છે. મોદીએ મસ્કનાં બાળકોને રવીન્દ્રનાથ ટાગોરની ધ ક્રેસન્ટ મૂન, ધ ગ્રેટ આરકે નારાયણ કલેક્શન અને વિષ્ણુ શર્માની પંચતંત્ર પુસ્તક ભેટમાં આપ્યાં. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પીએમ મોદીને અવર જર્ની ટુગેધર પુસ્તક ભેટમાં આપ્યું. આ 320 પાનાંના પુસ્તકમાં 2019માં યોજાયેલા 'હાઉડી મોદી' કાર્યક્રમો અને 2020માં યોજાયેલા 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમોની તસવીરો છે. મસ્કે સ્ટારશિપના હીટ ટાઈલ મોમેન્ટો આપ્યો ઈલોન મસ્કે પીએમ મોદીને હીટ શીલ્ડ ટાઈલ મોમેન્ટો આપ્યો. આ ટાઈલનો ઉપયોગ 13 ઓક્ટોબર, 2024ના રોજ મસ્કના સ્ટારશિપની 5મી ફ્લાઈટમાં કરવામાં આવ્યો હતો.



### આ પેઈન્ટિંગ પઝલ બિહારના મિથિલા અને મધુબની વિસ્તારોમાં ખૂબ પ્રખ્યાત છે.

પીએમએ જેડી વાન્સના બીજા પુત્ર વિવેકને લાકડામાંથી બનાવેલી રેલવે સેટ ભેટમાં આપ્યો. આ રેલવે સેટ પર્યાવરણને અનુકૂળ કુદરતી રંગોથી રંગવામાં આવ્યો છે. જેડી વાન્સની આ કવચ અવકાશયાનને અતિશય તાપમાન સામે રક્ષણ આપે છે. મોદીએ મસ્કનાં બાળકોને રવીન્દ્રનાથ ટાગોરની ધ ક્રેસન્ટ મૂન, ધ ગ્રેટ આરકે નારાયણ કલેક્શન અને વિષ્ણુ શર્માની પંચતંત્ર પુસ્તક ભેટમાં આપ્યાં. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પીએમ મોદીને અવર જર્ની ટુગેધર પુસ્તક ભેટમાં આપ્યું. પુત્રી વાન્સના પુત્ર ઈવાનને ભારતીય મધુબની લોકચિત્ર દર્શાવતી પઝલ ભેટમાં આપવામાં આવી હતી.

### પીએમ મોદીએ ઈલોન મસ્કનાં બાળકોને ત્રણ પુસ્તક ભેટમાં આપ્યાં.

આમાંનું એક પુસ્તક વિષ્ણુ શર્મા દ્વારા લખાયેલું પંચતંત્ર કહાનીઓનું છે. બાકીનાં બે પુસ્તકો રવીન્દ્રનાથ ટાગોર દ્વારા લખાયેલાં ધ ક્રેસેન્ટ મૂન અને ધ ગ્રેટ આર.કે. નારાયણ કલેક્શન છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પીએમ મોદીને પુસ્તક ભેટ આપ્યું આ 320 પાનાંના પુસ્તકમાં 'હાઉડી મોદી' (2019) અને 'નમસ્તે ટ્રમ્પ' (2020) કાર્યક્રમોની તસવીરો છે. ટ્રમ્પે આ પુસ્તક પર એક સંદેશ પણ લખ્યો હતો- મિસ્ટર પ્રાઈમ મિનિસ્ટર, યુ આર ગ્રેટ. આ કવચ અવકાશયાનને અતિશય તાપમાન સામે રક્ષણ આપે છે. મોદીએ મસ્કનાં બાળકોને રવીન્દ્રનાથ ટાગોરની ધ ક્રેસન્ટ મૂન, ધ ગ્રેટ આરકે નારાયણ કલેક્શન અને વિષ્ણુ શર્માની પંચતંત્ર પુસ્તક ભેટમાં આપ્યાં. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પીએમ મોદીને અવર જર્ની ટુગેધર પુસ્તક ભેટમાં આપ્યું.

### ફ્રેન્ચ રાષ્ટ્રપતિ અને તેમનાં પત્નીને પ્રતિમા અને અરીસાની ભેટ

ફ્રાન્સના પ્રથમ મહિલા બ્રિજિટ મેક્રોનને રાજસ્થાનમાં હાથથી કોતરવામાં આવેલ ચાંદીનો ટેબલ મિરર ભેટમાં આપવામાં આવ્યો. આ હાથથી બનાવેલ ટેબલ મિરર ઉત્તમ કારીગરી અને સાંસ્કૃતિક વારસાને પ્રતિબિંબિત કરે છે. છત્તીસગઢની ડોકરા કલાકૃતિ ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનને ભેટમાં આપવામાં આવી હતી. તે જડેલા પથ્થરો પર સંગીતકારોને દર્શાવે છે. તે વેક્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યા છે. 13 ઓક્ટોબર, 2024ના રોજ મસ્કના સ્ટારશિપની 5મી ફ્લાઈટમાં કરવામાં આવ્યો હતો. હીટ શીલ્ડ ટાઈલ અવકાશયાનને અતિશય ગરમી સામે રક્ષણ આપે છે. એનો ઉપયોગ ઘરો, વાહનો અને અવકાશયાનમાં થાય છે. મસ્કનાં બાળકોને પંચતંત્ર સહિત ત્રણ પુસ્તક ભેટમાં આપ્યાં આ પુસ્તકની ઓનલાઈન કિંમત 6000 રૂપિયાથી 6873 રૂપિયા સુધીની છે.. નારાયણ કલેક્શન છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પીએમ મોદીને પુસ્તક ભેટ આપ્યું આ 320 પાનાંના પુસ્તકમાં 'હાઉડી મોદી' (2019) અને 'નમસ્તે ટ્રમ્પ' (2020) કાર્યક્રમોની તસવીરો છે. ટ્રમ્પે આ પુસ્તક પર એક સંદેશ પણ લખ્યો હતો-

### અમેરિકન રાષ્ટ્રપતિએ તેને સૌથી ખરાબ વ્યક્તિ કહ્યો

# કોણ છે પાકિસ્તાની બિઝનેસમેન જેને ટ્રમ્પ ભારત મોકલશે



(એજન્સી) વોશિંગ્ટન તા 15

13 ફેબ્રુઆરીના રોજ અમેરિકામાં પીએમ મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે મુલાકાત થઈ હતી. આ બેઠકમાં એક પાકિસ્તાની ઉદ્યોગપતિની પણ ચર્ચા થઈ હતી. મીટિંગ પછી પ્રેસ કોન્ફરન્સમાં જ્યારે ટ્રમ્પને આ ઉદ્યોગપતિ વિશે પૂછવામાં આવ્યું ત્યારે ટ્રમ્પે તેમને દુનિયાના સૌથી ખરાબ લોકોમાંથી એક ગણાવ્યો. ટ્રમ્પે કહ્યું કે તેને ભારતને સોંપવામાં મને ખુશી છે. હવે તે ભારત જશે અને ન્યાયનો સામનો કરશે. જવાબમાં પીએમ મોદીએ ટ્રમ્પનો આભાર માન્યો. આ સમાચારમાં જાણીશું કે પાકિસ્તાની ઉદ્યોગપતિ તહવ્વુર રાણા કોણ છે અને મોદી-ટ્રમ્પે તેના વિશે કેમ વાત કરી... તહવ્વુર રાણા હાલમાં અમેરિકાના લોસ એન્જલસમાં મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં કેદ છે. તહવ્વુર રાણા હાલમાં અમેરિકાના લોસ એન્જલસમાં મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં કેદ છે.

સૌ પ્રથમ વાંચો કે ટ્રમ્પ અને મોદીએ તહવ્વુર વિશે શું કહ્યું... તહવ્વુર રાણા પાકિસ્તાની મૂળનો ઉદ્યોગપતિ

64 વર્ષીય તહવ્વુર હુસૈન રાણા પાકિસ્તાની મૂળનો કેનેડિયન નાગરિક છે. તેના પર પાકિસ્તાની-અમેરિકન આતંકવાદી ડેવિડ કોલમેન હેડલીને મદદ કરવાનો આરોપ છે. હેડલી 26/11ના મુંબઈ હુમલાના મુખ્ય કાવતરાખોરોમાંનો એક છે.તહવ્વુર હુસૈન પાકિસ્તાની સેનામાં ડોક્ટર તરીકે કામ કરતો હતો. ત્યાર બાદ તે 1997માં કેનેડા ગયો અને ત્યાં ઈમિગ્રેશન સેવાઓ પૂરી પાડતા ઉદ્યોગપતિ તરીકે કામ કરવાનું શરૂ કર્યું.અહીંથી તે અમેરિકા પહોંચ્યો અને શિકાગો સહિત અનેક સ્થળોએ ફર્સ્ટ વર્લ્ડ ઈમિગ્રેશન સર્વિસીસ નામની કન્સલ્ટન્સી ફર્મ ખોલી. યુએસ કોર્ટના દસ્તાવેજો અનુસાર, રાણાએ ઘણી વખત કેનેડા, પાકિસ્તાન, જર્મની અને ઈંગ્લેન્ડની મુલાકાત પણ લીધી હતી. તે લગભગ 7 ભાષાઓ બોલી શકે છેમને એ જાહેરાત કરતા આનંદ થાય છે કે મારી સરકારે ભયાનક મુંબઈ હુમલાનું કાવતરું ઘડવાના આરોપી વિશ્વના સૌથી ખરાબ માણસોમાંના એકના પ્રત્યાર્પણને મંજૂરી આપી છે. હવે તે ભારત જશે અને ન્યાયનો સામનો કરશે.ગયા વર્ષે કોર્ટમાં સુનાવણી દરમિયાન, સરકારી વકીલોએ દલીલ કરી હતી કે તહવ્વુર હુમલાના માસ્ટરમાઈન્ડ ડેવિડ હેડલીનો બાળપણનો મિત્ર હતો અને તે જાણતો હતો કે હેડલી લશ્કર-એ-તૈયબા સાથે કામ કરી રહ્યો છે..

# બંને દેશના યુદ્ધ સમાપ્તિના પ્રયાસો વચ્ચે ફરી હુમલો

(એજન્સી) રશિયા તા 15



રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસો વચ્ચે, યુક્રેને દાવો કર્યો છે કે રશિયન ડ્રોને ચેર્નોબિલ પરમાણુ પ્લાન્ટ પર હુમલો કર્યો છે. જોકે રેડિયેશનનું સ્તર સામાન્ય છે. ઝેલેન્સકીએ આ ઘટનાને આતંકવાદી હુમલો ગણાવ્યો છે અને કહ્યું છે કે પરમાણુ સ્થળોને નિશાન બનાવવું ખતરનાક છે. જોકે, રાષ્ટ્રપતિ ઝેલેન્સકી તરફથી હુમલાની પુષ્ટિ બાદ, ફાયર સેફ્ટી અધિકારીઓએ જણાવ્યું હતું કે આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે.'ચર્નોબિલમાં પરમાણુ રિએક્ટર પર રશિયાએ હુમલો કર્યો હતો', યુક્રેનનું કહેવું છે કે ચેર્નોબિલ પરમાણુ પ્લાન્ટની ઢાલ પર એક રશિયન ડ્રોન પડી ગયું છે. જોકે, રશિયન ડ્રોન હુમલા પછી પ્લાન્ટનું રેડિયેશન સ્તર સામાન્ય રહ્યું છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ એક મોટો દાવો કર્યો છે. તેઓ કહે છે કે રશિયાએ ચેર્નોબિલમાં પરમાણુ રિએક્ટર પર ડ્રોનથી હુમલો કર્યો છે. ઝેલેન્સકીએ આ ઘટનાને આતંકવાદી હુમલો ગણાવ્યો છે અને કહ્યું છે કે પરમાણુ સ્થળોને નિશાન બનાવવું ખતરનાક છે. જોકે, રાષ્ટ્રપતિ ઝેલેન્સકી તરફથી હુમલાની પુષ્ટિ બાદ, ફાયર સેફ્ટી અધિકારીઓએ જણાવ્યું હતું કે આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે.

આ હુમલા પછી ચિંતા કેમ વધી? યુદ્ધ વચ્ચે, યુક્રેનમાં પરમાણુ પ્લાન્ટની સલામતી અંગે ચિંતા વધી છે. પરમાણુ પ્લાન્ટના સલામતી જોખમો પર ભાર મૂકતા તેમણે કહ્યું કે બેદરકારી માટે કોઈ અવકાશ નથી. IAEA એ હંમેશા ઉચ્ચ ચેતવણી પર રહેવું જોઈએ. તેમણે કહ્યું કે ચેર્નોબિલ ઘટના અને ઝાપોરિઝ્ઝિયા ન્યુક્લિયર પાવર પ્લાન્ટની આસપાસ તાજેતરમાં વધેલી લશ્કરી પ્રવૃત્તિએ ચિંતા વધારી છે. અમારી પાસે ચેર્નોબિલ પરમાણુ સ્થળ પર એક ટીમ છે.

### ઈમિગ્રેશન નિયમોના ઉલ્લંઘનને કારણે આ ભારતીયોને પરત મોકલવાનું નક્કી કરવામાં આવ્યું

# USમાં ગેરકાયદેસર રહેતા વધુ 119 ભારતીયોને પરત મોકલાશે

(એજન્સી) અમેરિકા તા 15

અમેરિકામાં ગેરકાયદે રહેલા 119 ભારતીયોને પરત મોકલવાની કાર્યવાહી કરવામાં આવી છે. આ ભારતીયોમાં 67 પંજાબના લોકો શામેલ છે. આ ખાસ Flight શનિવારે રાત્રે અમૃતસર એરપોર્ટ પર પહોંચશે, જ્યાં ભારત પરત ફરનારા લોકોને અમૃતસરથી પોત પોતાના વતન લઈ જવામાં આવશે. Flightમાં 33 હરિયાણાના લોકો પણ સામેલ છે.

Breaking News : USમાં ગેરકાયદેસર રહેતા વધુ 119 ભારતીયોને પરત મોકલાશે, જાણો તેમા ગુજરાતીઓની સંખ્યા કેટલી અમેરિકામાં ગેરકાયદે રહેલા 119 ભારતીયોને પરત મોકલવાની કાર્યવાહી કરવામાં આવી છે. આ ભારતીયોમાં 67 પંજાબના લોકો શામેલ છે. આ ખાસ Flight શનિવારે રાત્રે અમૃતસર એરપોર્ટ પર પહોંચશે, જ્યાં ભારત પરત ફરનારા લોકોને અમૃતસરથી પોત પોતાના વતન લઈ જવામાં આવશે. Flightમાં 33 હરિયાણાના લોકો પણ સામેલ છે.




અમેરિકા તરફથી એસ્ટેબલિશમેન્ટ અને ઈમિગ્રેશન નિયમોના ઉલ્લંઘનને કારણે આ ભારતીયોને પરત મોકલવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ લોકો ઘણા સમયથી અમેરિકામાં ગેરકાયદે રહેતા હતા અને તેમને પાછા મોકલવાનો નિર્ણય ભારતીય સરકાર અને અમેરિકી અધિકારીઓ દ્વારા લેવામાં આવ્યો હતો.

પરત ફરનારા ભારતીયોમાં 8 ગુજરાતી આ પરીક્ષણને ધ્યાનમાં રાખતા, આ બધા લોકો હવે દેશમાં પાછા આવશે, જ્યાં તેમનો નવું જીવન શરૂ કરવાની તક મળશે. આ પરતફરી કામગીરી હવે વધુ આવા કિસ્સાઓને નાબૂદ કરવા માટે એક સંકેત બની શકે છે. અમેરિકામાં ગેરકાયદે રહેલા 119 ભારતીયોને પરત મોકલવાની કાર્યવાહી કરવામાં આવી છે. આ ભારતીયોમાં 8 ગુજરાતી અને 67 પંજાબના લોકો શામેલ છે. આ લોકોને લઈને ફ્લાઈટ 16 ફેબ્રુઆરીએ અમૃતસર પહોંચશે. મહત્વનું છે કે અમેરિકાની હાલમાં જ યાત્રા કરીને પરત ફરેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મહત્ત્વપૂર્ણ વાતચીત થઈ હતી. આ વચ્ચે જ અમેરિકામાં રહેતા ગેરકાયદે અપ્રવાસી ભારતીયોને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ટ્રમ્પ સાથે મુલાકાત બાદ PM મોદીએ પણ કોઈ દેશમાં ગેરકાયદેસર રહેવુ એ યોગ્ય ન હોવાનું જણાવ્યુ હતુ.

# બલૂચિસ્તાનમાં શ્રમિકો સવાર વાહનમાં વિસ્ફોટ, 11 લોકોનાં મોત

(એજન્સી) પાકિસ્તાન તા 15

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં ફરી એકવાર વિસ્ફોટ થયો છે. કોલસાની ખાણમાં કામ કરતા વાહનને નિશાન બનાવી બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યો હતો, જેમાં ઓછામાં ઓછા 11 લોકો માર્યા ગયા હતા. આ પહેલા પણ આ વિસ્તારમાં આવી ઘટનાઓ સામે આવી ચુકી છે. આ બ્લાસ્ટ બલૂચિસ્તાન પ્રાંતના હરનાઈમાં થયો હતો. કોલસા ખાણના મજૂરોને લઈ જઈ રહેલા પીકઅપ વાહન પર વિસ્ફોટક ઉપકરણ વડે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં 11 લોકોના તુરંત મોત થયા હતા અને 6 લોકો ઘાયલ થયા હતા જેમને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એક અધિકારીએ જણાવ્યું કે આ વિસ્ફોટ રિમોટ ઓપરેટેડ ડિવાઈસથી કરવામાં આવ્યો હતો. વિસ્તારના ડેપ્યુટી કમિશનર હઝરત વલી આગાએ જણાવ્યું હતું




કે બોમ્બ વિસ્ફોટ થયો ત્યારે 17 ખાણકામ મજૂરો ટ્રકમાં મુસાફરી કરી રહ્યા હતા. સ્થાનિક હોસ્પિટલના એક ડોક્ટરે જણાવ્યું કે ઘાયલોમાં બેની હાલત ગંભીર છે. ખનિજ સમૃદ્ધ બલૂચિસ્તાન ઈરાન અને અફઘાનિસ્તાનની સરહદ પર સ્થિત છે. અહીં દાયકાઓથી અલગતાવાદી વંશીય બલૂચ જૂથો દ્વારા બળવો ચાલી રહ્યો છે. આ વિસ્તારમાં ઈસ્લામિક આતંકવાદીઓ પણ સક્રિય છે. બલૂચિસ્તાન પ્રાંતની સરહદો: ઉત્તરમાં અફઘાનિસ્તાનની સરહદ છે. પશ્ચિમમાં ઈરાનની સરહદ છે. દક્ષિણમાં અરબી સમુદ્રની સરહદે છે. પૂર્વમાં પંજાબ પ્રાંતની સરહદ છે. ઉત્તર-પૂર્વમાં ખૈબર પખ્તુનખ્વા પ્રાંતની સરહદ છે ક્વેટા બલૂચિસ્તાન પ્રાંતની રાજધાની છે.

# હું બાંગ્લાદેશને PM-મોદી પર છોડી દઉં છું: ટ્રમ્પ

(એજન્સી) અમેરિકા તા 15

રાજકીય ઉથલપાથલ પર ટ્રમ્પનો અભિપ્રાય

અમેરિકાની મુલાકાતે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે રાષ્ટ્રપતિ ટ્રમ્પે મોટી વાત કહી છે. ભારતના પડોશી દેશ બાંગ્લાદેશમાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ પર ટ્રમ્પે કહ્યું છે કે બાંગ્લાદેશમાં અમેરિકન ડીપ સ્ટેટની કોઈ ભૂમિકા નથી. તેમણે ભારપૂર્વક કહ્યું કે પીએમ મોદી બાંગ્લાદેશનું ધ્યાન રાખશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન પર સવાલ પૂછવામાં આવ્યો હતો. એક પત્રકારે ટ્રમ્પને પૂછ્યું, "તમે બાંગ્લાદેશ વિશે શું કહેવા માગો છો, કારણ કે અમે જોયું, અને તે સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે કે, બાઈડન વહીવટ દરમિયાન અમેરિકાનું ડીપ સ્ટેટ ત્યાં કેવી રીતે કામ કરી રહ્યું હતું? પછી મોહમ્મદ યુનુસ જુનિયર પણ સોરોસને મળ્યા. સમગ્ર સંદર્ભમાં તમે બાંગ્લાદેશ વિશે શું કહેવા માંગો છો?"

આ પ્રશ્નના જવાબમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આપણા ડીપ સ્ટેટની ત્યાં કોઈ ભૂમિકા નથી. પોતાનો મુદ્દો સ્પષ્ટ કરતાં ટ્રમ્પે કહ્યું, "જુઓ...આ એક એવો મુદ્દો છે કે જેના પર વડાપ્રધાન લાંબા સમયથી કામ કરી રહ્યા છે અને ઘણા વર્ષોથી તેના પર કામ કરી રહ્યા છે... હું તેના વિશે વાંચી રહ્યો છું. હવે હું બાંગ્લાદેશને વડાપ્રધાનના હાથમાં છોડી દઉં છું." જ્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ કહ્યું ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની બાજુમાં બેઠા હતા. ગયા મહિને બાંગ્લાદેશની વચગાળાની સરકારના ચીફ મોહમ્મદ યુનુસે ઢાકામાં એલેક્સ સોરોસ સાથે વાત કરી હતી. એલેક્સ સોરોસે મોહમ્મદ યુનુસને માનવાધિકારનો ચેમ્પિયન ગણાવ્યો હતો. એલેક્સ સોરોસ જ્યોર્જ સોરોસના પુત્ર અને તેમની શ્રીમંત એનજીઓ ધ ઓપન સોસાયટી ફાઉન્ડેશન્સના ચેરમેન છે.

જ્યોર્જ સોરોસ પર બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન લાવવાનો આરોપ લાગતો રહે છે.

પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પ બાંગ્લાદેશને લઈને કડક વિદેશ નીતિ અપનાવી રહ્યા છે. સત્તામાં આવતાની સાથે જ તેમણે USAID દ્વારા બાંગ્લાદેશને અમેરિકન સહાય પર પ્રતિબંધ લગાવી દીધો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ બાંગ્લાદેશના વિકાસ પર રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરી છે.

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ આ ચર્ચા વિશે માહિતી આપી છે. વિક્રમ મિસરીએ કહ્યું કે વડા પ્રધાન મોદીએ બાંગ્લાદેશમાં તાજેતરની ઘટનાઓ અને સમગ્ર પરિસ્થિતિને ભારત કેવી રીતે જુએ છે તેના સંદર્ભમાં તેમના વિચારો અને તેના બદલે તેમની ચિંતાઓ શેર કરી હતી. મને લાગે છે કે અમે આશા રાખીએ છીએ કે બાંગ્લાદેશની સ્થિતિ પણ એવી દિશામાં આગળ વધશે જ્યાં અમે તેમની સાથે રચનાત્મક અને સ્થિર રીતે સંબંધો આગળ વધારી શકીએ, પરંતુ તે પરિસ્થિતિ અંગે ચિંતાઓ છે અને વડા પ્રધાને તે મંતવ્યો રાષ્ટ્રપતિ સાથે શેર કર્યા.

# જમ્મુ-કાશ્મીરમાં ટેરર લિંક મામલે 3 સરકારી કર્મચારી સસ્પેન્ડ

## ઉપરાજ્યપાલે કરી મોટી કાર્યવાહી : સુરક્ષા સમીક્ષા બેઠક બાદ એક્શન : દરેક ગુનેગારને કિંમત ચૂકવવી પડશે

(એજન્સી) જમ્મુ કાશ્મીર । તા. 15

જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ ટેરર લિંકના કારણે જમ્મુ કાશ્મીરના 3 સરકારી કર્મચારીઓને સસ્પેન્ડ કરી દીધાં છે. સસ્પેન્ડ કરાયેલા કર્મચારીઓમાં જમ્મુ કાશ્મીર પોલીસનો એક કોન્સ્ટેબલ ફિરદોસ ભટ્ટ પણ સામેલ છે, જે પોલીસમાં રહીને લશ્કર માટે કામ કરતો હતો.

જાણકારી અનુસાર ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ એક પોલીસ કોન્સ્ટેબલ, એક શિક્ષક અને વન વિભાગના એક કર્મચારી સહિત 3 સરકારી કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાયા. ત્રણેય કર્મચારી અલગ-અલગ આતંકવાદ સાથે જોડાયેલા મામલામાં જેલમાં



કેદ છે. આ મોટી કાર્યવાહી ઉપરાજ્યપાલની અધ્યક્ષતામાં સુરક્ષા સમીક્ષા બેઠકના એક દિવસ બાદ કરવામાં આવી.બેઠકમાં ઉપરાજ્યપાલે પોલીસ અને સુરક્ષા એજન્સીઓને આતંકવાદીઓ અને પડદાની પાછળ છુપાયેલા આતંકી તંત્રને બેઅસર કરવા માટે આતંકવાદ વિરોધી અભિયાન તેજ કરવાનો આદેશ આપ્યો હતો. ઉપરાજ્યપાલે એ પણ કહ્યું હતું કે 'આતંકવાદનું સમર્થન અને ફંડિંગ કરનારને ખૂબ ભારે કિંમત ચૂકવવી પડશે.'

ગત 13 ફેબ્રુઆરીએ મનોજ સિન્હાએ કહ્યું હતું કે 'આતંકવાદના દરેક ગુનેગાર અને સમર્થકને આની કિંમત ચૂકવવી પડશે. આપણે વિશ્વસનીય ગુપ્ત જાણકારીથી સજ્જ થવા અને આતંકવાદીઓને બેઅસર કરવા તથા નાગરિકોની સુરક્ષા નક્કી કરવા માટે વધુ પ્રભાવીરીતે કાર્ય કરવાની જરૂર છે.'

ફિરદોસ અહમદ ભટ પોલીસમાં રહીને આતંકીઓની મદદ કરી રહ્યો હતો. ફિરદોસ અહમદ ભટ 2005માં એસપીઓ તરીકે નિમણૂક થયો અને 2011માં કોન્સ્ટેબલ બની ગયો. તેની મે 2024માં ધરપકડ કરવામાં આવી. તે કોટ ભલવાલ જેલમાં બંધ છે. ખાસ વાત એ છે કે કોન્સ્ટેબલ તરીકે પુષ્ટિ કર્યા બાદ ફિરદોસ ભટને જમ્મુ કાશ્મીર પોલીસમાં ઈલેક્ટ્રોનિક મોનિટરિંગ યુનિટના સંવેદનશીલ પદ પર તહેનાત કરવામાં આવ્યો હતો. જોકે, તેણે આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબા માટે કામ કરવાનું શરૂ કરી દીધું. મે 2024માં ફિરદોસ ભટનો પર્દાફાશ થયો જ્યારે બે આતંકવાદીઓ વસીમ શાહ અને અદનાન બેગની અનંતનાગમાં પિસ્તોલ અને હેન્ડ ગ્રેનેડ સાથે ધરપકડ કરવામાં આવી.

તપાસમાં ખબર પડી કે ફિરદોસ ભટે લશ્કરના બે અન્ય સ્થાનિક આતંકવાદીઓ ઓમાસ અને અકીબને વસીમ અને અદનાનને બિન-સ્થાનિક નાગરિકો અને અનંતનાગ આવનાર પર્યટકો પર આતંકી હુમલો કરવા માટે હથિયાર અને ગોળા-બારૂદ પૂરા પાડવાનું કામ સોંપ્યું હતું. પૂછપરછ દરમિયાન ફિરદોસ ભટે હકીકત જણાવી. ફિરદોસ ભટ સાજિદ જટ્ટનો નજીકનો સહયોગી હતો જેણે તેને પાકિસ્તાનથી એક મોટા આતંકવાદી નેટવર્કને સંચાલિત કરવામાં મદદ કરી.

### વન વિભાગનો કર્મચારી આતંકવાદીઓની મદદ કરી રહ્યો હતો

નિસાર અહમદ ખાન 1996માં વન વિભાગમાં સહાયક તરીકે સામેલ થયો હતો. હાલ તેની નિમણૂક વેરીનાગ, અનંતનાગના વન રેન્જ કાર્યાલયમાં અર્દલી તરીકે થઈ હતી. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર નિસાર ખાન સરકારની અંદર છુપાયેલો એક ગદ્દાર છે. તે ગુપ્તરીતે હિઝબુલ મુઝાહિદીનમાં સામેલ થઈ ગયો અને અલગાવવાદી શક્તિઓની સાથે મદદ કરવાનું શરૂ કરી દીધું. આતંકવાદી સંગઠન હિઝબુલ મુઝાહિદીન માટે જાસૂસી કરતો હતો. હિઝબુલ મુઝાહિદીનની સાથે તેના સંબંધ પહેલી વખત વર્ષ 2000માં સામે આવ્યા જ્યારે અનંતનાગ જિલ્લાના ચમારનમાં એક લેન્ડમાઈન વિસ્ફોટ થયો. આ હુમલાને હિઝબુલ મુઝાહિદીને અંજામ આપ્યો હતો.

## CBI-EDનો ડર બતાવ્યો, વૃદ્ધાને આતંકવાદી પ્રવૃત્તિમાં સામેલ થવાની ધમકી આપી

# વિદેશ મંત્રાલયના પૂર્વ અધિકારીની પત્ની સાથે 1 કરોડથી વધુનો સાયબર ફ્રોડ

(એજન્સી) ગુરુગ્રામ । તા. 15

હરિયાણાના ગુરુગ્રામમાં સાયબર છેતરપિંડી કરનારાઓએ વિદેશ મંત્રાલયના પૂર્વ અધિકારીની પત્નીને એક મહિના સુધી ડિજિટલ ધરપકડ કરીને 1 કરોડ 42 લાખ રૂપિયાની છેતરપિંડી કરી. છેતરપિંડી કરનારાઓ હજુ પણ તેમને મેસેજ કરી રહ્યા છે. તે તેની પાસેથી બીજા 3 કરોડ રૂપિયા પડાવવા માંગે છે. માલિબુ ટાઉનની રહેવાસી 80 વર્ષીય વૃદ્ધાએ પોલીસને જણાવ્યું કે, 'હું એક નોકરાણી સાથે રહું છું. મારા બાળકો વિદેશમાં રહે છે. ગયા વર્ષે 25મી ઓક્ટોબરે તેમના વોટ્સએપ નંબર પર એક મહિલાનો ફોન આવ્યો હતો. તેણે પોતાને કુરિયર કંપનીના કર્મચારી તરીકે ઓળખાવ્યો અને કહ્યું કે મારા નામે ચીનમાં એક પાર્સલ મોકલવામાં આવી રહ્યું હતું, જેમાં પૈસા અને ડ્રગ્સ હતા.'અહેવાલો અનુસાર, છેતરપિંડી કરનારાઓએ વૃદ્ધાને CBI અને EDનો ડર બતાવીને ધરપકડ વોરંટ જારી કરાવ્યું. વૃદ્ધાએ મ્યુચ્યુઅલ ફંડમાંથી 1.75 કરોડ રૂપિયા ઉપાડ્યા અને તેને ઉલ્લેખિત ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા હતી. આતંકવાદી પ્રવૃત્તિમાં સામેલ થવાની ધમકી આપીને વધુ 3 કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. પૈસા એકઠા કરવા માટે વૃદ્ધાએ પોતાનું ઘર પણ વેચી દીધું હતું. જ્યારે પરિવારના સભ્યોને આ અંગે માહિતી મળી, ત્યારે છેતરપિંડીનો ઘટસ્ફોટ થયો. આ ઘટનાની તપાસ કરનારા અધિકારીએ જણાવ્યું હતુ કે, 'કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે. જે ખાતાઓમાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા તે ખાતા જપ્ત કરવામાં આવ્યા છે.'છેતરપિંડી કરનારાઓએ 25મી ઓક્ટોબર 2024 ના રોજ વૃદ્ધ મહિલાને ફોન કર્યો અને તેમને ખોટા કેસમાં ફસાવી દીધા. 24 કલાક વોટ્સએપ પર વાત કર્યા પછી, સ્કાયપે પર એકાઉન્ટ બનાવ્યા બાદ 26મી ઓક્ટોબરના રોજ તેમને ડિજિટલ એરેસ્ટ કરવામાં આવ્યા હતા. 26મી નવેમ્બર 2024 સુધી ડિજિટલ અરેસ્ટ હેઠળ રાખવામાં આવ્યા હતા. આ દરમિયાન છેતરપિંડી કરનારાઓ સીબીઆઈ અને ઈડી અધિકારીઓ તરીકે સાદા કપડામાં તેમની સાથે વાત કરતા હતા. ક્યારેક પોલીસ યુનિફોર્મ પહેરેલો એક યુવાન પણ જોવા મળતો હતો. તે તેમના પર નજર રાખવાની વાત કરતો હતો.

### આ ઘટનાનો ઘટસ્ફોટ કેવી રીતે થયો?

ગભરાયેલી વૃદ્ધ મહિલાએ છેતરપિંડી કરનારાઓને 3 કરોડ રૂપિયા આપવા માટે પોતાનું ઘર વેચી દીધું. વૃદ્ધા કાગળકામ કરવા માટે તેની ભાભીના દીકરાનો સંપર્ક કર્યો. ઘર વેચવા વિશે પૂછવામાં આવતા, મહિલા રડવા લાગી અને આખી વાર્તા કહી. તે ટૂંક સમયમાં ગુરુગ્રામમાં બીજા ઘરમાં શિફ્ટ થવાની યોજના બનાવી રહી છે.

### ડિજિટલ એરેસ્ટ શું છે?

ડિજિટલ અરેસ્ટમાં છેતરપિંડી કરનારાઓ પીડિતને ફોન કરે છે અને કહે છે કે તેનું નામ ડ્રગ્સ હેરફેર, મની લોન્ડરિંગ અને માનવ અંગોની તસ્કરીના કેસમાં સામે આવ્યું છે. છેતરપિંડી કરનારાઓ નકલી અધિકારીઓ તરીકે ઓળખાવે છે અને પીડિતને વીડિયો કોલથી જોડે છે. આ પછી તેઓ કેસનો ઉકેલ આવી જશે એમ કહીને પીડિતાના ખાતામાંથી પૈસા ટ્રાન્સફર કરાવે છે.

## બિહારમાં સંખ્યાથી વધારે મહત્ત્વની સામાજિક અને રાજકીય સ્થિતિ છે

# બિહારમાં મહારાષ્ટ્ર જેવી સ્થિતિ નથી! નીતિશ કુમાર ભાજપ માટે મહત્ત્વપૂર્ણ

(એજન્સી) બિહાર । તા. 15

હરિયાણા, મહારાષ્ટ્ર અને હવે દિલ્હીમાં મોટી જીત હાંસલ કર્યા બાદ ભાજપે બિહારમાં ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. અહીં ભાજપ અને જેડીયુ ગઠબંધનમાં એકસાથે ચૂંટણી લડશે. ભાજપે 2025 ની વિધાનસભા ચૂંટણી માટે નીતિશ કુમારને ગઠબંધનના નેતા માની લીધા છે.એક વરિષ્ઠ નેતાએ સ્પષ્ટ કરી દીધું કે, બિહારમાં નીતિશ કુમારને ફરી મુખ્યમંત્રી બનાવવામાં આવશે. રાજ્યના સામાજિક, જાતિગત અને રાજકીય સમીકરણોને જોતા ભાજપ મજબૂત એનડીએ સાથે ચૂંટણી લડવા ઈચ્છે છે.ભાજપે દિલ્હીમાં બે બેઠક જેડી(યુ) અને લોજપા(રામવિલાસ)ને આપવાની સ્પષ્ટતા કરી દીધી છે. જીત કે હાર જે પણ હોય પરંતુ, ભાજપ બિહારમાં તે પોતાની સહયોગી પાર્ટીને સંપૂર્ણ રીતે સાથે રાખશે. જીતનરામ માંઝી અને ઉપેન્દ્ર કુશવાહાને લઈને ચાલી રહેલી અટકળોને ભાજપના નેતૃત્વએ નકારી દીધી છે અને કહ્યું કે, એનડીએ એકસાથે જ છે.

### સરકારમાં ભાજપની પ્રમુખ ભાગીદારી રહેશે

બિહારમાં ભાજપ વધુ બેઠક પર ચૂંટણી લડશે તેમ છતાં જેડી(યુ) નેતા નીતિશ કુમારને જ મુખ્યમંત્રી બનાવશે, ભલે તેમની પાસે વધારે બેઠક હોય. ભાજપના એક વરિષ્ઠ નેતાનું કહેવું છે કે, બિહારની સ્થિતિ હજુ એવી નથી કે, ભાજપ એકલી લડી શકે. અહીં સ્થિતિ મહારાષ્ટ્રથી અલગ છે. અહીં ભાજપ મોટા ભાઈની ભૂમિકામાં રહેશે.

## મહાકુંભમાં 50 કરોડની પવિત્ર ડૂબકી બાદ વધુ એક રેકોર્ડ

# પ્રયાગરાજ એરપોર્ટ પર 650થી વધુ ચાર્ટર્ડ વિમાન લેન્ડ

(એજન્સી) પ્રયાગરાજ । તા. 15

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં દેશ-વિદેશથી લોકો આસ્થાની ડૂબકી લગાવવા માટે આવી રહ્યાં છે. મહાકુંભે દેશ-દુનિયાના ધનવાન અને સામર્થ્યવાન લોકોનું ધ્યાન પણ આકર્ષિત કર્યું છે. જેથી આ લોકો પોતાના પ્રાઈવેટ જેટ અથવા ચાર્ટર્ડથી મહાકુંભ પહોંચી આ અવિસ્મરણીય પળના સાક્ષી બની રહ્યાં છે. પ્રયાગરાજ એરપોર્ટ પર દરરોજ એટલાં ચાર્ટર્ડ અને પ્રાઈવેટ જેટ આવી રહ્યાં છે કે, એરપોર્ટ પર પણ ભીડ વધવા લાગી છે. ફક્ત ગાડી અને વાહનોની પાર્કિંગમાં મુશ્કેલી નથી ઊભી થઈ રહી પરંતુ, એરપોર્ટ પર આ પ્રાઈવેટ જેટ અને ચાર્ટર્ડ માટે પણ રાહ જોવી પડે છે.

પ્રયાગરાજ એરપોર્ટ પર અત્યાર સુધી 650 થી વધુ ચાર્ટર્ડ પ્લેન થયાં લેન્ડ 11 ફેબ્રુઆરીએ સૌથી વધારે 71 ચાર્ટર્ડ ફ્લાઈટ પ્રયાગરાજ ઉતરી હતી, જે અત્યાર સુધીનો રેકોર્ડ છે. અહીં 8 ફેબ્રુઆરી બાદ પ્રતિદિન 60થી વધારે ચાર્ટર્ડ અને ખાનગી વિમાન લેન્ડ થઈ રહ્યાં છે. અત્યાર સુધી કુલ 650 ચાર્ટર્ડ ફ્લાઈટ અહીં ઉતરી ચુકી છે. સેલિબ્રિટી, વિદેશી રાજકારણ અને ફિલ્મ તેમજ મનોરંજન સાથે જોડાયેલાં હજારો લોક ચાર્ટર્ડથી આવીને મહાકુંભમાં સ્નાન કરી ચુક્યા છે. વળી, અત્યાર સુધી સતત આવા લોકોનું આવવાનું શરૂ છે. ચાર્ટર્ડ સિવાય સ્પાઈસજેટ, ઈન્ડિગો, એર ઈન્ડિયાની રેગ્યુલર ફ્લાઈટ પણ દર અઠવાડિયે લગભગ 300થી વધુ સંખ્યામાં પ્રયાગરાજ એરપોર્ટ પર ઉતરી રહી છે.

એરપોર્ટના અધિકારીઓના જણાવ્યા અનુસાર, એક દિવસમાં જેટલાં લોકો પ્રયાગરાજ એરપોર્ટ પર ઉતરી રહ્યાં છે, તેટલાં પ્રયાગરાજમાં સામાન્ય દિવસોમાં એક મહિનામાં પણ નથી ઉતરતાં. એવામાં આ એક રેકોર્ડ છે. પ્રયાગરાજ હાલ દેશના સૌથી વ્યસ્ત એરપોર્ટમાં સામેલ થઈ ગયું છે. જ્યાં હાલ સૌથી વધારે ચાર્ટર્ડ અને પ્રાઈવેટ પ્લેન પહોંચી રહ્યાં છે. નોંધનીય છે કે, આ પહેલાં શુક્રવારે (14 જાન્યુઆરી) મહાકુંભમાં આસ્થાની ડૂબકી લગાવવા આવનાર લોકોની સંખ્યાં અંદાજિત 50 કરોડ પહોંચી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.



### રાતોરાત ચમકી ખેડૂતની કિસ્મત, ખેતરમાં શરૂ કરેલી ખાણમાં નીકળ્યો 4.24 કેરેટનો હીરો, હવે હરાજી થશે

(એજન્સી) પન્ના । તા. 15

મધ્ય પ્રદેશના પન્નામાં એક ખેડૂતની કિસ્મત રાતોરાત બદલાઈ ગઈ, જ્યારે તેના ખેતરમાં ખોદકામ દરમિયાન અમૂલ્ય હીરો મળ્યો. આ હીરો 4.24 કેરેટનો જણાવવામાં આવી રહ્યો છે, જેની અંદાજિત કિંમત આશરે 20 લાખ રૂપિયા આંકવામાં આવી રહી છે. જ્યાં તેને હરાજી માટે મૂકવામાં આવ્યો છે. પન્ના જિલ્લાને દેશભરમાં હીરાની ધરતી કહેવામાં આવે છે. અહીંની માટે ક્યારે કોઈને રંકમાંથી રાજા બનાવી દે, તે કોઈ નથી જાણતું. આવું જ કંઈક ગહરા ગામના ખેડૂત ઠાકુર પ્રસાદ યાદવ સાથે થયું. તે અનેક વર્ષોથી પોતાના ખેતરમાં હીરાની ખાણ શોધી રહ્યો હતો. સતત મહેનત અને આશા બાદ આખરે તેને 4 કેરેટ 24 સેંટનો ચમકદાર હીરો હાથ લાગ્યો. હીરો મળતા જ ઠાકુર પ્રસાદની ખુશીનો પાર ન રહ્યો અને તેણે આ હીરાને હીરા કાર્યાલયમાં જમા કરાવી દીધો.



## આત્મવિશ્વાસ, સંઘર્ષ અને ભક્તિનું ઉદાહરણ

# 17 દિવસમાં 1100 કિ.મી. દોડી મહાકુંભ પહોંચ્યો 'અગ્નિવીર'

(એજન્સી) સુપૌલ તા. 15

બિહારના સુપૌલ જિલ્લાના પિપરા બ્લોકના રામનગર કૌશલપટ્ટીના રહેવાસી યુવા દોડવીર રૂપેશે તેના સાહસથી કમાલ કરી બતાવી. રૂપેશે 1100 કિલોમીટરનું અંતર દોડીને પૂરું કર્યું. તેમની યાત્રામાં તેમણે સહરસાથી પ્રયાગરાજ સુધીની મુસાફરી કરી. 23 જાન્યુઆરીએ શરૂ થયેલી આ યાત્રા 8 ફેબ્રુઆરીએ સંગમ સ્નાન સાથે પૂરી થઈ હતી. જો કે, તે માત્ર ધાર્મિક યાત્રા ન હતી, પરંતુ આત્મવિશ્વાસ, સંઘર્ષ અને ભક્તિનું ઉદાહરણ બની હતી. રૂપેશ દરરોજ લગભગ 10 કલાક દોડતો હતો. આ સફરમાં તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, પરંતુ રૂપેશે હાર ન માની અને પોતાના મુકામ પર પહોંચીને જ રહ્યો.રસ્તામાં રૂપેશનું પર્સ ચોરાઈ ગયું, લોકોની મદદ લીધી. જ્યારે રૂપેશે મુસાફરી શરૂ કરી ત્યારે રસ્તામાં તેનો મોબાઈલ અને પર્સ ચોરાઈ ગયા હતા, જેના કારણે તેની મુસાફરી મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. આ છતાં, તેણે હાર ન માની અને સ્થાનિક લોકોની મદદથી તેની યાત્રા ચાલુ રાખી. માત્ર 300 રૂપિયાથી શરૂ થયેલી આ સફર તેણે લોકોની મદદ લઈને પૂરી કરી.




### પ્રવાસ વચ્ચે થાકીને મિત્રો પણ સાથ છોડીને ચાલ્યા ગયા

શરૂઆતમાં તેમના બે મિત્રો પણ રૂપેશની સાથે હતા, પરંતુ બખ્તિયારપુર પહોંચતા પહેલા જ તેઓ થાકી ગયા અને પાછા ફર્યા હતા. આ પછી રૂપેશે એકલાએ 1100 કિલોમીટરનું અંતર કાપ્યુ હતુ.

### શરૂઆતમાં લોકોએ રૂપેશની મજાક ઉડાવી હતી

રૂપેશના પિતા રામપ્રવેશ યાદવે જણાવ્યું કે, 'યાત્રાની શરૂઆતમાં લોકોએ તેમના પુત્રની મજાક ઉડાવી હતી. ઘણા લોકો તેને પૈસા કમાવવાનું સાધન પણ માનતા હતા, પરંતુ જ્યારે લોકોએ તેની મજબૂત ઈચ્છાશક્તિ અને સમર્પણ જોયું તો તેમની વિચારસરણી બદલાઈ ગઈ. આજે સમગ્ર વિસ્તારમાં રૂપેશની પ્રશંસા થઈ રહી છે અને અમારો પરિવાર ગર્વની લાગણી અનુભવી રહ્યો છે.'

### અગ્નિવીર તરીકે રૂપેશની થઇ છે પસંદગી

રૂપેશને 2024માં અગ્નિવીર માટે પસંદ કરવામાં આવ્યો છે અને તે બીએનએમયુની ગૈલાધ કૉલેજમાંથી સ્નાતકનો અભ્યાસ કરી રહ્યો છે. તેનું સપનું ભારત માટે મેરેથોનમાં ગોલ્ડ મેડલ જીતવાનું છે. આ માટે તેમણે સરકાર અને સમાજ પાસેથી સહકારની અપીલ કરી છે.

## મુખ્યમંત્રીનું નિવાસસ્થાન વિવાદમાં આવ્યું

# ચૂંટણીમાં હાર બાદ કેજરીવાલ નવી આફતમાં ફસાયા, બંગલા પર એક્શનની તૈયારીમાં CVC

(એજન્સી) દિલ્હી । તા. 15

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના 6 ફ્લેગશિપ રોડ ખાતેના બંગલાનું નિરીક્ષણ કરવામાં આવશે. સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)એ 13cr ફેબ્રુઆરીના રોજ આ આદેશ જારી કર્યો હતો. સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (CPWD)નો રિપોર્ટ બહાર આવ્યા બાદ CVCએ તપાસનો આદેશ આપ્યો. રિપોર્ટમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે 40,000 ચોરસ યાર્ડ (8 એકર)માં ફેલાયેલા આ ભવ્ય હવેલીના નિર્માણમાં ઘણાં નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું.ભાજપ નેતા વિજેન્દ્ર ગુપ્તાએ મુખ્યમંત્રીના નિવાસસ્થાન (6, ફ્લેગ સ્ટાફ રોડ) ના નવીનીકરણ અને આંતરિક સુશોભન પર વધુ પડતા ખર્ચ અંગે સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC) માં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે ફરિયાદમાં મોટા પાયે નાણાકીય ગેરરીતિઓનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે, 'અરવિંદ કેજરીવાલે કરદાતાઓના કરોડો રૂપિયા તેમના નિવાસસ્થાન પર ખર્ચ્યા હતા. લક્ઝરી વસ્તુઓ પરનો આ ખર્ચ તાર્કિક મર્યાદાની બહાર છે અને ભ્રષ્ટાચારની ગંભીર શંકાને જન્મ આપે છે.'અરવિંદ કેજરીવાલનો આ બંગલો, જેને વિપક્ષી પક્ષો દ્વારા શીશમહલ નામ આપવામાં આવ્યું છે, તે ખૂબ જ ચર્ચામાં રહ્યો હતો. કરોડો રૂપિયાના આ બંગલાનું નવીનીકરણ પણ વિવાદમાં છે.

## અનેકની હાલત ગંભીર હોવાથી મૃતકાંક પણ વધી શકે

# મહાકુંભ જતાં 10 શ્રદ્ધાળુઓને કાળ ભરખી ગયો, પ્રયાગરાજમાં બસ-બોલેરો વચ્ચે ભીષણ અકસ્માત

(એજન્સી) પ્રયાગરાજ । તા. 15

મહાકુંભથી આવતા કે જતાં આ વખતે અનેક અકસ્માતના અહેવાલ સામે આવ્યા છે ત્યારે આજે વધુ એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. યુપીના પ્રયાગરાજ એટલે કે જ્યાં મહાકુંભ યોજાયો છે એ જ શહેરમાં ભયંકર માર્ગ અકસ્માત થયો છે જેમાં એક બોલેરો અને બસ વચ્ચે ભીષણ ટક્કરમાં 10 શ્રદ્ધાળુઓના મોત નીપજ્યાં હતા જ્યારે અન્ય 19 લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી રહી છે.

પોલીસે ઘટનાસ્થળની મુલાકાત બાદ માહિતી આપી હતી કે આ દુર્ઘટના પ્રયાગરાજ મિરઝાપુર હાઈવે પર સર્જાઈ હતી. છત્તીસગઢના કોરબાથી શ્રદ્ધાળુઓ સંગમમાં સ્નાન કરવા મહાકુંભ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન જ મોટો અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણકારી મળતાં જ પોલીસ ટીમ ધસી આવી હતી અને ઘાયલોને તાત્કાલિક ધોરણે સ્થાનિક હોસ્પિટલમાં શિફ્ટ કરાયા હતા. અનેકની હાલત ગંભીર હોવાથી મૃતકાંક પણ વધી શકે છે.

પ્રયાગરાજના મેજા વિસ્તારમાં આ ભીષણ અકસ્માત શુક્રવાર-શનિવારની રાતે 2 વાગ્યે સર્જાયો હતો. એક પૂરપાટ જતી બોલેરો અને બસ વચ્ચે ભીષણ ટક્કર થઇ હતી. આ ટક્કરને કારણે જોરદાર ધડાકો થયો હતો અને બોલેરોનો કચ્ચરઘાણ વળી ગયો હતો. તમામ મૃતકોમાં બોલેરોમાં સવાર શ્રદ્ધાળુઓ સામેલ છે.

સ્થાનિકોએ ઘટના બાદ ત્વરિત લોકોને બચાવવા પ્રયાસ હાથ ધર્યા હતા અને પોલીસને જાણ કરી હતી. મૃતકોના શબ કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે અને ઘટનાનું કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### માર્ગ અકસ્માત બાદ લોકોની ભીડ વિફરી, 11 વાહનોમાં આગચંપી કરી

(એજન્સી) સિંગરૌલી । તા. 15

મધ્યપ્રદેશના સિંગરૌલી જિલ્લામાં કોલસા ભરેલા ટ્રકની ટક્કરથી મોટરસાઈકલ પર મુસાફરી કરી રહેલા બે વ્યક્તિઓના મોત બાદ ગુસ્સે ભરાયેલા ટોળાએ સાત બસો અને ચાર હાઈવા (કાર્ગો વાહનો) ને આગ ચાંપી દીધી હતી, જેના લીધે વિસ્તારમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી. મૃતકોની ઓળખ રામલાલ યાદવ અને રામસાગર પ્રજાપતિ તરીકે થઈ છે. આ ઘટના માડા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના અમિલિયા ખીણમાં બની હતી. બંને મૃતકો સ્થાનિક રહેવાસી હતા. અમેલિયા ખીણમાં માર્ગ અકસ્માત બાદ થયેલી અંધાધૂંધીની માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ભીડને શાંત કરીને પરિસ્થિતિને કાબુમાં લીધી હતી.

સિટી
# એક્સપ્રેસ

SUNDAY 16 FEBRUARY-2025

AHMEDABAD


## દહેગામના એસટી ડેપોમાંથી 1 સાથે 5 મોબાઈલની ચોરી

ગાંધીનગર | દહેગામ એસટી ડેપોમાં દિન પ્રતિદિન ખિસ્સાકાતરૂ અને મોબાઈલ ચોરોનો ત્રાસ વધી રહ્યો છે ભીડના કારણે લોકોની નજર ચૂકવી ચોરીના બનાવો અવારનવાર બની રહ્યા છે. બુધવારે એસટી ડેપોમાં મુસાફરી માટે આવેલા પાંચ મુસાફરોના મોબાઈલની ચોરી થતા દહેગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. દહેગામ એસટી ડેપોમાં સવારના સમયે અને સાંજના સમયે વિદ્યાર્થી વર્ગ નોકરિયાત વર્ગ અને ધંધાર્થીઓની અવરજવર મોટાપાય રહે છે. હાલમાં લગ્નસરાની સિઝન હોવાથી દહેગામના એસટી ડેપોમાં ભારે ભીડ જોવા મળે છે જેનો લાભ ખિસ્સાકાતરૂઓ અને મોબાઈલ ચોરો ઉઠાવી રહ્યા છે.



# ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીએ 23મી ગ્લોબલ કેસ્ટર કોન્ફરન્સ-2025નો શુભારંભ કરાવ્યો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે '23મી ગ્લોબલ કેસ્ટર કોન્ફરન્સ-2025'નો શુભારંભ ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. 'કેસ્ટરઃ પાવરીંગ સસ્ટેનેબલ સોલ્યુશન્સ ફોર અ ગ્રીનર ફ્યુચર' થીમ સાથે સોલ્વન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિયેશન(SEA) દ્વારા આયોજિત આ કોન્ફરન્સમાં 15થી વધુ દેશોના 400થી વધુ ડેલિગેટ્સ સહભાગી થયા હતા. આ કોન્ફરન્સમાં મુખ્યમંત્રીના હસ્તે સારી કૃષિ પદ્ધતિઓ દ્વારા એરંડા બીજમાં સતત ઉચ્ચ ઉત્પાદકતા માટે 4 ખેડૂતોને ' વિઠ્ઠલભાઈ જી. ઉદેશી' કેસ્ટર ઈનોવેશન એવોર્ડ તેમજ વર્ષ-2024 માટે સૌથી વધુ કેસ્ટર ઓઈલ નિકાસ, સૌથી વધુ કેસ્ટર ડેરિવેટિવ્સ નિકાસ તથા ભારતમાંથી સૌથી વધુ કેસ્ટર ઓઈલ આયાત કરનાર અન્ય દેશના ઉદ્યોગકારોને એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા હતા.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ આધારિત ઉદ્યોગોને નવી દિશા આપી ગ્રામીણ અર્થતંત્રને સક્ષમ બનાવ્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાનના માર્ગદર્શનમાં ગુજરાતે હંમેશા ઉદ્યોગ અને કૃષિ ક્ષેત્રે નવીનતાઓ અપનાવી છે. તેમના વિઝનરી નેતૃત્વમાં ગુજરાત માત્ર દેશનું આર્થિક ગ્રોથ એન્જિન જ નહિ, પરંતુ ઉદ્યમશીલતાનું પ્રતીક બન્યું છે. તેમણે ગુજરાતને પોલિસી ડ્રિવન સ્ટેટ બનાવ્યું છે. તેના પરિણામે કૃષિ અને ઉદ્યોગ એકસાથે પ્રગતિ કરી રહ્યાં છે.મુખ્યમંત્રીએ રાજ્યના એરંડા ઉત્પાદન સાથે સંકળાયેલા ખેડૂતો અને એરંડા પ્રોસેસિંગ-ઉત્પાદન સાથે સંકળાયેલા ઉદ્યોગોને "રાજ્ય સરકાર હંમેશા તમારી પડખે છે" એમ જણાવી જરૂરી મદદ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ કે, એરંડા જેવા પરંપરાગત કૃષિ પાકો અને ઉત્પાદનોના વેલ્યૂ એડિશન કરવા સાથે સમયને અનુરૂપ નવતર આયામો અપનાવ્યા છે.

## બોપલમાં હિટ એન્ડ રન, વાહનચાલકે ટક્કર મારતાં સિનિયર સિટીઝનનું મોત

અમદાવાદ | શીલજ સર્કલથી બોપલ બ્રિજ તરફ ટુવ્હીલર પર જતા 62 વર્ષીય વૃદ્ધને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતા તેઓ હવામાં ફંગોળાઈ જમીન પર પટકાતા ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા, જેના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. બોપલ પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધ્યો છે. ભાડજના મઢવાસમાં રહેતા દિલીપસિંહ વાઘેલા ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. 13 ફેબ્રુઆરીએ રાતે ટુવ્હીલર પર નોકરીથી ઘરે જતા હતા ત્યારે શીલજ સર્કલથી બોપલ બ્રિજ તરફ જતા પાછળથી આવેલા અજાણ્યા વાહનચાલકે ઓવરસ્પીડમાં ટક્કર મારતા તેઓ હવામાં ફંગોળાઈ જમીન પર પટકાતા માથામાં ગંભીર ઈજા થઈ હતી, જેને કારણે સ્થળ પર જ બેભાન થઈ જતા લોકોએ હોસ્પિટલ મોકલ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.

## ચૂંટણી દરમિયાનના દિવસોનાં RTOના કામ રિશિડ્યુલ કરાયાં

(એજન્સી) અમદાવાદ | તા.15

અમદાવાદ જિલ્લા સહિત રાજ્યભરમાં સ્થાનિક સ્વરાજ સંસ્થાની ચૂંટણીની કામગીરીમાં આરટીઓના 40 કર્મચારીને જોડવામાં આવ્યા છે, જેના કારણે સામાન્ય લોકોના નામ બદલી કરાવવા,




વાહન ટેક્સ ભરવા સહિતના કલેરિકલ લેવલના કામોની ગતિ ધીમી પડી છે. ચૂંટણીની પ્રક્રિયામાં ફરજ બજાવવા માટે વિવિધ સરકારી વિભાગના અધિકારીઓને વધારાની ડ્યૂટી સોંપવામાં આવતી હોય છે, જેના કારણે સરકારી વિભાગના અમુક કામો અટકી જતા લોકોને હેરાનગતિનો સામનો કરવો પડતો હોય છે. અમદાવાદ આરટીઓમાં અરજદારોને અન્ય દિવસોમાં બોલાવી તેઓનાં કામ કરી આપવામાં આવશે. આરટીઓના અધિકારીએ જણાવ્યું કે, ચૂંટણી પ્રક્રિયામાં ફરજ બજાવવા માટેનો ઓર્ડર સરકાર કરે છે, જેના માટે આરટીઓ ખાતામાંથી ત્રણથી ચાર ઈન્સ્પેક્ટરોની ટીમ અને અન્ય 40 કર્મચારીને ચૂંટણીની કામગીરી સોંપવામાં આવી છે. જોકે આ સમયગાળામાં જેટલા અરજદારો કામથી આવતા હોય છે તેમની અરજીના આધારે અપોઈન્ટમેન્ટ રિશિડ્યુલ કરી આપવામાં આવી છે.

## વિરોચનનગર ક્રોસિંગ પર ટુ- લેનનો ઓવરબ્રિજ બનાવવામાં આવશે

અમદાવાદ | અમદાવાદ-વિરમગામ સેક્શન પર લોકોએ ક્રોસિંગ પર રાહ ન જોવી પડે તે માટે વિરોચનનગર તેમજ ખોડાકડી એપ્રોચ ક્રોસિંગ પર 50-50 કરોડના ખર્ચે બે લેનના ઓવરબ્રિજ બનાવાશે. રેલવેના ગતિ શક્તિ યુનિટે આ કામ શરૂ કરી દીધું છે. સરકારે રેલવે લાઈન પર થતા અકસ્માત ઘટાડવા અને લોકોની અવરજવર સરળ બનાવવા તમામ ક્રોસિંગ બંધ કરી ત્યાં ઓવરબ્રિજ કે અંડરબ્રિજ બનાવવાની યોજના અમલમાં મુકી છે. જેના ભાગરૂપે અમદાવાદ ડિવિઝને તબક્કાવાર તમામ ક્રોસિંગ બંધ કરી બ્રિજ બનાવવાની યોજના ઘડી છે. અમદાવાદ-વિરમગામ સેક્શનમાં વિરોચનનગર એપ્રોચ ક્રોસિંગ પર વાયડક્ટ અને આરસી દિવાલ સાથે ઓવરબ્રિજ બનાવવામાં આવશે. ટ્રેકની ઉપર બે સ્ટીલ ગર્ડર મુકી આ કામ કરવામાં આવશે. બે લેનનો ઓવરબ્રિજ 18 મહિનામાં તૈયાર થઈ જશે. એ જ રીતે એલસી ગેટ નં.29 ખોડા કડી એપ્રોચ ક્રોસિંગ પર પણ ઓવરબ્રિજ બનશે. અહીં પણ ટ્રેકની ઉપર બે સ્ટીલ ગર્ડર મુકાશે. આ પ્રોજેક્ટ પણ દોઢ વર્ષમાં પુરો કરવામાં આવશે. આ સેક્શનમાં અન્ય ક્રોસિંગ બંધ કરી ઓવરબ્રિજ કે અંડરબ્રિજ બનાવવાની કામગીરી થોડા સમયમાં શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે.

## સગીરાને લગ્નની લાલચ આપી બે વાર દુષ્કર્મ કર્યું, ગર્ભવતી થતાં ભાંડો ફૂટ્યો

(એજન્સી) અમદાવાદ | તા.15

નવા વાડજ વિસ્તારમાં રહેતી 15 વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી યુવકે બે વાર દુષ્કર્મ ગુજાર્યું હતું. થોડા સમય બાદ સગીરાને પેટમાં દુખાવો થતાં દવાખાને લઈ જવામાં આવી હતી ત્યારે તે ગર્ભવતી હોવાનું સામે આવતા મામલો બહાર આવ્યા બાદ સગીરાના પિતાએ વાડજ પોલીસ સ્ટેશનમાં યુવક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે. મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ નવા વાડજ વિસ્તારમાં રહેતી 15 વર્ષીય સગીરાને સાતેક મહિના પહેલાં સુમિત દંતાણી સાથે મિત્રતા થઈ હતી. ત્યાર બાદ સુમિત તેને લગ્ન કરવાની લાલચ આપી હરવાફરવા લઈ જતો હતો. થોડા સમય પહેલાં સુમિતે સગીરાને ચાણક્યપુરી તળાવ પાસે લઈ જઈ લગ્નની લાલચ આપી તેણી સાથે દુષ્કર્મ ગુજાર્યું હતું. ત્યાર બાદ ફરી એક વાર લગ્નની લાલચ આપી સુમિતે તેની સાથે દુષ્કર્મ ગુજારી, આ વાતની જાણ કોઈને કરતી નહીં આપણે લગ્ન કરી લઈશું તેમ કહ્યું હતું. ત્યાર બાદ સગીરાને પેટમાં દુખાવો થતાં પરિવાર તેને હોસ્પિટલ લઈ ગયો હતો.


એડવેટોરીયલ




"તીર્થયાત્રીઓની મુસાફરીની સુવિધા આપવાની અમારી જવાબદારી છે. આ હાંસલ કરવા માટે રેલ્વે સાથે એકીકૃત સંકલન જાળવવું આવશ્યક છે જેથી સતત ટ્રેન સંચાલન સુનિશ્ચિત થાય. ભીડને સમાવવા માટે પરિવહન નિગમ તરફથી વધારાની બસો તૈનાત કરવામાં આવે છે. કૃપા કરીને તમારી નજીકના ઘાટ પર પવિત્ર સ્નાન કરો અને સંગમ નાક તરફ જવાનું ટાળો. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તમામ સૂચનાઓનું પાલન કરો અને વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવેલ તમામ સૂચનાઓનું પાલન કરો."

-યોગી આદિત્યનાથ
મુખ્યમંત્રી, ઉત્તરપ્રદેશ

## 51+ કરોડ શ્રદ્ધાળુઓએ 15.02.2025 સુધી પવિત્ર સ્નાન કર્યું

**મહાકુંભમાં શ્રદ્ધાળુઓની સુરક્ષા એ રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને તે અપનાવે છે. ભક્તો અને પ્રવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે બહુપક્ષીય અભિગમ. ટ્રાફિક મેનેજમેન્ટથી લઈને સુરક્ષા વધારવા સુધીના ભવ્ય આધ્યાત્મિક મેળાવડાના દરેક પાસાઓ પર "માનવતાના સૌથી મોટા મંડળમાં હાજર રહેલા તમામ લોકોનું કાળજીપૂર્વક નિરીક્ષણ કરવામાં આવે છે. આ વ્યાપક પહેલો સાથે મહાકુંભ 2025 માત્ર એક મહત્વપૂર્ણ ધાર્મિક મેળાવડો જ નહીં પરંતુ આધ્યાત્મિકતા, સંસ્કૃતિ અને આધુનિક સલામતી, વૈશ્વિક ઉજવણીની પણ ઈચ્છા ધરાવે છે.**

"મહાકુંભનો આ તહેવાર વિવિધતામાં એકતાની ઉજવણી કરે છે. સમગ્ર ભારત અને વિશ્વના લોકો સંગમની રેતી પર એકઠા થાય છે. હજારો વર્ષોથી ચાલી આવતી આ પરંપરામાં ક્યાંય પણ ભેદભાવ કે જાતિવાદ નથી. દરેક વ્યક્તિ સંગમમાં ડૂબકી મારે છે અને સાથે મળીને પ્રસાદ લે છે. એટલા માટે કુંભ એ એકતાનો મહાકુંભ છે."

- નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રી

### યાત્રાળુઓની સુરક્ષા માટે વધારાના સુરક્ષા પગલાં



- **સાત સ્તરીય સુરક્ષા માળખું :** અલ-સંચાલિત સર્વેલન્સ, ઈન્ટેલિજન્સ સ્ક્વોડ્સ અને ડ્રોન મોનિટરિંગ સહિતની ઉચ્ચ સંગઠિત સુરક્ષા સિસ્ટમ, સલામત વાતાવરણની ખાતરી કરે છે.
- **ઉન્નત ભીડ વ્યવસ્થાપન:** ભીડને અંકુશમાં લેવા માટે વધારાના સુરક્ષા કર્મચારીઓ, એક માર્ગીય માર્ગો અને વ્યૂહાત્મક ડાયવર્ઝન સાથે ઊંચા લોકો સાથેના મુખ્ય વિસ્તારોને વધુ મજબૂત બનાવવામાં આવ્યા છે.
- **કડક ચેકપોઇન્ટ્સ :** મેળાના મેદાનમાં પ્રવેશવાના દરેક પોઇન્ટને અર્ધલશ્કરી દળો, બેરિકેડ્સ અને મુલાકાતીઓની તપાસ દ્વારા સુરક્ષિત કરવામાં આવે છે.
- **નદીની સલામતી:** 3800 વોટર પોલીસ કર્મચારીઓ, રિમોટ કંટ્રોલ લાઈફ બોય અને પાણીની અંદરના ડ્રોનની તૈનાતથી સંગમ અને અન્ય સ્નાન ઘાટ પર સુરક્ષા મજબૂત થઈ છે.

### હોલ્ડિંગ (રહેણાંક) વિસ્તારો અને જાહેર સુવિધાઓ

- ભક્તો માટે સંગમ સુધી પહોંચવા અને હોળી ડૂબકી માર્યા પછી પાછા ફરવા માટે અલગ-અલગ માર્ગો.
- વાજબી ઝોનમાં ભીડના દબાણને નિયંત્રિત કરવા માટે બોર્ડર હોલ્ડિંગ એરિયા સેટઅપ.
- 200 + વોટર એટીએમ - દરરોજ 12000 થી 15000 લિટર પીવાના પાણીની સપ્લાય કરે છે.
- પ્રયાગરાજ સ્ટેશન પર ભીડને રોકવા માટે વધુ મેળા સ્પેશિયલ ટ્રેનોની જમાવટ.
- પરત ફરતા યાત્રાળુઓનું સંચાલન કરવા માટે વધારાની બસો અને રહેણાંક વિસ્તારો.
- પ્રયાગરાજના મુખ્ય પ્રવેશ અને બહાર નીકળવાના માર્ગો પર પેટ્રોલિંગ અને ટ્રાફિક નિયંત્રણ વધારવામાં આવ્યું છે.




### સુરક્ષા માટે આગોતરા પગલાં



- ઉત્તર પ્રદેશના અગ્નિશમન અને કટોકટી સેવા વિભાગે આગની ઘટનાઓને રોકવા અને તેને સંબોધવા માટે મેળા વિસ્તારમાં 04 આર્ટીક્યુલેટીંગ વોટર ટાવર (AWTs) તૈનાત કર્યા છે.
- મહાકુંભ મેળાના વિસ્તારમાં 351 થી વધુ ફાયર ફાઇટિંગ વાહનો તૈનાત છે.
- 2000 થી વધુ કર્મચારીઓ, 50+ ફાયર સ્ટેશન અને 20 ફાયર પોસ્ટ મહાકુંભ માટે તૈનાત છે.
- ઉપસ્થિતોની સલામતી સુનિશ્ચિત કરવા માટે 50000 થી વધુ પોલીસ કર્મચારીઓ સ્વયં સ્ટેશન.
- 57 કાયમી અને 13 હંગામી પોલીસ સ્ટેશનો સાથે 23 ચોકીઓ.
- 24/7 નદીની દેખરેખ માટે સુરક્ષા દળોથી સજ્જ 700 બોટ.




### અવિરત ટ્રાફિક પ્રવાહ અને યાત્રાળુઓનું સુરક્ષિત પરત

- પ્રયાગરાજ અને તેની આસપાસના વિસ્તારમાં સુચારૂ ટ્રાફિકની અવરજવર સુનિશ્ચિત કરવા સત્તાવાળાઓ.
- વધારાની મેળા સ્પેશિયલ ટ્રેનો પરિવહન નિગમની બસોમાં મુશ્કેલી મુક્ત મુસાફરી માટે તૈનાત કરવામાં આવી છે.
- ભીડ અટકાવવા તમામ મુખ્ય માર્ગો પર પેટ્રોલિંગ વધારવું.



- **26 શહેરો સીધા એરકનેક્ટેડ છે.**
- **7000 + નવી બસો અને 550 શટલ બસો.**
- **3300 થી વધુ વિશેષ ટ્રેનો સાથે 13000+ ટ્રેનો.**
- **1850 હેક્ટર પાર્કિંગ વિસ્તાર.**
- **1.60 લાખ ટેન્ટ.**
- **ભીડના પ્રવાહને નિયંત્રિત કરવા માટે 88 હોલ્ડિંગ વિસ્તારો.**
- **1.5 લાખથી વધુ શૌચાલય સ્થાપિત કર્યા.**





### ઉન્નત ભીડ અને સુરક્ષા વ્યવસ્થાપન

- અયોધ્યા, વારાણસી, મિર્ઝાપુર અને ચિત્રકૂટમાં સત્તાવાળાઓએ સુરક્ષા મજબૂત કરવા સૂચના આપી છે.
- 12 ફેબ્રુઆરી સુધી કામગીરીની દેખરેખ માટે 07 વિશેષ અધિકારીઓને સોંપવામાં આવ્યા છે.

### ટ્રાફિક અને રોડ મેનેજમેન્ટ

- યાત્રાળુઓની પ્રાથમિકતા માટે મુખ્ય સ્નાનના દિવસોમાં VIP ચળવળ પ્રતિબંધિત છે.
- વ્યવસ્થા જાળવવા માટે વન-વે ટ્રાફિક રૂટનો કડક અમલ.
- રોડ બ્લોક્સને રોકવા માટે શેરી વિક્રેતાઓનું સ્થળાંતર.
- યાત્રાળુઓને માર્ગદર્શન આપવા માટે બેરિકેડિંગ અને સંકેતોનો વ્યાપક ઉપયોગ.

### આગામી પવિત્ર ડૂબકીના દિવસો

**26મી ફેબ્રુઆરી 2025, મહાશિવરાત્રી**

### મહાકુંભ નગરમાં સુપર સ્પેશિયાલિટી હેલ્થ કેર

- **1000 થી વધુ તબીબી કર્મચારીઓ તૈનાત.**
- **50થી વધુ હોસ્પિટલ, મહાકુંભ નગરની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં તૈનાત 380 થી વધુ ડોકટરો સાથે સ્ટાફ.**
- **નાના ઓપરેશનથી લઈને મોટી સર્જરીઓ માટે હાઈ ટેક વ્યવસ્થા.**
- **2 લાખથી વધુ દર્દીઓએ ઓપીડી સેવાઓનો લાભ લીધો છે.**
- **મહાકુંભ નગરમાં 2.5 લાખથી વધુ પેથોલોજી ટેસ્ટ કરવામાં આવ્યા.**




- 6000 પથારી, 125 એમ્બ્યુલન્સ, 7 નદી એમ્બ્યુલન્સ અને 01 એર એમ્બ્યુલન્સ સાથે 24×7 ઉચ્ચ તકનીકી આરોગ્ય સુવિધાઓ.
- વૃદ્ધ યાત્રાળુઓ અને બાળકો માટે સમર્પિત આરોગ્ય શિબિરો ગતિશીલતા સહાય, હાઇડ્રેશન સપોર્ટ અને કટોકટીની સંભાળ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- ઈવેન્ટ તરફ દોરી જતા માર્ગો પર સ્થિત 12 CHS-PHC સેવાની ગુણવત્તા સુધારવા માટે અદ્યતન ટેકનોલોજીથી સજ્જ હશે.
- 100 બેડની સેન્ટ્રલ હોસ્પિટલ અને 10 વધારાની હોસ્પિટલો જેમાં ઝુંસી અને એરેલનો સમાવેશ થાય છે તે ભક્તો અને સંતો માટે વ્યાપક આરોગ્ય સંભાળ પૂરી પાડે છે.
- "ભીષ્મ ક્યુબ્સ" એક સાથે 200 લોકોની સારવાર કરે છે અને સેન્ટ્રલ હોસ્પિટલમાં 10 બેડનું સઘન સંભાળ એકમ (ICU) કાર્યરત છે.
- ટેલી દવાઓની સેવાઓ દૂરસ્થ પરામર્શ પ્રદાન કરે છે અને તબીબી શિબિરો અને હોસ્પિટલોમાં ભીડ અટકાવે છે.
- એનજીઓ, આરોગ્ય સંસ્થાઓ અને ખાનગી તબીબી કંપનીઓ સાથે સહયોગ વધારાની તબીબી સહાયની ખાતરી કરે છે.